પ્રકાશક :
ખીમચંદ ચાંપશી શાહ
પ્રમુખ
શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર

*



*

મૂલ્ય રૂપિયા બે

*

સં. ૨૦૨૭ – ઈ. સ. ૧૯૭૧

*

પ્રથમ આવૃત્તિ
પ્રત : ૧૨૫૦

*

મુદ્રક :
શ્રી જગદીશચંદ્ર અંબાલાલ પટેલ,
એન. એમ. પ્રિન્ટીંગ પ્રેસ,
દરિયાપુર, [illegible], અમદાવાદ-૧.

"The truly wise and good man sees good in all, evil in none. He has abandoned the folly of wanting others to think and act as he thinks and acts, for he sees that men are variously constituted, are at different points in their spiritual evolution, and must, of necessity, think and act differently. Having put away hatred, condemnation, egotism, and prejudice he has become enlightened, and sees that purity, love, compassion, gentleness, patience, humility, and unselfishness are manifestations of light and knowledge, while impurity, hatred, cruelty, passion, anger, pride, and selfishness are manifestations of darkness and ignorance, and that whether men are living in light or darkness they are one and all doing that which they think is necessary, are acting in accordance with their own measure of light or darkness. The wise man understands, and understanding, he ceases from all bitterness and accusation."

James Allen.

# વિષયાનુક્રમ





સાવરકુંડલા નિવાસી

## સંઘવી વીરજીભાઈ ગોપાલજી



જન્મ : સાવરકુંડલા
સંવત : ૧૯૩૯

દેહોત્સર્ગ
સાવરકુંડલા
સં. ૨૦૨૫

# સાવરકુંડલા નિવાસી
# ધર્મનિષ્ઠ સંઘવી વીરજીભાઈ ગોપાલજીનું
# સંક્ષિપ્ત જીવનવૃત્તાંત

સદ્‌ગત શ્રી. વીરજી ગોપાલજી સંઘવીની જન્મતિથિનો ચોક્કસ દિવસ તો માલુમ નથી. પરંતુ તેઓ ૮૬ વર્ષની ઉંમરે ઈ સ. ૧૯૬૯ માં સ્વર્ગવાસ પામ્યા એટલે તેમનો જન્મ ઈ. સ. ૧૮૮૩ની સાલમાં થયો હતો એમ કહી શકાય. તેમના પિતાનું નામ સંઘવી ગોપાલજી હંસરાજ. શ્રી ગોપાલજી સંઘવીને પાંચ પુત્રો અને ચાર પુત્રીઓ હતી. તેમના પુત્રો શ્રી. રામચંદભાઈ, શ્રી. વીરજીભાઈ, શ્રી. હરજીવનભાઈ, શ્રી. મણિભાઈ અને શ્રી હલીચંદભાઈ. ચાર પુત્રીઓમાં સૌથી મોટાં કસ્તુરબહેન જેઓ આજે પણ લગભગ ૯૦ વર્ષની વયે તન્દુરસ્ત જીવન જીવે છે તેમનાથી નાનાં જડીબહેન અને અજવાળી-બહેન પણ હયાત છે જ્યારે સંતોકબહેન સ્વર્ગવાસ પામ્યાં છે. આ રીતે શ્રી. ગોપાલજી સંઘવીનું બહોળું કુટુમ્બ હતું. પાંચેય પુત્રોમાં આજે સૌથી નાના પુત્ર શ્રી. હલીચંદભાઈ હયાત છે ત્યારે અન્ય સૌ ભાઈઓ સ્વર્ગવાસ પામ્યા છે. સૌ ભાઈ–બહેનોને ત્યાં વિશાળ કુટુંબ પરિવાર છે.

શ્રી. વીરજી સંઘવીનાં માતાનું નામ શ્રી. જમકુબહેન. શ્રી. જમકુમા અત્યંત દયાળુ, વ્યવહારકુશળ, ભારે પ્રતાપી અને જાજર-માન નારીરત્ન હતાં. નિમિત્ત અને શુકનશાસ્ત્રનું તેઓ સરસ જ્ઞાન ધરાવતાં અને તેમનું વિશાળ કુટુમ્બ આજે જે જાહોજલાલી ભોગવી રહ્યું છે. તે બધું જમકુમાનાં પુણ્ય પ્રતાપને આભારી છે એમ તેમનો સઘળો પરિવાર આજે પણ માને છે. **अतिथिदेवो भव** એ એમનું જીવનસૂત્ર હતું. કોઈ પણ અતિથિ એમને ત્યાં જાય એટલે ભાવપૂર્વક તેમનો સત્કાર થતો. સાધુ કે સાધ્વી જ્યારે પણ ગામમાં હોય ત્યારે જમકુમા તેમની અપૂર્વ વૈયાવચ્ચ કરતાં.

અતિથિસત્કારના આ મહાન ગુણનો પૂરેપૂરો વારસો શ્રી. વીરજી બાપાને પણ પ્રાપ્ત થયો હતો. ટૂંકામાં કોઈ પણ આવક જને

તેને ત્યાં અતિથિ બનીને જાય પણ શ્રી. વીરજીબાપા તેમનો આતિથ્ય-સત્કાર કર્યા વિના ન રહે. અતિથિસંવિભાગ એ શ્રાવકોનાં બાર વ્રતો પૈકીનું એક મુખ્ય વ્રત છે અને તેનું માહાત્મ્ય પણ સવિશેષ છે. સાચો શ્રાવક સ્વધર્મીનો સંવિભાગ કર્યા પછી જ આહાર લઈ શકે, અને આ નિયમનું પાલન શ્રી. વીરજી બાપાને ત્યાં જ્યારે જ્યારે કુંડલા જવાનું બનતું ત્યારે થતું જોવામાં આવતું હતું. જ્યારે જુઓ ત્યારે કોઈ ને કોઈ મહેમાન તેમને ત્યાં હોય જ. આ રીતે શ્રી. વીરજી બાપાનું કુંડલાનું નિવાસસ્થાન એક પ્રકારનું સાધર્મિક–અતિથિ-ગૃહ જેવું જ હતું.

ઈ. સ. ૧૯૪૭માં તેઓ તેમના ધંધાના કાર્ય અંગે અમરેલીમાં ધ્રુવ દલીચંદ હેમચંદને ત્યાં પધાર્યા હતા, ત્યારે મને તેઓશ્રીનો સૌથી પ્રથમ પરિચય થયો. શ્રીમદ્ આનંદઘનજી, શ્રીમદ્ દેવચંદ્રજી અને શ્રીમદ્ યશોવિજયજીનાં કેટલાંયે સ્તવનો તેમને કંઠસ્થ હતાં. એ વખતે, એમની પાંસઠ વર્ષની ઉંમરે આ સ્તવનોનો ગૂઢાર્થ અને રહસ્ય સમજાવવાની તેમની શૈલી જોઈ હું ભારે પ્રભાવિત બન્યો. તે પછી તો મારો તેમની સાથેનો પરિચય વધ્યો અને તેમના મોટા પુત્ર શ્રી. કપુરચંદભાઈની પુત્રીનું લગ્ન મારા મોટા પુત્ર સાથે થતાં અમે વેવાઈ સંબંધે જોડાયા, અને વધુ નિકટમાં આવવાનું શક્ય બન્યું.

ઈ. સ. ૧૯૫૦ ના ઑક્ટોબર માસમાં મારી બંને નાની પુત્રીઓ સાથે શ્રી. વીરજીબાપાના સંગાથમાં આપણા પૂર્વના મહાન તીર્થો સમેતશિખરજી, પાવાપુરી વગેરે તીર્થોની જાત્રાએ જવાનું બન્યું. અમારા યાત્રાસંઘમાં હું, મારી બંને પુત્રીઓ, શ્રી. વીરજીબાપા અને તેમનો એક માણસ મોહનલાલ હતા. આ જાત્રા નિમિત્તે લગભગ એક માસ સુધી શ્રી. વીરજીબાપા સાથે રહેવાનું બન્યું અને તે વખતે તેમના જીવન વિષે વિશેષ જાણવા મળ્યું.

શ્રી. વીરજીબાપાને વ્યવહારિક શિક્ષણ તો નહિવત્ હતું પણ ભણતર કરતાં તેમનું ગણતર અનેકગણું હતું. નાની ઉંમરે જ તેમનાં લગ્ન આંબાનિવાસી શાહ હરિચંદ જસરાજનાં પુત્રી શ્રી. ઝીણીબહેન સાથે થયાં હતાં. કુટુંબ મોટું એટલે કૌટુમ્બિક વ્યવહાર પણ મોટો.

ધંધાદારી જવાબદારીને બદલે કૌટુમ્બિક વ્યવહારની મોટી જવાબદારી શ્રી. વીરજીબાપા પર રહેતી. બહોળા સગાસંબંધી સમુદાયના લગ્ન પ્રસંગે હાજરી આપવી, બહેનો, દીકરીઓના સાસરે સારેમાઠે પ્રસંગે જવું તેમજ કૌટુમ્બિક સબંધોના વેશવાળ, લગ્ન વગેરે કાર્યોની વ્યવસ્થા કરવાની જવાબદારી પણ અત્યંત કુશળતાપૂર્વક તેઓ સંભાળતા. જ્ઞાતિમાં મરણ થાય ત્યારે સ્મશાને જવું, સાદડીમાં જવું, ખરખરા નિમિત્તે બહાર ગામ જવું, લગ્ન વગેરે પ્રસંગમાં હાજરી આપવી વગેરે જવાબદારી પણ હતી, એટલે યુવાવસ્થા થતાં સુધી ધંધામાં શ્રી. વીરજીબાપાનું લક્ષ અને ધ્યાન બહુ ઓછું હતું.

તેમની જીભમાં અમૃત હતું અને વળી વ્યાવહારિક કાર્યોમાં અત્યંત નિપુણ અને નિષ્ણાત. માણસની કસોટી કરી પરખી લેવાની તેમનામાં અપૂર્વ શક્તિ હતી, કારણકે બાલ્યાવસ્થામાં અનેક ગામોની મુસાફરી કરી હતી અને ભિન્નભિન્ન પ્રકૃતિ ધરાવતી અનેક વ્યક્તિઓના પરિચયમાં પણ આવ્યા હતા. મોટા થયા પછી પેઢીની ઉઘરાણી પતાવવાનું કાર્ય પણ તેમના શિરે આવ્યું. સામા માણસને વાતચીતમાં આનંદ પમાડવાની તેમનામાં અજબ શક્તિ હતી એટલે ધંધાદારી કુનેહથી પોતાનું કાર્ય વિના તકલીફે સાધી લેતા. સામા માણસનો પ્રેમ જીતી લઈ પોતાનું ધાર્યું કામ કરાવી લેવાની ભારે આવડત અને તેથી જ બહારગામની ઉઘરાણી વસૂલ કરવાનું કામ પણ તેમના જ ફાળે આવેલું.

સં. ૧૯૭૫ની આસપાસ શ્રી. ગોપાલજી સંઘવીએ પોતાના પાંચેય પુત્રો વચ્ચે ભાગિયારો વહેંચી આપ્યો. ન્યાયના કોઈ અટપટા કેસમાં સાચા નિર્ણય પર આવવાનું કામ એક બાહોશ ન્યાયાધીશ માટે પણ જેમ મુશ્કેલ હોય છે, તેમ કુટુંબના વડીલ માટે સંતાનો વચ્ચે ભાગિયારો વહેંચવાનું કામ પણ મુશ્કેલ હોય છે. કૌટુમ્બિક સંપત્તિનું પ્રમાણ જેટલા અંશે વધે, તેટલા અંશે આ કાર્યની કઠિનતા પણ વધારે. મહાભારતનું યુદ્ધ પણ સંપત્તિની વહેંચણીના કારણે જ થયું હતું ને! તેથી જ કોઈ વિદ્વાને સાચું જ કહી દીધું છે કે—The greatest humbug in the world is the idea that

money can make a man happy અર્થાત્ પૈસો માણસને સુખી કરી શકે છે, એ માન્યતા દુનિયામાં મોટામાં મોટી ભ્રમણા જ છે. શ્રી. વીરજીબાપાના શબ્દોમાં કહું તો, મજિયારાની વહેંચણીમાં ભૌતિક દૃષ્ટિએ તેમને શું પ્રાપ્ત થયું એ વાત બાજુએ રાખી આધ્યાત્મિક દૃષ્ટિએ તેમને મોટામાં મોટો જે હિસ્સો પ્રાપ્ત થયો તે પિતાના શુભ આશીર્વાદ. શ્રી. વીરજીબાપાના સુપુત્રોને આ વાતની ખબર હશે કે કદાચ નહિ પણ હોય, પરંતુ આજે તેઓ જે રિદ્ધિસિદ્ધિ ભોગવી રહ્યા છે, તે તેમના પિતામહે તેમના પિતાને આપેલા આવા શુભ આશીર્વાદના કારણે જ છે. કારણ વિના કોઈ કાર્ય નિપજતું નથી. સંતાનો માટે માતા અને પિતા એ જીવન્ત તીર્થંકર રૂપ જ છે અને માતાપિતાની સેવા કરી તેમને સંતોષ આપનાર સંતાનો આ જગતમાં કદી પણ દુઃખી થતાં જ નથી. મજિયારાની વહેંચણી બાદ થોડા થોડા સમયને આંતરે પ્રથમ શ્રી. જમકુમા અને પછી શ્રી. ગોપાલજીદાદા સ્વર્ગવાસ પામ્યા અને શ્રી. વીરજીબાપાએ બહુ નાના પાયા પર દેશી કાપડના વણાટકામનું કાર્ય શરૂ કર્યું. એક નાનકડી દુકાન ભાડે લઈ સંઘવી વીરજીભાઈ ગોપાલજીનાં નામે સ્વતંત્ર ધંધાની શરૂઆત કરી.

શરૂઆતનાં વરસોમાં અનેક મુશ્કેલીઓ ભોગવવી પડી અને ગરીબાઈ પણ વેઠવી પડેલી. પંદર વરસો સુધી તેમણે ગીર (ઉના જુનાગઢની આસપાસના ગામડાઓ) ખેડી હતી અને એ વિભાગના ગામડાઓમાં ધંધા અર્થે તેમને અવારનવાર જવું પડતું. તેઓ એક ઉત્તમ કોટિના ઘોડેસવાર હતા. એ જમાનામાં મુસાફરી માટે બસ કે એવાં અન્ય સાધનો ન હતાં. એ સમયે વેઠેલી ગરીબાઈનું તેમના એક પુત્રે ધ્યાન આપતાં મને કહેલું કે એક વખત હરિકેન ફાનસનો પોટો ફૂટી ગયો અને તાત્કાલિક નવો પોટો લઈ આવવાની અશક્યતાના કારણે ઘરમાં આખી રાત સૌએ અંધારામાં જ વીતાવવી પડી હતી. શ્રેષ્ઠ માણસનું ઘડતર ધનની રેલમછેલ વચ્ચે નહીં પણ ગરીબાઈમાં જ થાય છે, એ વાત શ્રી. વીરજીબાપાના જીવન પરથી સમજાય છે.

શ્રી. વીરજીબાપાએ વણાટકામની સાથોસાથ ઉનનું કામ પણ શરૂ કર્યું. પછી તો સારાયે સૌરાષ્ટ્ર, ગુજરાત અને કચ્છ વિભાગમાં પણ નાના પાયા પર શરૂ થયેલી દુકાન, સંઘવી વીરજી ગોપાલજી ધ્રાંગધ્રાવાળાના નામથી એક મશહૂર પેઢી બની ગઈ. હવે આજે એ જ પેઢી સંઘવી વિનયચંદ વીરજીભાઈના નામે કુંડલામાં ધમધોકાર ચાલે છે.

શ્રી. વીરજીબાપાને પાંચ પુત્રો. શ્રી. કપુરચંદ, શ્રી જયંતિલાલ, શ્રી. જગુભાઈ, શ્રી. મનુભાઈ અને શ્રી. વિનયચંદ. પછી તો પુત્રો ઉંમરલાયક થતાં તેઓએ પણ અમદાવાદ, સુરત અને મુંબઈમાં મોટા પાયા પર ધંધાની જમાવટ કરી. હવે તો સૌ ભાઈઓ પોતપોતાનો સ્વતંત્ર ધંધો કરે છે અને પિતા તરફથી પ્રાપ્ત થયેલા સંસ્કાર અને ધર્મના વારસા સાથે ધનના વારસાને પણ અનેકગણો ગુણિત કર્યો છે. શ્રી. કપુરચંદભાઈ મુંબઈમાં, શ્રી. મનુભાઈ સુરતમાં, શ્રી. જયંતિલાલ અને જગુભાઈ અમદાવાદમાં અને શ્રી. વિનયચંદ કુંડલામાં. પોતપોતાનો સ્વતંત્ર ધંધો કરે છે. શ્રી. વીરજીબાપાને એક જ પુત્રી અને તે બધા સંતાનોમાં સૌથી મોટાં. તેમનાં પુત્રી શ્રી. કમળા બહેનનાં લગ્ન સં. ૧૯૮૦ માં શિહોરવાળા શ્રી. ત્રિભોવનદાસ કેશવજી સાથે કર્યાં હતાં. શ્રી. ત્રિભોવનદાસભાઈ, શ્રી વીરજીબાપાની છેલ્લી માંદગી દરમિયાન સ્વર્ગવાસ પામ્યા. શ્રી. વીરજીબાપાના સમગ્ર જીવનમાં તેમના તમામ પુત્રો–પુત્રવધૂઓ અખંડ હતાં. માત્ર આ એક જ દુઃખદ બનાવ તેમને જોવો પડ્યો અને તેનો આઘાત પણ તેમને મોટા પ્રમાણમાં થયો.

શ્રી. વીરજીબાપાએ ઈ. સ. ૧૯૩૦ માં આજીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. શ્રી. સુયગડાંગ સૂત્રમાં કહ્યું છે કે **तवेसु वा उत्तम बंभचेरं** અર્થાત્ તપમાં સર્વશ્રેષ્ઠ તપ બ્રહ્મચર્ય છે. સમેતશિખરજીની તીર્થયાત્રા વખતે મેં તેમને સ્વાભાવિક રીતે જ પૂછ્યું કે વનપ્રવેશના (એકાવનમું વર્ષ વનપ્રવેશનું વર્ષ કહેવાય છે) સમય પહેલાં બ્રહ્મચર્ય લેવું તે શું નિમિત્ત મળ્યું કે જેથી આવું મહાન તપ સ્વીકાર્યું? એ વ્રતની પાછળના ઇતિહાસની વાત કરતાં તેમણે

કહ્યું કે : કપુરચંદનાં માતુશ્રી ( શ્રી. ઝણુબેન ) ને ઇ.સ.૧૯૨૦ની સાલમાં bleeding (લોહીવા) નું દર્દ થયું અને એ વખતે એ દર્દની સારવારનાં અદ્યતન સાધનો ન હતાં. દર્દના કારણે શરીરમાંથી લોહી ઊડી ગયું અને દર્દીનું જીવન ભયમાં મૂકાઈ ગયું. તે વખતે શ્રી. વીરજીબાપાએ મનમાં સંકલ્પ કર્યો કે ઝણુબહેન જો દર્દમુક્ત થશે તો આજીવન બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કરશે. તેના સંકલ્પના કારણે અગર તો ભવિતવ્યતાના કારણે એ વખતે તેમનો એક આડતિયો તેમને ત્યાં જઈ પહોંચ્યો અને લોહીવા માટેની સાદી આયુર્વેદિક દવા બતાવી. યોગાનુયોગે એ દવાથી દર્દીનો રોગ ગયો અને સંકલ્પ મુજબ બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કર્યો. માનવીમાં જો ભાવનાનું બળ હોય તો સંયમી જીવનનાં નિમિત્તો એવા માનવીને આપોઆપ મળી જ રહે છે. આ રીતે શ્રી. વીરજીબાપા ઈ. સ. ૧૯૩૦ (વિ. સં. ૧૯૮૬) થી વંદનીય બની ગયા.

તેઓ અત્યંત આનંદી, રમુજી, હસમુખા અને નિષ્પાપ હતા. એમના દીર્ઘ અને તન્દુરસ્ત જીવનનું મુખ્ય કારણ પણ એ જ હતું. કલકત્તામાં અમે સૌ મ્યુઝીયમ જોવા ગયા હતા. શ્રી. વીરજીબાપા તો અત્યંત થાકેલા હતા, એટલે પથ્થરના એક લાંબા બેન્ચ પર પોતાનો ફેંટો માથે ઓઢી સૂઈ ગયા. અમે બધું ફરીને તેમની પાસે પહોંચ્યા એટલામાં એક યુરોપિયન કુટુંબ ફરતું ફરતું ત્યાં આવ્યું અને બાપાને માથે ઓઢી સૂતેલા જોઈ મને પૂછ્યું : 'શું આ પણ કોઈ ઈન્ડીયન પ્રાણી છે?' બાપા જાગી ગયા અને મેં પેલા યુરોપિયનનો પ્રશ્ન બાપાને સમજાવી શું જવાબ આપું તેમ પૂછ્યું. બાપાએ હસતાં હસતાં મને કહ્યું કે, તેમને કહો કે વૃદ્ધાવસ્થામાં નિવૃત્ત થતું બે પગ અને બે હાથવાળું ભારતનું આ એક વિચિત્ર પ્રકારનું માનવપ્રાણી છે. પેલા ગૃહસ્થને બાપાએ આપેલો જવાબ અંગ્રેજી ભાષામાં સમજાવ્યો એટલે પેલા લોકો તો પેટ પકડીને હસવા જ લાગ્યા અને બાપાએ પણ તેમાં સાથ પુરાવ્યો. નિર્દોષ મજા અને આનંદ માણવાની તેમનામાં અદ્દભુત શક્તિ અને આવડત હતાં.

લગભગ બાલ્યાવસ્થાથી જ તેઓ હંમેશાં નિયમિત સામાયિક કરતા અને પોતાના નિવાસસ્થાનની અગાશીમાં આ કાર્ય માટે એક અલાયદો રૂમ પણ રાખ્યો હતો. ગમે ત્યાં જાય પણ સામાયિક કર્યા વિના કદી ન રહે. આ રીતે શ્રાવકનાં બાર વ્રતો પૈકી ચોથા (બ્રહ્મચર્ય), નવમા (સામાયિક) અને બારમા (અતિથિ સંવિભાગ) વ્રતને શ્રી. વીરજીબાપાએ પોતાના જીવનમાં વણી લીધાં હતાં. પોતાના ધંધાના વ્યવસાયમાં મદદરૂપ થતા કારીગરો પ્રત્યે તેમને અત્યંત લાગણી હતી અને શુભ અવસરના પ્રસંગે તેઓના માટે જુદો ભોજનસમારંભ ગોઠવી અપૂર્વ પ્રેમથી ભોજન કરાવતા.

ઈ. સ. ૧૯૬૫માં એટલે કે મૃત્યુ અગાઉ ચારેક વરસ પહેલાં તેમને લકવાનો નરમ હુમલો થયો હતો. શરીરના અન્ય અંગો પર તેની નજીવી અસર થયેલી પણ જીભ પર વધુ અસર થઈ હતી. તેથી તેમનું બોલવાનું લગભગ બંધ થઈ ગયું. મૌન વ્રત ફરજિયાત બની ગયું. મૌનથી ચિત્તમાં નિરવ શાંતિ ઉત્પન્ન થાય છે અને અંદર ક્લેશો ઉત્પન્ન થવા પામતા નથી. તેમની છેલ્લી માંદગી દરમ્યાન જ્યારે જ્યારે તેમની પાસે જવાનું બનતું ત્યારે ત્યારે હું તેમને રમુજમાં કહેતો કે મૌનવ્રતના કારણે કુદરતે તમારા માટે ઉત્પન્ન કરેલો ઉપાધિયોગ પણ તમને તો સમાધિયોગ રૂપે પરિણમ્યો છે. પાટીમાં પેનથી લખી પ્રથમ માફક જ સૌને હસાવતા અને નિર્દોષ આનંદ પ્રાપ્ત કરી અન્ય સૌને પણ આનંદ પમાડતા.

ઈ. સ. ૧૯૬૬ ના મે માસમાં તેમના સુપુત્ર શ્રી. મનુભાઈ એ પોતાના બંધુઓ સાથે મળી સાવરકુંડલાથી શત્રુંજય તીર્થનો સંઘ અત્યંત ઉત્સાહ અને ઉલ્લાસપૂર્વક બસ રસ્તે કાઢ્યો હતો. શ્રી. મનુભાઈ અને તેમનાં પત્ની સૌ. શાંતાબહેને તે વખતે પાલીતાણા તલાટી બાજુના દેરાસરમાં ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠામહોત્સવનો અપૂર્વ લાભ લીધો હતો અને શ્રી. વીરજીબાપાએ નાદુરસ્ત તબિયત હોવા છતાં સિદ્ધગિરિની છેલ્લી યાત્રાનો અપૂર્વ લહાવો લઈ શત્રુંજય પર સંઘપતિની માળા પહેરી હતી. સાવરકુંડલા–પાલીતાણા તીર્થયાત્રા સંઘના યાત્રિકોએ, એ પ્રસંગે શ્રી. વનમાળીદાસ ઝવેરચંદ મહેતાનાં પ્રમુખપદે એક ભવ્ય સમારંભ યોજી, સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમમાં

શ્રી વીરજીબાપાનું અપૂર્વ સન્માન કરી અભિનંદન પત્ર એનાયત કર્યું હતું.

આ સંઘયાત્રાના પ્રસંગે એક વાતનું સ્મરણ થઈ આવ્યું. શ્રી. વીરજીબાપાના સુપુત્રોએ જેમ તેમની છેલ્લી માંદગીમાં અપૂર્વભાવ, ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક શત્રુંજય તીર્થની જાત્રા કરાવી, તે જ રીતે શ્રી. વીરજીબાપાએ પણ તેમના પિતાશ્રી શ્રી. ગોપાલજીબાપા અને કાકાને પણ ભક્તિભાવપૂર્વક કેસરીયાજી અને અન્ય તીર્થસ્થાનોની જાત્રા કરાવી હતી. માણસ જેવું વાવે છે તેવું જ લણે છે એ વાત આ હકીકત પરથી સમજી શકાય છે. શ્રી. વીરજીબાપાના હાથે અનેક ધર્મ અનુષ્ઠાનો થયાં હતાં. કુંડલાના ભગવાન શાંતિનાથના મંદિરમાં જે મંડપ છે, તેની ઉપરના ઘુમ્મટ પર શિખર ચડાવવાનો આદેશ ઈ. સ. ૧૯૪૨માં તેમના સુપુત્ર ભાઈ જયંતીલાલે લીધો હતો અને પૂ. મુક્તિવિજય મહારાજશ્રીના સાંનિધ્યમાં આ શુભ ક્રિયા બાપાના વરદ હસ્તે થઈ હતી.

શ્રી. વીરજીબાપાના અંતિમ દિવસોમાં યોગાનુયોગે સાધ્વીશ્રી **સદ્‌ગુણાશ્રી** કુંડલામાં હતાં. સાંસારિક સંબંધની દૃષ્ટિએ આ સાધ્વીજી તેમનાં ભાણેજી થાય. છેલ્લા દિવસોમાં બાપાની પાસે રહી તેમણે અપૂર્વ ધર્મ આરાધના કરાવી, અને સં. ૨૦૨૫ના બીજા આષાઢ વદી ૫ શનિવાર તા. ૨–૮–૧૯૬૯ નારોજ ૮૬ વર્ષની પાકટ ઉંમરે અત્યંત શાંતિપૂર્વક નવકાર મંત્રનો જાપ કરતાં કરતાં તેમનો જીવનદીપ બુઝાઈ ગયો. જેણે જીવનમાં સદૈવ સૌનું કલ્યાણ કર્યું છે, તેવા જીવો માટે નિઃશંક સદ્‌ગતિ જ હોય છે. Death is natural, but life is an accident. અર્થાત્ મૃત્યુ સ્વાભાવિક છે, પણ જીવન એક અકસ્માત છે. **जातस्य हि ध्रुवं मृत्युः** જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત હોય છે એમના સ્થૂલ દેહનો જો કે નાશ થયો, પણ તેમના દીર્ઘકાળપર્યંતના જીવનની સુવાસ અને સુગંધ સૌના અંતરમાં વસીને આપણને ચિરકાળ સુધી પ્રેરણા અને પ્રોત્સાહન આપશે. એમની જેવા પુણ્યાત્માઓની યશઃકાયાને જરા અને મૃત્યુનો ભય હોતો નથી. ઈશ્વર એમના આત્માને ચિરશાંતિ આપો એ જ અભ્યર્થના !

**મનસુખલાલ તા. મહેતા**

# પ્રાક્કથન

'જાણ્યું અને જોયું' એ સૂચક નામ જ આ પરસ્પર અસંકલિત-વિસંલિત લેખોના સંગ્રહરૂપ પુસ્તકનો વસ્તુનિર્દેશ કરી જાય છે. લેખકે જીવનમાં જોયું અને જાણ્યું તે અત્ર આલેખ્યું છે, એમ અત્ર અનુભૂત પ્રસંગોનું આલેખન છે. પોતાના અંગત જીવનમાં કેટલાક પ્રસંગોમાં તેમજ કેટલાક સામાન્ય સામાજિક-ધાર્મિક પ્રસંગોમાં પોતાને જે દૃષ્ટિગોચર થયું અને તે પરથી જે વિચારસ્ફુરણા પોતાને થઈ તેનું તાદૃશ્ય શબ્દચિત્ર લેખકે અત્ર આલેખ્યું છે. મનુષ્યમાં જો નિરીક્ષણ શક્તિ (observation power) અને સમીક્ષણ શક્તિ (Thinking power) હોય તો સાવ સામાન્ય (Common place) દેખાતા પ્રસંગોમાંથી પણ સુવિચારણાના ફલરૂપ બોધ તારવી શકે છે. આ નિરીક્ષણ શક્તિ અને સમીક્ષણ શક્તિ લેખકમાં વિપુલ પ્રમાણમાં દૃગ્ગોચર થાય છે, તેને લઈને જ અત્ર લેખકે સાવ સામાન્ય દેખાતા અંગત જીવનપ્રસંગો આદિ પરથી ફલિત થતો બોધ તારવવાનો શક્ય પ્રયત્ન કર્યો છે.

પ્રાચીન કથાનકોનો અર્વાચીન સ્વાંગમાં ઉપન્યાસ કરવાની કળા જેમ શ્રી. મનસુખલાલભાઈએ સાધી છે, તેમ સામાન્ય દૈનંદિન પ્રસંગો પરથી ફલિત થતો બોધ રજૂ કરવાની કળા પણ તેમણે હસ્તગત કરી છે, તે અભિનંદનને પાત્ર છે! તેમજ—કેટલાક સામાજિક કે ધાર્મિક પ્રસંગોમાં અને તદંતર્ગત આનુષંગિક કથાનકોના ઉલ્લેખોમાં પણ તેમની આ કળા તે તે પ્રસંગોને બોધક અને રોચક બનાવે છે,— તે પણ પ્રશંસનીય છે. જો કે મહાન્ શ્રી હરિભદ્રસૂરિએ દર્શાવેલી યોગદૃષ્ટિ-જેનું સવિસ્તર દિગ્દર્શન આ પ્રાક્કથન લેખકે યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથ વિવેચનમાં કરાવ્યું છે, તે જગતમાં વિરલ દેખાતી અલૌકિક યોગદૃષ્ટિનું—અધ્યાત્મ દૃષ્ટિનું દર્શન અત્ર પ્રસ્તુત નથી; અત્ર તો જગતમાં વ્યાપકપણે પ્રવર્તી રહેલી ઓઘદૃષ્ટિનું દર્શન મુખ્યપણે વિવક્ષિત છે, કારણ કે અત્ર લૌકિક પ્રસંગોનું પ્રાયઃતદનુરૂપ લૌકિક દૃષ્ટિથી બોધદર્શક અવલોકન કરાયું છે.

કેટલાક લોકો જુએ છે છતાં જાણતા નથી. **पश्यन्नपि न पश्यन्ति:** કેટલાક લોકો નહિ જોતાં છતાં જાણે છે, કેટલાક લોકો જોતા નથી અને જાણતા નથી; કેટલાક લોકો જુએ છે અને જાણે છે. અત્ર તો લેખકે દૃષ્ટિ ખોલીને દેખનાર અને વિચારથી જાણનાર એ અર્થમાં 'જાણ્યું' અને જોયું' કહ્યું છે. મનુષ્ય જો વિવેકદૃષ્ટિ ખોલીને દેખે તો જગતમાં ડગલે ને પગલે બોધ પ્રાપ્ત કરી શકે છે. અરે! ધૂળ ને કાંકરા જેવી તુચ્છ નિર્માલ્ય ગણાતી વસ્તુ પોતાની મહત્તાનો ફાંકો રાખનારા મનુષ્યને બોધ આપી શકે છે. અહો લેખકે પણ દૃષ્ટિ

# લેખકનું નિવેદન

'જાણ્યું અને જોયું' નામના આ લઘુ ગ્રંથમાં જીવનમાં જે કેટલાક પ્રસંગો જાતે અનુભવ્યા, જોયા અને જાણ્યા છે તેનું આલેખન કરવામાં આવ્યું છે. આ પ્રસંગો પૈકી મોટા ભાગના પ્રસંગો જૈન સામયિકોમાં અને બાકીના અન્ય સામયિકોમાં છપાઈ ગયેલા છે. જે જે સામયિકોમાં તે છપાયેલા છે તેના નામો તેમ જ સમયનો નિર્દેશ દરેક પ્રસંગના અંતે જણાવવામાં આવેલ છે. આ પ્રસંગો અંગે વિવેચન કરવાનું અત્રે જરૂરી નથી કારણકે પ્રસંગો પોતે જ જે વાત કહેવાની છે તે કહી જાય છે.

આ ગ્રંથના પ્રાક્કથનમાં તેના વિદ્વાન અને આત્માર્થી લેખક ડો. ભગવાનદાસભાઈએ સાચી જ વાત કહેતાં લખ્યું છે કે અહીં આલેખેલા બધા પ્રસંગોમાં મારા મનની ભિન્ન ભિન્ન વૃત્તિઓનું દિગ્દર્શન થાય છે. જેમ તળાવના પાણીમાં પથ્થર નાખીએ છીએ ત્યારે પાણી મોજાનું સ્વરૂપ લઈને પથ્થરની સામે પ્રતિક્રિયા કરે છે, તેમ માનવ મનમાં પણ કોઈ બાબત વિષે આઘાત થાય છે ત્યારે મન પ્રતિક્રિયા કરે છે, જેને આપણે ઘર્ષણ કહીએ છીએ. આવી આઘાત પ્રત્યાઘાતની લાગણીઓના કારણે મારા ચિત્તે જે ઘર્ષણ અને સંવેદના અનુભવ્યાં તેનું ચિત્ર આ ગ્રંથમાં શબ્દો દ્વારા રજૂ કરવા મેં નમ્ર પ્રયત્ન કર્યો છે. માનવમનથી વધુ વિચિત્ર આ જગતમાં બીજું કાંઈ જ નથી. મહાસાગરમાં તરતા બરફના પહાડનો માત્ર ઉપલો ભાગ તરતો આપણે જોઈ શકીએ છીએ, પણ પાણીમાં રહેલો ભાગ જોવામાં આવતો નથી. એવું જ આપણા મનની બાબતમાં છે અને તેથી જ શાસ્ત્રકારોએ કહ્યું છે કે જેણે પોતાની જાતને જાણી એણે સઘળું જાણ્યું. જ્યાં આપણે આપણા મનને જ ઓળખી શકતાં નથી, ત્યાં જાતને ઓળખવાની તો વાત જ ક્યાં રહી? મનને સાચા અર્થમાં સમજવા માટે તો જન્મજન્માંતરની સાધના પણ ઓછી પડે એ સાચું, પરંતુ તેમ છતાં આ દિશામાં પ્રયત્નો કરવાની તો માનવ માત્રની ફરજ છે.

જીવનનો કલહ છે, જીવન બહલાવવા,
કલહ વિણ જીવનની ન્હોય પૂર્તિ:
દુઃખ દર્શન પછી થાય સર્જન સદા,
દુઃખ છે શક્તિની પરમ મૂર્તિ.

*

જગતમાં જીવન તો મધુરમાં મધુર છે,
ને અધિક દુઃખમાં કંઈ હસાતું;
મિત્રમાં મિત્ર કો વૃક્ષ પર હોય તો,
હૃદયને પક્ષીનો ભાસ થાતું !

કવિ ખબરદાર

सेवाधर्मः परमगहनो
योगिनामप्यगम्यः

એ સૂત્રને પોતાના જીવનમાં
ઉતારી જૈન સમાજની શૈક્ષણિક
ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ
ને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું તેવા
નીડર અને સેવાભાવી
નીતિમાન અને પ્રામાણિક
એવા

શ્રી. પ્રાણજીવનદાસ
મોહનદાસ ગાંધી

ને સાદર અર્પણ

## ૧. કુદરતી ઉપચાર વિષે મારો અનુભવ

દવાઓની નવી નવી શોધો થતી જાય છે, ડૉકટરો અને વૈદ્યોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જ જાય છે અને તેમ છતાં દર્દોના નવા નવા પ્રકારો અને દરદીઓની સંખ્યામાં વધારો જ થતો જોવામાં આવે છે. આનું કારણ એમ લાગે છે કે, દવાઓમાં દર્દને બેસાડી દેવાની શક્તિ કદાચ હશે, પણ દર્દનો નાશ કરવાની શક્તિ નથી. દર્દને મૂળમાંથી કાઢવા માટે કુદરતી સારવાર જેવો બીજો કોઈ સરળ માર્ગ નથી. દવાથી એક રોગ મટે છે, અને બીજો ઉત્પન્ન થાય છે. ટાઈફોઈડ તાવમાં ક્લોરોમાઇસેટીનની ગોળીઓ આપવામાં આવે છે. એ દવા એવી જલદ છે કે તેનાથી તાવ તો ઊતરી જાય છે, પણ શરીરમાં એટલી બધી અશક્તિ આવી જાય છે કે ગુમાવેલી શક્તિ પાછી મેળવવા માટે દરદીને ચાર છ માસ સુધી હેરાન થવું પડે છે. કરજ કરીને મેળવેલાં નાણાંથી તાત્કાલિક કામ પતે છે, પરંતુ પાછળથી વ્યાજ સાથે તે રકમ પાછી આપવી પડે છે, તેવું જ લગભગ દવાઓની બાબતમાં છે.

મહાત્મા ગાંધીજીએ તેમના પોતાના તેમ જ આશ્રમવાસીઓનાં સંબંધમાં કુદરતી સારવારના અનેક સફળ પ્રયોગો કર્યા છે, અને તેના પરિણામે પૂનાથી સોલાપુરના રસ્તે, પૂનાથી ૧૮ માઈલ દૂર આવેલા ઉરૂલીકાંચનમાં તેમણે નિસર્ગોપચાર આશ્રમની સ્થાપના ઈ. સ. ૧૯૪૬માં કરી. રેલવે રસ્તે, પૂનાથી ધોંડ

જતાં ત્રીજું સ્ટેશન ઉરૂલી આવે છે, અને સ્ટેશનથી માત્ર પાંચ મિનિટના રસ્તે, આ આશ્રમ આવેલ છે. અત્યારે આશ્રમમાં લગભગ ૪૦ દરદીઓ રહી શકે તે જાતની વ્યવસ્થા છે. આશ્રમમાં ગૌશાળાની વ્યવસ્થા છે, અને તેની સરસ દેખરેખ રાખવામાં આવે છે.

આશ્રમમાં એક ડૉકટરની વ્યવસ્થા રાખવામાં આવી છે; પરંતુ દવા અગર ઇન્જેકશનોનો બીલકુલ ઉપયોગ કરવામાં આવતો નથી. દરદીઓને આશ્રમ તરફથી ચલાવવામાં આવતા રસોડેથી ડૉકટરની સલાહ અને સૂચના અનુસાર તૈયાર રસોઇ આપવામાં આવે છે. દરદીઓના ખોરાકમાં મુખ્યત્વે તો દૂધ, દહીં, સુપ વગેરે આપવામાં આવે છે. ચા, કૉફી, કોકો, તમાકુ, તેમ જ આવા બીજા પદાર્થોનો ઉપયોગ આશ્રમમાં કરવામાં આવતો નથી. દૂધ અને ફલાહાર કે રસાહાર પર રાખવામાં આવતા દરદીઓનાં માટે પણ તમામ પ્રકારની વ્યવસ્થા આશ્રમ તરફથી કરી આપવામાં આવે છે. સવારે અને સાંજે બંને વખત પ્રાર્થના થાય છે, અને તેમાં લગભગ તમામ આશ્રમવાસીઓ તથા દરદીઓ હાજરી આપે છે. આશ્રમમાં એક પુસ્તકાલયની પણ વ્યવસ્થા છે.

આશ્રમમાં ટબસ્નાન, કટિસ્નાન, વરાળસ્નાન, માલીશ વ. બધી વ્યવસ્થા રાખવામાં આવી છે. આશ્રમના ડૉકટર હમેશાં એક વખત તમામ દરદીઓની મુલાકાત લઈ જાય છે, અને દરદી વિભાગમાં વ્યવસ્થાપક દરદીઓની ખાસ સંભાળ અને કાળજી રાખે છે. સાધારણ રીતે ખોરાક પર રહેતાં દરદીઓને માસિક ખર્ચ રૂ. ૭૫ થી ૮૦ આવે છે. જ્યારે દુગ્ધાહાર, ફલાહાર

કે રસાહાર પર રહેતાં દરદીઓને માસિક ખર્ચ રૂ. ૧૨૦–૧૨૫ની આસપાસ આવે છે. હવા, પાણી અને વાતાવરણ એવાં શુદ્ધ અને સાત્ત્વિક છે કે જેનાં અંગે દરદીઓને શારીરિક તંદુરસ્તી ઉપરાંત માનસિક તેમજ આધ્યાત્મિક દષ્ટિએ પણ ભારે લાભ થાય છે.

ગયા ડિસેમ્બર માસમાં મારા પગની સારવાર અર્થે હું ત્યાં ગયો હતો. મારા ડાબા પગ ઉપર સોજો આવવાનું કારણ જુદા જુદા ડૉક્ટરોના અભિપ્રાય પ્રમાણે જુદું જુદું હતું. લીમ્ફેન્ઝાઈટીસ, હાથીપગો, પગમાં વાળો, એક જાતનો વા, પગની નસોમાં સોજો, આ પૈકી કોઈ દર્દનો હું ભોગ થઈ પડ્યો છું, એમ ડૉક્ટરોનું માનવું હતું. લગભગ એક માસ સુધી પેનીસીલીન, સ્ટ્રેપ્ટોમાઈસીનનાં ઇન્જેક્શનો, પગ પર ઇલેક્ટ્રીક શેક (Short Wave), મહાયોગરાજ ગુગળ, રાસ-ક્વાથ વગેરેના ઉપયોગ પછી, પગ ઉપર આરામ થવાને બદલે, પગ ઉપરના સોજાએ પોતાનું મક્કમ સ્થાન જમાવ્યું, અને ચાલવામાં પણ અડચણ આવવી શરૂ થઈ.

આખરે કંટાળીને, તા. ૨૨ ડિસેમ્બરના હું ઉરૂલી-કાંચનના નિસર્ગોપચાર આશ્રમમાં દાખલ થયો. ખોરાક બંધ કરી મને માત્ર રસાહાર પર રાખવામાં આવ્યો. પગ ઉપર માલીશ ઉપરાંત લીંબડાનાં પાન સાથે ઉકાળેલા પાણીમાં પગ રાખવાનું, પગ પર કાળી માટીનો લેપ, બે વખત કટિસ્નાન, અઠવાડિયામાં ત્રણ વખત વરાળસ્નાન, આ બધા ઉપચાર શરૂ કરવામાં આવ્યા, અને પ્રથમ અઠવાડિયાના અંતે વગર દવાએ આપોઆપ મારા પગ પરનો સોજો દૂર થયો. ચાર અઠવાડિયાં

સુધી હું આશ્રમમાં રહ્યો. રસાહારથી મારું વજન ૧૫ રતલ ઘટયું, ચરબી ઓછી થઈ, અને નિરોગી બન્યો. રસાહાર ઉપર રહેવા છતાં, સાંજ સવાર મળી હું દશ માઈલ ફરતો અને સરસ સ્ફૂર્તિ રહેતી.

રોગ માત્ર આપણે કરેલા કુદરતી નિયમોના ભંગની શિક્ષારૂપે છે, પરંતુ એ શિક્ષામાંથી છટકવા માટે દવા અને ઇન્જેકશનોનો આશ્રય લેવો, એ એક રીતે તો કુદરતના નિયમોનો તિરસ્કાર કરવા જેવું છે, અને એ માર્ગે મોટા ભાગના કિસ્સાઓમાં દરદી દર્દમાંથી મુક્ત થવાને બદલે દર્દથી ઘેરાઈ જાય છે. કુદરતી સારવારથી આપણા દર્દનો મૂળમાંથી નાશ થાય છે, ત્યારે દવાઓથી આપણા દર્દનો નાશ થયો છે, એવો માત્ર ભ્રમ આપણામાં ઉત્પન્ન થાય છે.

નજીવાં અને સામાન્ય દર્દોની બાબતમાં ડોકટરો દવાઓ માટેનું મોટું લીસ્ટ આપે છે. જમ્યા પછી અન્ન પચાવવા માટેની ગોળીઓ, જમ્યા પહેલાં ભૂખ લગાડવાની ગોળીઓ, રાત્રે સૂતી વખતે દસ્ત સાફ લાવવાની ગોળીઓ, સવારમાં વિટામીનની ગોળીઓ, સાંજના શક્તિ માટેની ગોળીઓ, બપોરના સ્ફૂર્તિ રહે તે માટેની ગોળીઓ, અને આમ ઘણી વખત તો ભોજનની વસ્તુઓની સંખ્યા કરતાં દવાઓની સંખ્યાઓનો નંબર વધી જાય છે. પછી તો ધીમે ધીમે દરદીઓને દવાનું વ્યસન લાગુ થાય છે. પરદેશની મોંઘી દવાઓથી આપણા દેશના કરોડો રૂપિયાનું પાણી થાય છે, અને તંદુરસ્તીમાં ફાયદો થવાને બદલે પરિણામે આપણા દેશનાં સ્ત્રી પુરુષોનાં શરીર અને મન નાજુક, નબળાં અને વિકૃત થતાં જોવામાં આવે છે.

હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય, અને પરિગ્રહની ક્રિયામાં આપણે જેમ પાપ માનીએ છીએ, તેમ માંદા પડવાની ક્રિયા પણ એક પ્રકારના પાપ રૂપે માનવી જોઈએ. ડૉક્ટર જોનસને એક સ્થળે કહ્યું છે કે: Every sick man is a kind of rascal. બીજા એક વિદ્વાન પુરુષે કહ્યું છે કે: A man who does not take care of his health commits a fraud upon himself અર્થાત્ જે માણસ પોતાની તંદુરસ્તીની કાળજી નથી રાખતો, તે પોતાની જાત સાથે દગો રમે છે.

દવાઓથી કંટાળેલા તેમજ દવાઓની પોકળતાની જેને ખાતરી કરવી હોય, તેવાં દરેક સ્ત્રી-પુરુષોને નિસર્ગોપચાર આશ્રમ-ઉરૂલીકાંચનની એક વખત મુલાકાત લેવા મારી નમ્ર વિનંતી છે.

[ તંદુરસ્તી, માર્ચ ૧૯૫૪.

## ૨. સંવત્સરીની કરુણ કહાણી

આજથી લગભગ ૨૧ વર્ષ પહેલાંની એટલે કે ઈ. સ. ૧૯૩૬ની આ વાત છે. એ વખતે હું મલાડમાં શેઠ દેવકરણ મુલજી જૈન દેરાસરવાડીમાં રહેતો હતો (આ વાડીમાં તે વખતે ભવ્ય જૈન દેરાસર અને ઉપાશ્રય હતા, પણ આજે તો દેરાસર અને ઉપાશ્રય વધુ ભવ્ય અને વિશાળ બની ગયાં છે).

એ વખતે જૈન શ્વેતાંબર સંપ્રદાયમાં પર્યુષણમાં કયા દિવસે સંવત્સરી પ્રતિક્રમણ કરવું તે અંગે મોટો મતભેદ હતો, અને અમુક લોકોએ એક દિવસ પ્રતિક્રમણ કર્યું તો વળી બીજા લોકોએ તે પછીના દિવસે પ્રતિક્રમણ કર્યું હતું તેવું મને યાદ છે.

એ ચોમાસામાં મલાડ જૈન સંઘના આમંત્રણ અને આગ્રહથી મુંબઈમાં બિરાજતા પૂ. આચાર્ય વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના (હવે સ્વર્ગસ્થ) બે કે ત્રણ મુનિમહારાજો ચોમાસા અર્થે મલાડ જૈન ઉપાશ્રયમાં પધાર્યા હતા. મલાડના જૈન ભાઈ બહેનોનો મોટો ભાગ બીજા દિવસે સંવત્સરી પ્રતિક્રમણ કરવાની તરફેણમાં હતો, ત્યારે અમુક ભાઈ બહેનોએ પ્રથમ દિવસે જ ત્યાં બિરાજતા મુનિ મહારાજો સાથે પ્રતિક્રમણ કરવાનો નિશ્ચય કર્યો હતો. મને પોતાને કયા દિવસે (પ્રથમ દિવસે કે બીજા દિવસે) સંવત્સરી પ્રતિક્રમણ કરવું તેની ખબર ન પડે અને હજુ પણ આ બાબતનું જ્ઞાન હું

ધરાવતો નથી. જેના કારણે રાગદ્વેષાદિ ઉત્પન્ન થાય તે જ્ઞાન જૈનશાસ્ત્રોની દૃષ્ટિએ જ્ઞાન જ નથી, એટલે આ બાબતના અજ્ઞાનને એક રીતે તો હું આશીર્વાદ રૂપ જ માનું છું.

સાધુ મુનિ મહારાજોને મલાડ પધારવા આમંત્રણ દેવા જવામાં હું સામેલ હતો, એટલે સ્વાભાવિક રીતે જ તેઓના પ્રત્યે મારી નૈતિક જવાબદારી હતી. તેથી મેં અને મારા પત્નીએ સાથે બેસી નિર્ણય કર્યો કે મારે પ્રથમ દિવસે મુનિ મહારાજોની સાથે જ સંવત્સરી પ્રતિક્રમણ કરવું અને મલાડ જૈન સંઘના મોટા ભાગના ભાઈબહેનોનો અવિનય ન થાય એ દૃષ્ટિએ મારાં પત્નીએ બીજે દિવસે એ લોકોના સમૂહમાં પ્રતિક્રમણ કરવું. પતિ-પત્ની એક બીજાનાં પૂરક જેવાં છે, એટલે અમુક અપેક્ષાએ અમારો નિર્ણય નિશ્ચય દૃષ્ટિએ ન હોવા છતાં વ્યવહારુ હતો અને કોઈના મનને દુઃખ ન થાય એ પ્રકારનો હતો. સંવત્સરી પ્રતિક્રમણની વિધિ તો બંનેમાં એક સમાન હતી, પણ બેમાંથી કોઈને તેમાં રાગદ્વેષને અવકાશ ન હતો. આમ અમારો હેતુ તો ઉત્તમ હતો, પણ જે હેતુસર આ નિર્ણય લીધો હતો, તે હેતુ મારી બાબતમાં ન સર્યો અને હું સદંતર નિષ્ફળ પુરવાર થયો.

પ્રથમ દિવસે મેં આનંદ અને ગૌરવપૂર્વક સંવત્સરી પ્રતિક્રમણ મુનિ મહારાજોના સાંનિધ્યમાં કર્યું. બીજા દિવસે મેં પારણું કર્યું ત્યારે એ દિવસે મારાં પત્નીને ઉપવાસ હતો. બીજા દિવસે ચાર વાગે સંવત્સરી પ્રતિક્રમણ શરૂ થવાનું હતું તે પહેલાં, ત્યાં બિરાજતા મુનિ મહારાજોએ પ્રતિક્રમણ કરનાર ભાઈ બહેનોની સગવડતા અર્થે એક નાના રૂમ સિવાય

બીજી તમામ જગ્યા ખાલી કરી લીધી. આમ છતાં ખાલી થયેલી જગ્યામાં પ્રતિક્રમણ કરનાર સ્રી પુરુષોનો સમાવેશ ન થયો એટલે એ લોકોના મોવડીઓએ મુનિ મહારાજોવાળા નાના રૂમનો પણ કબજો લેવા આગ્રહ રાખ્યો અને મુનિમહારાજોને નીચે જવા માટે કહ્યું. આ બધા મુનિમહારાજોના નામો તો મને અત્યારે યાદ નથી, પણ તેઓ સૌ અત્યંત સરળ અને નરમ સ્વભાવના હતા. સાધુઓને આપણે આપણા ગુરુદેવ માનીએ છીએ અને તેમની સાથેનો વ્યવહાર, વર્તન અને વર્તાવ પણ એને અનુરૂપ જ હોવાં જોઇએ. મેં અને મારા કેટલાક મિત્રોએ (એ મિત્રો પૈકી ઘણા તો કાળધર્મ પામ્યા છે, પણ એક શ્રી. પુરુષોત્તમદાસ ઝવેરચંદ સુરેન્દ્રનગરમાં છે) સાધુઓને નીચે મોકલવાની બાબત માટે વાંધો દર્શાવ્યો. કોઇ વ્યક્તિ પ્રત્યે આપણને અણગમો, નારાજી કે તિરસ્કાર હોય તો પણ વ્યવહારમાં તેની સાથેનું આપણું વર્તન આપણે બહુ સલૂકાઈભર્યું રાખીએ છીએ, ત્યારે અહિં તો પંચમહાવ્રતધારી સાધુઓની વાત હતી. એક તરફથી આપણે દરરોજ નવકાર મંત્રનો જાપ કરીએ અને બીજી બાજુ જેનું નિત્ય સ્મરણ કરીએ તેની જ સાથે આવું બેહૂદું વર્તન ચલાવીએ એ અત્યંત કઠોર અને માફ ન થઈ શકે એવું હીન કૃત્ય કહેવાય. મલાડના ભાઈ બહેનોના સાધુઓને નીચે ઉતારવાના પગલામાં મને તોછડાઈ અને ઉધ્ધતાઈનાં દર્શન થયાં અને હું આવેશમાં આવી ગયો. શાંત મુનિરાજો આ તકરાર વિકૃત સ્વરૂપ ન પકડે એ દૃષ્ટિએ પેલો નાનો રૂમ પણ ખાલી કરી નીચેના ભાગમાં ચાલી ગયા. મને આમાં મારો પરાજય લાગ્યો

અને તેથી ક્રોધના આવેશમાં આવી જઈ ત્યાંના પ્રતિક્રમણ કરનાર ભાઈબહેનોને કહી દીધું કે :—હવે શાંતિ થઈ ને તમને! તમે ભલે હવે ત્યાં રાંડો નચાવો!

મારા ઉપરોક્ત કથનથી ત્યાં ખળભળાટ મચી ગયો. મારા બોલવાનો એવો અર્થ કરવામાં આવ્યો કે ત્યાં પ્રતિક્રમણ કરવા આવનાર બહેનોને મેં નાચનારીઓ કહી. રાતે મારા રૂમમાં હું સૂતો હતો ત્યાં મારી પત્ની પ્રતિક્રમણ કરી મને જ્યારે ખમાવવા આવી ત્યારે તેનાં ચક્ષુઓમાંથી અશ્રુ ટપકી રહ્યાં હતાં. ઉપવાસી પત્નીને મેં ભારે અશાતા ઉપજાવી હતી તે હું જોઈ શક્યો. મેં મારા બોલેલા શબ્દોનો કેવો ઊંધો અર્થ ઘટાવાયો છે તે તેને સમજાવ્યું અને આવેશમાં આવી જઈ કરેલા અપરાધ માટે અંતઃકરણપૂર્વક ક્ષમા માગી. જે પત્નીની નજરે હું સંયમી, અદ્વેષી અને અક્રોધી હતો, તેની જ સામે ગુનેગાર તરીકે ઊભા રહેતાં જે શરમ અને આઘાત મને થયા તે કરતાં અનેકગણી શરમ અને આઘાત મારા વર્તનના કારણે તેના અંતરાત્માને થયાં.

વળતે જ દિવસે તે વખતના દૈનિકપત્ર 'જયભારત'માં મારાથી થયેલા અપરાધની મેં જાહેર માફી માગી. આમ આ વાતનો જો કે અંત આવી ગયો, પણ આ બનાવમાંથી મને જે બોધપાઠ મળ્યો તે તો જીવનના અંત સુધી પણ હું ભૂલી શકું તેમ નથી.

તે પછીથી, ક્રોધ અને ગુસ્સાનું પ્રદર્શન થાય તે પહેલાં જ મારા સદ્‌ગત પત્નીની સંવત્સરી પ્રતિક્રમણ પછીની પેલી અશ્રુભીની આંખો મારી સમક્ષ ખડી થાય છે અને ક્રોધ અને

છે. તદ્વત્ જગતની સર્વ કળાઓમાં જ્ઞાન એ ઉત્તમમાં ઉત્તમ કળા છે. પણ એ જ્ઞાન એવું હોવું જોઈએ કે જેની પ્રાપ્તિથી ઓછામાં ઓછી મહેનતે જગતનું અકલ્યાણ દૂર કરી શકાય અને સાથે જ તેનું કલ્યાણ સાધી શકાય."

આપણાં શાસ્ત્રોમાં તેથી જ કહેવામાં આવ્યું છે કે, 'સર્વ કળા પર વિજય પામવા માટે ધર્મકળા જ સાચું સાધન છે.'

(જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકા, મે-૧૯૫૯)

## ૪. સહશિક્ષણ

ઉનાળામાં લાંબી રજાઓ પછી હવે કૉલેજોની નવી ટર્મ શરૂ થશે. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં આ વખતે એસ. એસ. સી. ની પરીક્ષામાં ઘણી બહેનો ઉત્તીર્ણ થઈ છે, અને તે પૈકીનો મોટો ભાગ આગળ અભ્યાસ અર્થે કૉલેજોમાં પણ દાખલ થશે.

માર્ચ ૧૯૫૪માં મારી નાની પુત્રી જે એ વખતે માત્ર પંદર વરસની હતી, તે એસ. એસ. સી. ની પરીક્ષામાં પાસ થઈ મુંબઈની સિદ્ધાર્થ કૉલેજમાં દાખલ થઈ, પણ એ વખતે મને એક વિચિત્ર મૂંઝવણ ઊભી થઈ.

કૉલેજોમાં સહશિક્ષણના કારણે યુવાન વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ પરસ્પર છૂટથી હળે મળે, સાથે હરવા ફરવા જાય, અભ્યાસના નિમિત્તે એકાંતમાં બેસે—અને આમ છતાં તેઓ નિર્વિકારી રહે અને નાજુક પરિસ્થિતિમાં ન મુકાઈ જાય, એ વાત એ વખતે મને મુશ્કેલ લાગતી, અને હવે આજના નાટક–સિનેમાના યુગમાં એ વાત લગભગ અશક્ય લાગે છે.

જૈન દર્શન નિમિત્ત કારણને પણ ઉપાદાનના ઉત્તેજક માને છે, અને તેથી જ વ્યક્તિ માત્રે—પુરૂષ તેમજ સ્ત્રી બંનેના માટે નિમિત્ત કારણોથી સાવધ રહેવા શાસ્ત્રોમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે.

**ઉત્તરાધ્યયન સૂત્રમાં** કપિલ અને **બ્રહ્મદત્તની** બે જુદી જુદી કથાઓનો ઉલ્લેખ છે. કપિલને વિદ્યાર્થી અવસ્થામાં

તેના પિતાજીના મિત્રે કોઈ બાઈને ત્યાં જમવા માટેની સગવડતા કરાવી આપી, અને પરિણામે તે બાઈ સાથેના સહવાસના કારણે તે લપસી પડ્યો. બ્રહ્મદત્તના પૂર્વ જીવનમાં જ્યારે તે સાધુ હતા ત્યારે સુનંદા રાણી તેને વંદન કરવા ગયેલાં, અને તે વખતે શરતચૂકથી તેના માથાના વાળની એક લટ સરી સાધુ પાસે જઈ પડી, અને તે નિમિત્તના કારણે સાધુએ એવી અનેક સ્ત્રીઓની સાથે ભોગો ભોગવવાનું નિયાણું બાંધ્યું. આના પરિણામે બ્રહ્મદત્તના જીવને અધમમાં અધમ યોનિ-એટલે સાતમી નારકીમાં જવું પડ્યું. આવી રીતે નિમિત્તો બહુ બળવાન છે, અને જીવની ઉર્ધ્વગતિ તેમજ અધોગતિમાં તેનું સ્થાન મહત્ત્વનું છે. સ્ત્રી-પુરૂષ વચ્ચેના સંબંધ બાબતમાં લખતાં સદ્‌ગત **શ્રી કિશોરલાલ મશરૂવાળાએ** કહ્યું છે કે : આધુનિક જીવનમાં બીજાંયે ઘણાં ભયસ્થાનો વધી ગયાં છે. એ ભયસ્થાનો એકાંતવાસથી ઊલટા પ્રકારનાં એટલે અતિ સહવાસનાં હોય છે. અનેક પ્રવૃત્તિઓ અને શહેરી જીવનને અંગે સ્ત્રી પુરૂષને એક બીજાનાં અંગોનો સ્પર્શ કોઈવાર અજાણતાં, કોઈ વાર અનિવાર્યપણે, અને કોઈવાર જોતજોતામાં થઈ જાય છે. ગાડીઓમાં, મોટરોમાં, સભાઓમાં, રસ્તાઓમાં એક બીજા જોડે ભીંસાઈને બેસવું પડે છે. વાર્તાલાપ કરવો પડે છે. શિક્ષકોને છોકરીઓ કે બાળાઓને શીખવવું પડે છે—અને એ સર્વે બન્નેને માટે ભયસ્થાનો છે. આ બધી પરિસ્થિતિમાં જે પોતાની પવિત્રતા માટે વધારે પડતું ગુમાન રાખે છે તે પડે જ છે; જે જાગ્રત રહે છે તે એ પ્રસંગોને સુખરૂપ નહીં, પણ આપત્તિરૂપ સમજે છે. એમાંથી જેમ બને તેમ તત્પર થઈ દૂર રહેવું પણ નજીક

ન આવવું એવી મનોવૃત્તિથી રહે છે–તે જ ઈશ્વરની કૃપાથી બચી શકે છે.

હું પોતે પણ આવા વિચારોમાં માનું છું એટલે મારી પુત્રી સિદ્ધાર્થ કોલેજમાં દાખલ થઈ તે ન ગમ્યું. આ પુત્રીની માતા તેમ જ પિતાની બંને જવાબદારી મારા શિર પર હતી પણ તેમ છતાં હક્ક, સત્તા કે અધિકારનો ઉપયોગ કરી સિદ્ધાર્થ કોલેજના બદલે એસ. એન. ડી. ટી. (માત્ર સ્ત્રીઓના માટેની કોલેજ) માં દાખલ કરાવવાનું મને ઉચિત ન લાગ્યું. તેમ છતાં મારા દિલમાં એક પ્રકારનો ઉચાટ અને ઉકળાટ ચાલુ જ રહ્યો. મારું વલણ ગેરવાજબી અગર ખોટું હોય એમ પણ બની શકે, એટલે આ સંબંધમાં મારા નિકટના સંબંધી અને હિતેચ્છુ **પંડિત બેચરદાસ દોશી** જેઓ છેલ્લાં ૨૫ વરસથી અમદાવાદની એલ. ડી. આર્ટ્સ કોલેજના અધ્યાપક છે, તેઓને મારી મૂંઝવણ જણાવી મને માર્ગદર્શન આપવા વિનંતી કરી.

એ પછી, પંડિતજીએ મારી પુત્રીને પત્ર લખી માર્ગદર્શન આપ્યું અને પરિણામે સિદ્ધાર્થ કોલેજ છોડી તે પોતે રાજી-ખુશીથી એસ. એન. ડી. ટી. કોલેજમાં દાખલ થઈ અને એમ. એ. સુધીનો અભ્યાસ કર્યો. ઘણાં માબાપો પોતાની છોકરીઓને આગળ અભ્યાસ કરાવવામાં મારી જેમ મૂંઝવણ અનુભવતાં હશે એમ માની, પંડિતજીના પત્રમાં લખેલી સૂચનાઓ તેઓને ઉપયોગી થઈ પડશે એ દૃષ્ટિએ આ પત્ર અક્ષરશઃ નીચે આપવામાં આવ્યો છે.

૧૨, વ-ભારતીનિવાસ સોસાયટી
એલિસબ્રિજ, અમદાવાદ નં. ૬
તા. ૨-૬-૫૪.

ચિ. અરુણા,

શુભ આશીર્વાદ.

તારા બાપુજીના પત્રથી જાણ્યું કે તું ઘણા સારા ગુ
મેળવીને મેટ્રિકની પરીક્ષામાં પાસ થઈ છે. આ જાણીને અ
બંને બહુજ રાજી થયાં છીએ, અને હવે પછી દિનપ્રતિદિ
તારો અભ્યુદય વધતો રહે એમ જગન્નિયંતા પરમેશ્વર પા
પ્રાર્થના કરીએ છીએ. જો કે મેં તારા પર કદી પત્ર નથ
લખ્યો. હા, તને અવારનવાર આશીર્વાદ મોકલવાનું ચાલુ રહ
છે. પરંતુ આ ટાંકણે તારા ઉપર પત્ર લખવાનું મને વિશે
મન થઈ આવે છે, તેને રોકી શકતો નથી. મેટ્રિકમાં પહેલી જ
વારને પ્રયાસે પાસ થઇ જવું અને તે પણ સારા ગુણ મેળવી
તે આ જમાનામાં ઘણું વિરલ બને છે. જે વિદ્યાર્થીઓ અભ્યાસમ
દત્તચિત્ત હોય, ખંતીલા હોય તેઓ જ પહેલીવાર જીતી જાય
છે. તું પહેલી જ વારે જીતી ગઈ તે માટે તને અમારા સેંકડ
શુભ આશીર્વાદો છે.

જીવનમાં આ એક વિકાસનું પ્રથમ પગથિયું છે. હવે
બીજું પગથિયું કયું હોવું જોઈએ ? તે વિષે તને થોડું સૂચ
કરવાની મારી ફરજ સમજીને આ લખવા બેઠો છું. અહીંન
એલ. ડી. આર્ટ્સ કોલેજમાં હું ૧૫-૧૬ વરસથી ભણાવું છું
તેથી કોલેજ વિષે મારો જે પ્રત્યક્ષ અનુભવ છે તે જ તને

જણાવું છું. તું દીકરો હોત અને મારા જ શાસનમાં હોત તો તને તરત જ કહી દેત કે બાપુ! ધંધામાં ગોઠવાઈ જાઓ, કૉલેજમાં જવાનું આપણું કામ નથી. જ્યારથી કૉલેજમાં હું દાખલ થયો છું ત્યારથી દિવસે દિવસે તમામ કૉલેજો એટલે મુંબઈ પ્રાંતની કે બીજા પ્રાંતની તમામ કૉલેજોનું વાતાવરણ હીન, હીનતર, હીનતમ થતું હું પ્રત્યક્ષ નજરે જોયા કરૂં છું અને ક્લાસમાં વિદ્યાર્થીઓને કહું છું પણ ખરો કે ભાઈઓ! શા માટે વખત બગાડો છો અને પૈસાનો પણ શા માટે અપવ્યય કરો છો? ધંધા ઉદ્યોગમાં લાગી જાઓ તો તમને અને તમારા કુટુંબને જરૂર ફાયદો થશે. આ ઉપરથી તને કૉલેજના હીનતમ વાતાવરણનો ખ્યાલ આવશે. દુર્ગુણો, વ્યસનો અને ઉચ્છ્રંખલતાઈના સંસ્કારો વિદ્યાર્થીઓ પૈસા અને વખત બગાડીને મોટે ભાગે કૉલેજોમાંથી ખરીદે છે, અને પરિણામે બેકાર બનીને જીવનની નિષ્ફળતા અનુભવે છે. તેમ છતાં તારું જો આગળ અભ્યાસ કરવાનું મન જ હોય અને તારા વડિલોની સંમતિ હોય તો તું ત્યાં કેવળ છોકરીઓની કૉલેજમાં જા તો ઉચિત કહેવાય. કર્વે કૉલેજ ત્યાં છે જ, તેમાં જે અભ્યાસક્રમ છે તે છોકરીઓને ભવિષ્યમાં વિશેષ ઉપયોગી નિવડે એ રીતે ગોઠવેલ છે. ગૃહવિજ્ઞાન, શીવણ, રાંધણ, બાળઉછેર વગેરે વિદ્યાઓ છોકરીઓનાં જીવનમાં વિશેષ લાભકારક નિવડે છે અને તે સાથે ભાષા, ઇતિહાસ, ભૂગોળ અને ગણિત વગેરે ઉપયોગી વિષયો પણ હોય છે. વળી માનું છું કે તારા ઘરથી તે કૉલેજ દૂર પણ નથી. જો તારે કૉલેજમાં જવું જ હોય તો મારી આ નમ્ર સૂચના–ભલામણ છે. આ સિવાય બીજી

કૉલેજો આપણા જીવન માટે ભારે ખતરનાક અને જીવનના મંડપને વણસી નાખે એવી મને મારા પ્રત્યક્ષ અનુભવથી દેખાય છે. એકવાર પાલીતાણાવાળા નગરશેઠે તેમના પૌત્ર માટે કૉલેજમાં દાખલ થવા વિષે પૂછેલું, તેનો મેં જવાબ આપેલો કે ઘરનો ધંધો હોય તો તેને તેમાં જ ગોઠવી દ્યો, અને પૈસા વધારાના હોય તો છોકરાને બગાડવા કૉલેજમાં મૂકવો હોય તો ભલે. તારા અભ્યાસ વિષે મારા તરફથી કોઈ સહાયતાની જરૂર હોય તો જરૂર તું મને લખજે. હું તો ઇચ્છું કે તું સારું સંસ્કૃત, ગુજરાતી અને અર્ધમાગધી તથા અંગ્રેજી શીખીને એક સારી લેખિકા અથવા સંપાદિકા બની જા; પણ આ જોગ તને હવે કૉલેજ સિવાય બીજે થવાનો સંભવ જ નથી. આ પત્ર નિરાંતે વાંચજે અને ગંભીરપણે વિચારજે.

—બેચરદાસ

(જૈન. શિક્ષણ સાહિત્ય પત્રિકા, જૂન-૧૯૬૩.)

## ૫. સિમલાનું મંદિર અને શ્રમણ બેળગોળ

**૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૫૩** એટલે કે પર્યુષણ પર્વના બીજે દિવસે મારી કંપનીના એક અગત્યના કામ અર્થે મારે સિમલા જવું પડ્યું, અને હું ત્યાં તા. ૮મી સપ્ટેમ્બરે પહોંચ્યો.

એ દિવસો પર્યુષણ પર્વના હતા, અને સંવત્સરીના દિવસે તો મારો ઇરાદો પાછા મુંબઈ આવી પહોંચવાનો હતો. પરન્તુ સરકારી કામ હતું, એટલે કદાચ બે દિવસ વધુ પણ રોકાઈ જવું પડે, એવી ગણતરી કરી જતી વખતે પર્યુષણમાં જરૂર પડે એવાં ઉપકરણો સાથે લઈ લીધાં હતાં. તા. ૧૨ મી એ સંવત્સરીનો દિવસ હતો, અને મારે સિમલામાં જ સંવત્સરી પ્રતિક્રમણ કરવું પડ્યું.

સિમલામાં શ્વેતામ્બર સંપ્રદાયનું કોઈ જૈન મંદિર નથી. પણ તપાસ કરતાં માહિતી મળી કે ત્યાંની ૬ઠ્ઠી ગલ્લીમાં દિલ્હીવાળા મથુરાદાસ પ્રભુદયાળનું એક દિગમ્બર જૈન મંદિર છે. ભાદરવા સુદિ ચોથના વહેલી સવારના મારી હોટલના કમ્પાઉન્ડમાંથી પૂજા માટેનાં ફૂલો તથા મુંબઈથી લઈ ગયેલ સફરજનનું ફળ લઈ હું ત્યાં પૂજા કરવા ગયો. પૂજાનાં કપડાંની જોડ તો મારી સાથે હતી.

મંદિરમાં જઈને ત્યાંના વ્યવસ્થાપકને હું શ્વેતામ્બર જૈન છું, અને પર્યુષણ હોઇ (દિગમ્બર સંપ્રદાયના પર્યુષણ આપણા પર્યુષણ પુરા થયા પછી શરૂ થાય છે) મારે મંદિરમાં

પૂજા કરવી છે એમ કહ્યું, એટલે તરત જ તેમણે મારા માટે ગરમ પાણીની વ્યવસ્થા કરી આપી. મંદિરમાં મુખ્ય પ્રતિમા મહાવીર સ્વામી ભગવાનની છે, અને તે ધાતુની છે. આ સિવાય આરસની પણ બીજી બે પ્રતિમાઓ છે. કેશર, સુખડ ઘસવા માટે આપણા મંદિરો માફક ત્યાં પુજારીઓ રાખવામાં આવતા નથી, પણ પૂજા કરનારાઓ પોતાના હાથે જ ઘસી લે છે.

ભગવાનની પ્રતિમાની મારે કઈ રીતે પૂજા કરવી એ વસ્તુ મને મૂંઝવતી હતી, કારણ કે હું જાણતો હતો કે દિગમ્બર સંપ્રદાયમાં આપણી માફક નવે અંગો પર પૂજા કરવામાં આવતી નથી. મેં નમ્રતા પૂર્વક ત્યાંની વ્યવસ્થા કરતા ભાઈને પૂછ્યું: મારે તમારી પદ્ધતિ મુજબ પૂજા કરવી જોઇએ, તો આપની રીત મને બતાવશો? કારણકે ઘણા દિગમ્બર તીર્થો અને મંદિરો જોયા છતાં કોઈ પ્રતિમાની પૂજા કરવાનો લહાવો હજુ સુધી મને મળ્યો નથી.

પેલા વ્યવસ્થાપક ભાઈ મારી મૂંઝવણ સમજી ગયા પણ ભારે ઉદારતા બતાવી તેમણે મને કહ્યું: **આપણે બધા ભગવાન મહાવીરના ભક્તો છીએ, અને તમને રૂચે, અનુકુળતા રહે, તે રીતે તમે પૂજા કરી શકો છો. અમારી પદ્ધતિ મુજબ પૂજા કરવી જોઈએ એવું બંધન શા માટે હોવું જોઈએ?** તેમની વાત સાંભળી મારૂં મસ્તક તેમને નમી પડ્યું, અને તેમના સદ્ભાવનો અત્યંત આભાર માનતાં, પ્રફુલ્લ અને સ્વસ્થ ચિત્તે નવે અંગે પૂજા કરી

આવો જ બીજો સુખદ અનુભવ **શ્રમણ બેળગોળના ચંદ્રગિરિ** પહાડ પરના દિગમ્બર મંદિરોનો છે.

**ચંદ્રગિરિ** અને **વિન્ધ્યગિરિ**ની બે ટેકરીઓ વચ્ચે એક અતિરળિયામણું સ્વચ્છ ચોરસ તળાવ છે, આનું નામ બેળ-ગોળ અથવા ધવલ સરોવર. ભૂતકાળમાં શ્રમણો અહિં આવીને રહેતાં તેથી જ આનું નામ શ્રમણ બેળગોળ પડ્યું હોય એમ લાગે છે. એમ પણ કહેવાય છે કે **ભદ્રબાહુસ્વામી** આ જગ્યામાં આવી રહ્યા હતા.

ચંદ્રગિરિ પહાડ પર દિગમ્બર સંપ્રદાયનાં કેટલાંક મંદિરો છે, અને ત્યાં અતિભવ્ય અને આહ્લાદક પ્રતિમાઓ છે. સંસારથી વિરક્ત બની સંલેખના કરવા માટે ઘણા સાધુઓએ આ રમણીય સ્થાન પસંદ કર્યું હતું.

આ પવિત્ર તીર્થની જાત્રાએ હું તા. ૧૧મી એપ્રિલ ૧૯૫૪ના ગયેલો. વહેલી સવારમાં હું ચંદ્રગિરિ પહાડ પર ચડી ગયેલો. એની ઉંચાઈ આપણા તલાજાના પહાડ જેટલી છે. ત્યાંનું શાંત વાતાવરણ અને ભવ્ય પ્રતિમાઓ જોઈ હું મુગ્ધ બની ગયો. પાર્શ્વનાથ ભગવાનની એક પંદર ફીટ ઊભી પ્રતિમા ત્યાં છે, અને તેના દર્શન કરતાં એક આચાર્યે કહ્યું છે તેમ यत्कारुण्य कटाक्ष कान्ति लहरी प्रक्षालयत्याशयम् અર્થાત્ જેના કારુણ્યપૂર્ણ કૃપાદૃષ્ટિના જલપ્રવાહથી હૃદયના ભાવો ધોવાઈને શુદ્ધ થાય છે—આ વર્ણનની યથાર્થતાનો અહિં મને પૂરેપૂરો અનુભવ થયો. ત્યાંના વ્યવસ્થાપકને હું શ્વેતામ્બર સંપ્રદાયનો છું, પણ મારે અહીં પૂજા કરવી છે એમ કહ્યું, એટલે તેણે બધી તૈયારી કરી આપી. બહારના ભાગના તળાવના પાણીથી મેં સ્નાન કર્યું, અને સૌ પ્રથમ અભિષેકની ક્રિયા કરી. અભિષેક કરવા માટે મંદિરના અંદરના ભાગમાં ૨૦-

૨૨ ફીટ ઉપર ચઢવાનું હતું. ચઢવા માટે નિસરણી કે પગથિયાં ન હતાં; પણ કૂવામાં ઉતરવા માટે બે કે ત્રણ ફીટના અંતરે જેમ પગથિયાં મૂકવામાં આવે છે, તેમ અહિં પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આમ ચારે બાજુ પથ્થર પથરાયેલા છે, એટલે ઉતરવા કે ચઢવામાં જરાપણ ભૂલ થાય તો જીવલેણ અકસ્માત સર્જાય. ત્યાંના બે માણસોએ મારા બંને હાથો પકડી ભારે કાળજીપૂર્વક મને ઉપર ચડાવ્યો, અને ઉપરના ભાગ પરથી મેં અભિષેકની ક્રિયા કરી. ચૈત્ર મહિનો હતો એટલે ઉપર ચઢતાં હું પરસેવાથી રેબઝેબ થઈ ગયો, અને પછી નીચે ઉતરી પાર્શ્વનાથ ભગવાનની એ ભવ્ય પ્રતિમાની મેં પૂજા કરી. ચંદ્રગિરિ પહાડ પરનું વાતાવરણ, ત્યાંથી દેખાતાં કુદરતી દશ્યો, અને આસપાસનાં મંદિરોમાંની ભવ્ય પ્રતિમાઓ એટલા બધા સુંદર અને સોહામણા છે કે ત્યાંથી પાછા ફરવાનું મન ન થાય.

જૈનોમાં દિગમ્બર, શ્વેતામ્બર, સ્થાનકવાસી, તેરાપંથી ઇ. વિધવિધ સંપ્રદાયના ભેદો છે, પણ આ બધા ભેદો નામ માત્ર છે. આપણે બધા જૈનો ભગવાન મહાવીરના શાસનને અનુસરનારા છીએ; અને અહિંસા, સંયમ અને તપ આપણા ધર્મના મુખ્ય અંગો છે. કોઈ પણ સંપ્રદાયના સ્ત્રી–પુરુષમાં ધર્મના મુખ્ય અંગોની બાબતમાં કશો મતભેદ નથી, તેથી આપણામાં ક્રિયા કે બીજી ક્ષુલ્લક બાબતોમાં જુદી જુદી માન્યતા પ્રવર્તતી હોય તો પણ આવી બધી બાબતોને ગૌણ માની, મુખ્ય બાબતોમાં આપણે બધા એક જ રૂપ છીએ એમ માની વર્તીએ, તો જૈન ધર્મનો ડંકો માત્ર ભારતમાં નહિ પણ સકળ

વિશ્વમાં વાગે. ભગવાનની જુદા જુદા આકારની પ્રતિમાઓ આપણા તીર્થંકરોના પ્રતીક રૂપ છે, એ માટે જ આપણે તેની ભાવપૂર્વક પૂજા કરીએ છીએ. પૂજા કે ભક્તિમાં સંપ્રદાયની સંકુચિત દૃષ્ટિ ન હોવી ઘટે, એટલે કે શ્વેતામ્બર કે દિગમ્બર સમાજની પ્રતિમા છે, એટલા જ માટે આપણે પૂજા કરવાનું હોતું નથી.

આપણે બધાં આ દૃષ્ટિએ વિચારતાં થઈ જઈએ તો પ્રતિમાઓ સંબંધમાં દિગમ્બર-શ્વેતામ્બર સંપ્રદાય વચ્ચે જે કલેશ અને કંકાસ થાય છે, તેનો નાશ થઈ જાય. આવી બધી તકરારો અને તોફાનો એક જાતના દૃષ્ટિરાગને આભારી છે. આપણે યાદ રાખવું જોઈએ કે કામરાગ અને સ્નેહરાગ કરતાં પણ દૃષ્ટિરાગ અતિ ભયંકર છે, અને દૃષ્ટિરાગમાંથી મુક્ત થયા સિવાય સાચા જૈન બનવાનું અશક્ય છે.

ચંદ્રગિરિના પહાડ પરની પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાની પૂજા કર્યા પછી, એ સંબંધમાં મારી ડાયરીમાં નોંધ કરતાં મેં લખ્યું છે કે: 'આજે ચંદ્રગિરિ પહાડ પરના મંદિરમાં પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય પ્રતિમાનો અભિષેક અને પૂજા કરતાં ચિત્તમાં જે પ્રસન્નતા અને આનંદનો ઓઘ ઊલટ્યો, તેનું વર્ણન શબ્દો કે વાણી દ્વારા કરવાનું કાર્ય મારા માટે અશક્ય છે. હૃદયના કેટલાક અલૌકિક ભાવોને સાચા સ્વરૂપે શબ્દો દ્વારા પ્રગટ કરવાનું કાર્ય ઘણીવાર મુશ્કેલ હોય છે. પરંતુ આનંદ અને શોક એ બંને તો જોડકાં જેવા છે. બીજી જ પળે વિચાર આવ્યો કે આથી વધુ ભવ્ય અને વિશાળ પ્રતિમાઓ, આવું ઉત્તમ અને પવિત્ર વાતાવરણવાળું સ્થળ, અને ચિત્તના અશુદ્ધ ભાવોનું શુદ્ધિકરણમાં

પરિવર્તન કરે એવી હવા, આજન્મે આ ક્ષેત્રમાં હવે શેષ જીવનમાં જોવા મળવાના નહિ, અને એ વિચારે ચિત્તમાં ગ્લાનિ ઉત્પન્ન થઈ.

દક્ષિણ પ્રદેશની આ તીર્થભૂમિની સરખામણી બિહારના રાજગિરિના પહાડો પૈકી વૈભારગિરિના પહાડ સાથે કરી શકાય. આ બંને તીર્થભૂમિ પર હું ભારે હૃદયે અને હળવા પગલે ફર્યો છું. જીવનનો અંત તો સૌ કોઇના માટે જન્મ થતી વખતે જ નિશ્ચિત થઈ ચૂકેલો હોય છે, પણ આપણે આપણી જીવન લીલા આપણી મરજી વિરુદ્ધ સંકેલી લેવાની ફરજ પડે છે, ત્યારે તીર્થોની ભૂમિ પર અનેક શ્રમણ ભગવંતોએ અનશનવ્રત ધારણ કરી પોતાની ઇચ્છા પ્રમાણે પોતાની જીવનલીલા સંકેલી લઈ સ્વર્ગ કે મુક્તિના પંથે વિચર્યા છે. સ્વર્ગભૂમિ પરથી દેવોને જ્યારે તેનો નવો જન્મ તિર્યંચયોનિમાં થવાનો છે તેની ખબર પડે અને જે આઘાત–પ્રત્યાઘાતોનું તોફાન તેઓના મનમાં જાગે, તેની કાંઈક ઝાંખી આ તીર્થભૂમિના પહાડો પરથી નીચે ઊતરતાં મેં અનુભવી છે.

"**દ્વારકાથી જગન્નાથપુરી**" અને "**હરદ્વારથી રામેશ્વર**" વચ્ચેના **જૈન–જૈનેતર** સંપ્રદાયોના લગભગ ઘણાં તીર્થોમાં હું ફરી ચૂક્યો છું, પરંતુ ચિત્તની જે પ્રસન્નતા અને વિશુદ્ધતા મેં આ બંને પહાડો પર અનુભવી, તેવી બીજા કોઈ સ્થળે નથી અનુભવી. અલબત, આ તીર્થભૂમિઓ આપણા અનેક શ્રમણ ભગવંતોની અંતિમ શય્યા રૂપે હતી, એ હકિકત પણ આમાં નિમિત્તરૂપ હોઈ શકે.

(જૈન શિક્ષણ સાહિત્યપત્રિકા, ઑગસ્ટ–૧૯૬૩)

## ૯. નિઃસ્પૃહી વૈદ્યરાજ

ઈ. સ. ૧૯૪૨માં મારાં પત્નીને હૃદયરોગની બીમારી લાગુ પડી, અને મુંબઈ–પૂનાના સારા સારા ડૉક્ટરોની સારવાર નીચે તેને રાખ્યા છતાં તબિયતમાં સુધારો ન થયો. શરીરના બધા ભાગોમાં સોજા આવવા શરૂ થયા અને રોગની અસર કીડની પર થતાં હૃદયરોગ સાથે જલોદરનો વ્યાધિ પણ શરૂ થયો. આખરે દવા–ઇન્જેક્શનોથી કંટાળી અમે પચ્છેગામ પહોંચી ગયાં, અને ત્યાંના એક વૈદ્યરાજની સારવાર શરૂ કરી.

એ ઋતુ શિયાળાની હતી અને વૈદ્યરાજે તબિયત સુધારવા અર્થે મારાં પત્નીને દૂધનો પ્રયોગ શરૂ કરાવ્યો. લગભગ સાડા ત્રણ માસ સુધી દર્દીને માત્ર દૂધ પર જ રાખવામાં આવ્યાં, અને સવારમાં પ્રથમ આદુનો રસ આપ્યા પછી જેટલું લઈ શકાય તેટલું દૂધ લેવાની રજા હતી. દવામાં માત્ર તામ્ર ભસ્મ આપતા. દુગ્ધવટીના પ્રયોગના અંતે શરીરમાંથી સોજા અને બીજી વિકૃતિઓ દૂર થઈ, અને ત્રણ વર્ષની સતત પથારીની મૈત્રી બાદ એકાદ માઈલ ફરી શકે તેવી તબિયત થઈ ગઈ. જૂન માસની શરૂઆતમાં મારી પત્નીની તબિયત ફરી પાછી લથડી, અને હું પચ્છેગામ દોડ્યો. દવા ચાલુ કરી. ફરી આરામ દેખાયો અને અમે વૈદ્યરાજની સલાહ મુજબ પચ્છેગામથી મુંબઈ આવવા રવાના થયાં.

પચ્છેગામથી રવાના થવાના એક દિવસ અગાઉ બપોરના સમયે ત્યાંના મારા સ્નેહી સાથે દવાની ફીના રૂ. ૩૦૧ લઈ

હું વૈદ્યરાજને આપવા તેમના ઘેર ગયો, અને એ રકમ ઓછી હોય તો જે વાજબી રકમ થાય તે આપવા માટે મેં વદ્યરાજ-ને વિવેકપર્વક વાત કરી.

વદ્યરાજે મારી વાત શાંતિપૂર્વક સાંભળી લઈ મને કહ્યું: 'અત્યારે તમારી પાસેથી દવા માટે મારાથી એક પાઈ પણ ન લઈ શકાય, પરંતુ તેમની તબિયત બરાબર સારી થયા બાદ તમે બંને અહીં જરૂર આવજો, અને તે વખતે તમે જે કંઈ આપશો તે બધું હું સ્વીકારી લઈશ.'

વૈદ્યરાજની વાત સાંભળી હું આશ્ચર્યચકિત થયો અને કહ્યું: 'તમને જે આપવાનું છે તે તો હું અને મારાં પત્ની ફરી વખત આવશું ત્યારે જ આપશું, પરંતુ જે દવાઓ તમે આપી છે તેની મૂળ કિંમત પેટે ઓછામાં ઓછી ત્રણસો એક રૂપિયાની રકમ તો તમારે સ્વીકારવી જ પડશે.'

મારી વાત સાંભળી વદ્યરાજ પ્રથમ તો હસી પડયા પણ પછી કહ્યું: 'સ્થૂલ દૃષ્ટિએ પૈસા લેવાદેવાની આ બધી ક્રિયાઓને અમે ભ્રમરૂપ માનીએ છીએ. આમાં આપનાર કોણ? લેનાર કોણ? હું અને તમે તો માત્ર સાક્ષીરૂપે જ છીએ. આપણું લક્ષ્યબિંદુ આવી તુચ્છ બાબત પ્રત્યે નહિ પણ માનવતા પર નિર્ભર હોવું જોઈએ. એટલે દવાના પૈસા લેવાની વાતને હું માનવતાના કલંક જેવી માનું છું.'

વૈદ્યરાજને લાગ્યું કે હું રડી પડીશ, એટલે ઊભા થઈ મારા હાથમાંથી સોસોની ત્રણ નોટો સાથેની જે એક રૂપિયાની નોટ હતી તે લઈને કહ્યું: 'બસ! હવે આ રૂપિયો સ્વીકારી તમને ઋણમુક્ત કરું છું.'

બીજા દિવસે એમના આશીર્વાદ લઈ અમે મુંબઈ આવવા માટે પચ્છેગામ છોડ્યું. વૈદ્યરાજની આ વાત યાદ કરું છું ત્યારે એમ લાગે છે કે આવા વિષમકાળમાં પણ દેવો સ્વર્ગમાંથી માનવરૂપે આ અવનિ પર આવી માનવતાના મધુર પુષ્પની સુગંધ ફેલાવી જાય છે. કેવી નિઃસ્પૃહતા !*

('અખંડઆનંદ' સપ્ટેમ્બર, ૧૯૬૩)

*પચ્છેગામના આ સુપ્રસિદ્ધ વૈદ્યરાજ શ્રી. નાગરદાસ બાપા હવે સ્વર્ગવાસ પામ્યા છે. મુંબઈમાં અનેક વૈદ્યરાજો છે અને બહારગામથી પણ ધંધાકીય દૃષ્ટિએ મુંબઈમાં અનેક વૈદ્યરાજો આવતા જતા હોય છે. પણ હવે તો વૈદ્યરાજોએ પણ કનસલટીંગ ચાર્જ—ફીના રૂપિયા લેવાનું શરૂ કર્યું છે અને એ દવાના પડીકાંઓની કિંમત પણ એલોપથી દવાના કરતાં ઓછી હોતી નથી. આ માટે વૈદ્યરાજો પણ દોષિત નથી, કારણ કે લોકોને જે કાંઈ સસ્તુ મળતું હોય તેની કિંમત નથી અને તેમાં શ્રદ્ધા પણ નથી. આજે તો જ્યાં જુઓ ત્યાં અર્થની પ્રધાનતા છે એટલે જેના ભાવ વધુ તેને ત્યાં ગ્રાહકોની સંખ્યા પણ વધારે. તેથી હવે આ યુગમાં નાગરદાસ બાપા જેવા વૈદ્યરાજો ભાગ્યે જ જોવાના મળે છે. —લેખક

જેને Summing up કહેવામાં આવે છે) શરૂ કર્યું; અને બીજા દિવસે પણ અઢી કલાક સુધી આ ક્રિયા ચાલુ રહી. જ્યુરીના સભ્યો બપોરના ૧॥ વાગે હાઇકોર્ટના ઉપલા માળે નિર્ણય કરવા ગયા. આરોપી નં. ૨-૩-૪ ની બાબતમાં બધા સભ્યોએ સર્વાનુમતે તેઓને નિર્દોષ ઠરાવ્યા. પણ આરોપી નંબર એકની બાબતમાં સભ્યો વચ્ચે તીવ્ર મતભેદ હતો, અને લંચના ટાઇમ સુધીમાં અમે નિર્ણય પર આવી ન શક્યા.

લંચ પછી બધા સભ્યોએ એકમત પર આવવા પ્રયત્નો કર્યા પણ તેમાં સફળતા ન મળી. જ્યુરીના નવ સભ્યો પૈકી પાંચ સભ્યોનો મત એવો હતો કે પહેલા નંબરનો આરોપી મરનારના ખૂન માટે નહિ એવી ઈજા કરવા માટે જવાબદાર હતો. જ્યારે ત્રણ પારસી સભ્યો અને હું આરોપીને શકનો લાભ આપી નિર્દોષ ઠરાવવાના મતમાં હતા.

દરેક વ્યક્તિને પોતપોતાનો સ્વતંત્ર મત હોય છે, અને કોઈ એક બાબત પરત્વે જુદીજુદી વ્યક્તિઓ જુદાજુદા અભિપ્રાયો ધરાવી શકે છે. આમાં અકળાવાનો કે કચવાટનો પ્રશ્ન ન હતો. આમ છતાં બહુમતી ધરાવનારા પક્ષના સભ્યોને મારું દૃષ્ટિબિન્દુ સમજાવવા મેં કહ્યું : કોઇપણ વ્યક્તિના અઘટિત અગર દુરાચારભર્યા આચરણ વિષે ન્યાય કરતાં પહેલાં કેવા સંજોગો અને પરિસ્થિતિ વચ્ચે એ કાર્ય બનવા પામ્યું છે, એ હકિકત પણ ધ્યાનમાં લેવી જરૂરી છે. સ્ત્રીના કારણે રામે રાવણને મારી નાંખ્યો, પણ તેમ છતાં આપણે રામની ગણના આદર્શ પુરૂષ તરીકે કરીએ છીએ. આ કેસ પણ રામ અને રાવણવાળી રામાયણની નાની આવૃત્તિ

નથી તો બીજું શું છે? પેલા દક્ષિણીબહેનના હૃદયમાં અનુકંપા અને દયા જાગ્રત થાય તે દૃષ્ટિએ મેં કહ્યું કે હકિકતમાં તો આ તોફાનના કારણે એક સ્ત્રી વિધવા થઈ છે, જ્યારે બીજી સ્ત્રીના ધણીને જેલમાં મોકલવાનું કામ કરી આપણે તેને પણ વિષમ પરિસ્થિતિમાં મૂકવાનું કાર્ય કરી રહ્યા છીએ. આ કેસ ચાલતો હતો ત્યારે કોર્ટમાં આરોપીની પત્ની તેના નાના બાળક સાથે આવી બેન્ચ પર બેસી રહેતી.

પરંતુ આમ છતાં, બેઉ પક્ષોના સભ્યો પોતપોતાના અભિપ્રાયમાં મક્કમ રહ્યા. લગભગ ચાર વાગે નામદાર જજ પાસે જઈ જ્યુરીના ફોરમેને અમારા ભિન્નભિન્ન અભિપ્રાયો તેમની સમક્ષ જાહેર કર્યા.

તે જ સાંજના કેસનું જજમેન્ટ આવી ગયું, અને નામદાર જજે તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કરી છોડી દીધા. લઘુમતીનો બહુમતી ઉપર વિજય થયો કે આખરે સત્યનો જય થયો, એ કહેવું એ તો આજે પણ મારા માટે અશક્ય છે.

( જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકા, નવેમ્બર ૧૯૬૩ )

## ૮. આપણા આદર્શો અને જીવનવ્યવહાર વચ્ચેની અસંગતતા

મૃત્યુ પામેલા માણસની પાછળ કારજની તિથિ મુકરર થાય છે, અને તે માટે લખાતા પત્રોમાં લખાય છે કે: 'પંચમ કાળ ઘણો જ કઠણ છે, માટે ધર્મ કરશે તે સુખી થશે.' આમ લખવાની પ્રથા બહુ જૂના કાળથી ચાલી આવે છે, એટલે એક વાત તો સાબીત થાય છે કે જેમ જેમ કપરો કાળ આવે તેમ તેમ માણસોનું લક્ષ ધર્માચરણ તરફ વધુ ને વધુ વળવું જોઈએ, કારણકે કઠિન કાળમાં ધર્મ કરનાર જ સુખપૂર્વક જીવી શકે છે.

કેટલાક કેળવાયેલા અને શિક્ષિત માણસો પ્રશ્ન કરે છે કે વર્તમાન કાળે ધાર્મિક ક્રિયાઓ તો મોટા પ્રમાણમાં થતી જોવામાં આવે છે, ધાર્મિક અનુષ્ઠાનો પણ ઘણા થાય છે, તપશ્ચર્યા વધી છે, જિનપૂજા–સામાયિક–પ્રતિક્રમણ કરનારાઓની સંખ્યામાં પણ વધારો થયેલો દેખાય છે. આમ છતાં, આ બધાના પરિણામે ચારિત્રની ઉજ્જવલતા–તેજસ્વીતા જે દેખાવી જોઈએ તેનો અનુભવ કેમ નથી થતો? આ પ્રશ્નનો વિચાર કરતાં લાગે છે કે બાહ્ય ક્રિયાની દૃષ્ટિએ આપણો વિકાસ થયો છે. પરન્તુ આવી બધી ક્રિયાને અનુરૂપ આચરણની બાબતમાં આપણે પછાત છીએ. જિનપૂજા અને બીજા ધર્મ અનુષ્ઠાનો માણસો કરે છે, તેમાં તેઓની દૃષ્ટિ જુદી જુદી હોય છે. ઘણા લોકો આ બધી ક્રિયાઓ તેમના વડીલો કરતા એટલે ગતાનુગતિક માફક તેઓ પણ કરે છે. બીજો વર્ગ એવો

પણ છે કે જેમને તેમના અપકૃત્યોનો પસ્તાવો થાય છે, અને પાપનો બોજો હળવો થાય. એ દૃષ્ટિએ તેઓ ક્રિયા કરે છે. ત્રીજો વર્ગ જીવનવ્યવહાર વ્યવસ્થાની જાળવણી અર્થે આવી બધી ક્રિયાઓ કરે છે, કારણ કે સમાજમાં તેમને રહેવું છે, સંતાનોને વરાવવાં-પરણાવવાં છે, એટલે આવી બધી ક્રિયાઓ કરવાની તેમને જરૂર લાગે છે. અલબત્ત, એવો પણ વર્ગ છે કે જે સમજણ અને નિષ્ઠાપૂર્વક આવી બધી ક્રિયાઓ કરે છે, પણ આ વર્ગની સંખ્યા અલ્પ છે. આમ ધાર્મિક ક્રિયાઓ-ધર્મ અનુષ્ઠાનો જીવનમાં જરૂરનાં છે, અને કોઈ માણસને આ બધાંના પરિણામે કાંઈ ફળ ન દેખાતું હોય તો તે માટે ધર્મ અનુષ્ઠાનોમાં દોષ જોવાને બદલે પોતાની જાતમાં દોષ જોવાની જરૂર છે. આપણી ધાર્મિક ક્રિયાઓ અને જીવનવ્યવહાર વચ્ચે કોઈ મેળ દેખાતો નથી. દાખલા તરીકે, અહીં આપણે બધા છીએ તે પૈકીના લગભગ સૌ દરરોજ ચૈત્યવંદન કરતાં **જયવીયરાયનું** સૂત્ર ભગવાનની પાસે બોલીએ છીએ, અને પ્રાર્થનાનું આ સૂત્ર બોલતી વખતે સૌથી પ્રથમ ભગવાનની પાસે આપણે **'ભવ-નિવ્વેઓ'**ની માંગણી કરીએ છીએ. ભવ નિવ્વેઓનો અર્થ સંસાર પ્રત્યેનો અણગમો એમ થાય છે. પરંતુ વાસ્તવિક જીવનમાં આપણે તેથી તદ્દન ઊંધી રીતે વર્તીએ છીએ. સંસાર પ્રત્યે અણગમો આવે, તેને જન્મ-મરણની ક્રિયા દુઃખ અને કંટાળારૂપ લાગે, એને બદલે આપણે વધુ ને વધુ ભવો કરવા પડે એ રીતનું જીવન જીવીએ છીએ. આમ આપણા આદર્શ અને જીવનવ્યવહાર વચ્ચે કોઈ મેળ ખાતો નથી, એટલે ચારિત્રની ઉજ્જવલતા કે નૈતિકતા જે દેખાવાં જોઈએ તે જોઈ શકાતાં નથી.

( એક પ્રવચન આધારિત જૈન સેવક ૧૦-૮-૧૯૬૪.)

## ૯. ભગવાન મહાવીરના એક સાચા ઉપાસક

જૈન સંસ્કૃતિ અને સાહિત્યમાં સંયમધર્મ તરફ વળતાં તેમજ સમાજસેવાને વરેલાં એવાં મનુષ્યોનાં ચરિત્રોની રૂપરેખા જાળવી રાખવાની પ્રથા છે. આર્યસંસ્કૃતિના સાહિત્યમાં પણ ઉપનિષદો, મહાભારત અને પુરાણ ગ્રંથોમાં કર્મયોગ, જ્ઞાનયોગ તેમજ ભક્તિયોગને વરેલાં એવાં અનેક મનુષ્યોના ચરિત્રો આપણે જોઈ શકીએ છીએ. જૈનધર્મના મૂળભૂત સાહિત્યમાંના સાતમા અંગમાં ભગવાન મહાવીરના દશ ઉપાસકોના જીવનની રૂપરેખા પણ બતાવવામાં આવી છે.

વિક્રમની વીસમી સદીમાં ભગવાનના આ દશ ઉપાસકોની હરોળમાં મૂકી શકાય એવા જે થોડા શ્રાવકો થઈ ગયા, તેમાં શ્રી વીરચંદભાઈ રાઘવજી ગાંધીનું નામ અગ્રસ્થાને આવે છે. એમની જન્મશતાબ્દિનો ઉત્સવ તા. ૨૫–૮–૧૯૬૪ના દિવ્ય જ્ઞાન સંઘ સંચાલિત સ્વ. વીરચંદભાઈ રાઘવજી ગાંધી સ્મારક સમિતિએ મુંબઈના કોટ જૈન ઉપાશ્રયમાં પૂજ્ય મુનિરાજ શ્રી ચિત્રભાનુની નિશ્રામાં ભવ્ય રીતે ઉજવ્યો.

સદ્ગત વીરચંદભાઈ ગાંધીનો જન્મ તા. ૨૫–૮–૧૮૬૪ ના દિવસે સૌરાષ્ટ્રમાં મહુવા ગામે થયો. મહુવા અતિપ્રાચીન અને ઐતિહાસિક શહેર છે, અને મહુવાની ભૂમિમાંથી જૈન-સમાજને અનેક રત્નો સાંપડ્યાં છે. શાસનસમ્રાટ, તીર્થોદ્ધારક, તીર્થરક્ષક સદ્ગત શ્રી. વિજયનેમિસૂરીશ્વરજી તેમજ સદ્ગત

વિપુલ સાહિત્ય આજે જોવામાં આવે છે. સદ્ગત વીરચંદ ગાંધીનાં વ્યાખ્યાનો એ રીતે જળવાઈ રહ્યાં હોત તો માત્ર ભારતની પ્રજા માટે નહિ, પણ જગતની તમામ પ્રજા માટે ભારે ઉપયોગી થઈ પડત. પુષ્પ ખીલે છે, તે કોઈ સુવાસ લે તે માટે જ નહિ, પરંતુ ખીલવું એ એની પ્રકૃતિ છે અને સુવાસ ફેલાવવી એ એનો સ્વભાવ છે. વીરચંદભાઈ એમનું આયુષ્ય અલ્પ હોવા છતાં ભારે સુવાસ ફેલાવી ગયા. જૈન સમાજ એ સુવાસનો લાભ ન લઈ શક્યો એ જૈન સમાજની કમનસીબી છે.

એમની જન્મશતાબ્દિના આ ભવ્ય પ્રસંગે જૈન સમાજે ભગવાન મહાવીરના એ ભવ્ય ઉપાસકનું તેને છાજે એ રીતનું ભવ્ય સ્મારક રચી, ભૂતકાળના એ કલંકને ભૂંસી નાખવું જોઈએ. એમની જન્મશતાબ્દિનો શુભ અવસર ભૂતકાળની આપણી ભૂલનું પ્રાયશ્ચિત કરવાની ઉત્તમોત્તમ તક છે, એમ માની શ્રમણ સંઘ તેમજ ભારતના જુદા જુદા પ્રાંતોના જૈન સંઘોએ એમના સ્મારકના કાર્યમાં સાથ અને સહકાર આપવો જોઈએ, અને આમ થાય તો એમના ભવ્ય સ્મારકનું કાર્ય જરા પણ મુશ્કેલ નથી.

(આત્માનંદ પ્રકાશ ઑક્ટોબર, ૧૯૬૪)

# ૧૦. ધાર્મિક ઉત્સવો

પૂ. કસ્તૂરબાના સ્વર્ગવાસ પછી તેના સ્મારક માટે આખા દેશના ગામડાઓમાં વસતી સ્ત્રી જાતિના લાભાર્થે રૂ. ૭૫ લાખ ભેગા કરવાનું નક્કી કરવામાં આવ્યું, અને તે ફાળો તેનું [illegible] એક કરોડ ત્રીસ લાખની આસપાસ પહોંચ્યો. આ [illegible] રકમ તા. ૨ [illegible] ઑક્ટોબર ૧૯૪૪ ને દિવસે શ્રી [illegible] ગાંધીજીને અર્પણ કરવામાં આવી હતી.

સેવાગ્રામમાં આ બધા મેળાવડાના અવસરે પૂ. વિનોબાજી [illegible] શ્રી. જમનાલાલજીના ઉત્સાહી પુત્રી [illegible] મંડપમાં સુંદર રંગોળીઓ [illegible] અને [illegible] દીવાઓ પૂરીને મંડપને ઝળાંઝળાં કરી મૂકવાનું [illegible]. પૂ. ગાંધીજીએ આવી બધી તૈયારીઓ [illegible] લાખો [illegible] [illegible] ?" [illegible] દીવાઓ [illegible]

આડંબરો ઘણી વખત અંદરની ભક્તિની ન્યૂનતાના પ્રતીક રૂપે હોય છે. એટલે આવા બધા ઉત્સવો અને સમારંભોમાં જેટલી વધુ સાદાઈ અને ઓછી ટાપટીપ હશે એટલા પ્રમાણમાં તે વધુ દીપી નીકળશે.

દેશકાળ અને અન્ય બહાના નીચે આવા ધાર્મિક સમારંભો અને અનુષ્ઠાનોની અવહેલના અને ટીકા કરવી, તેમજ ગલીચ ભાષામાં પત્રિકાઓ બહાર પાડવી, એ આજે આપણા સમાજમાં એક પ્રકારની ફેશન થઈ પડી છે. પરન્તુ આવી પદ્ધતિ રચનાત્મક નથી અને તેથી અનુમોદનને પાત્ર નથી. નિંદા અને માત્ર ટીકાઓ કરવાથી લોકસમાજ સુધરી શકતા નથી, પણ આવા ઉત્સવો અંગે દેશકાળને અનુસરી જરૂરી ફેરફારો કરવાની આવશ્યકતા સંબંધમાં શાંતિપૂર્વક લોકમત કેળવવો જોઈએ. સત્તાના બળથી અગર નિંદાના પ્રહારથી આ કાર્ય સિદ્ધ ન થઈ શકે, પણ માત્ર પ્રેમ અને વિનમ્રતાના માર્ગે જ આ કાર્ય સરળ અને શક્ય બને.

('જૈન' ૨૩-૧-૫૫.)

# ૧૧. स्वधर्मे निधनं श्रेयः

ભગવદ્ગીતાના ત્રીજા અધ્યાય પર સ્વામી શ્રી ચિન્મયા-નંદજી વિવેચન કરી રહ્યા હતા. મહાભારતના યુદ્ધ વખતે અર્જુનને પોતાના જ સંબંધીઓ, સ્નેહીઓ અને કુટુંબીજનો સામે યુદ્ધ કરવામાં ક્ષોભ થતો હતો, ત્યારે **શ્રીકૃષ્ણે** તેને ઉપદેશ આપતાં કહ્યું: '**આચરવામાં કઠણ છતાં પણ સ્વધર્મ, આચરવામાં સહેલા પરધર્મથી વધારે** પાળવા લાયક છે. સ્વધર્મમાં મરણ શ્રેષ્ઠ છે, પણ પરધર્મ ભયજનક છે.' પરધર્મ–પારકાનું કર્મ શરૂઆતમાં તો [illegible] આપણને લલચાવી મૂકે પણ છેવટે તેનો પરાજય [illegible] છે. પછી [illegible] નિરાશ થવાનું છે, અને [illegible] શ્રદ્ધા હોય ત્યાં પરધર્મ માટે [illegible] [illegible].

તેઓનું શું થયું તે તો જાણી લઉં.' પચાસ પચાસ વર્ષોના સંન્યસ્ત પછી પણ ભૂતકાળમાં સંન્યાસીએ કરેલી ભૂલ તેના અંતરાત્માને ડંખી રહી હતી. તપ, ત્યાગ અને સંયમના આચરણથી સંન્યાસીને અપૂર્વ શાંતિ અને આત્મદર્શન થવાને બદલે તેના પુત્ર અને પત્નીની ફીકર થતી હતી. કહેવાનું તાત્પર્ય એ છે કે મનુષ્ય માત્રે પોતે જેને લાયક છે, તેમજ પોતાને ભાગે આવેલાં કર્તવ્ય કર્મમાં રાત દિવસ મંડ્યા રહેવું જોઈએ. પોતાના કર્તવ્યમાં આચરણની દૃષ્ટિએ કઠિનતા હોય તો પણ તેનો સામનો કરી ઝઝુમવું જોઈએ. છેવટે તો સ્વભાવ પ્રકૃતિ જ જીતે છે, કારણ કે અંતમાં જેનો જે સ્વભાવ નથી તેને તે વફાદાર રહી શકતો નથી. તેથી કહેવાય છે કે આચરેલા પરધર્મ કરતાં તો કઠિનતાથી આચરાતો સ્વધર્મ વધારે પ્રશસ્ત છે. કાગડો હંસની ચાલ ચાલી શકતો નથી, અને તેમ છતાં ચાલવા જાય તો પરિણામે તે પોતાની ચાલ પણ ભૂલી જાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ આવા જ પ્રકારની વાત કરતાં કહેવામાં આવ્યું છે કે કોઈ માણસ માત્ર પોતાનું મસ્તક મૂંડાવી લે, તેથી કાંઈ સાધુ બની શકતો નથી. પણ સાધુ થવા માટે તો તેનામાં સમતા-સમભાવના ગુણો હોવા જોઈએ. માત્ર ૐ મંત્રનો જાપ જપવાથી કોઈ બ્રાહ્મણ બની શકતો નથી પણ બ્રાહ્મણ બનવા માટે તો શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. નિર્જન વનમાં એકાન્ત કરી, રહેવા માત્રથી કોઈ મુનિ થઈ શકતું નથી. પણ મુનિ થવા માટે તો જ્ઞાન પ્રાપ્ત કરવું જરૂરનું છે. વલ્કલનાં કપડાં પહેરે તે તાપસ

કરવાથી કોઈ તપસ્વી બની જતો નથી, પણ તે માટે તો તપશ્ચર્યા કરવી જરૂરી છે.

માણસ પોતે પોતાના સ્વભાવ-પ્રકૃતિનો બારીકાઈથી અભ્યાસ કરે, વૈજ્ઞાનિક પદ્ધતિ મુજબ સંશોધન કરે અને પછી જ પોતાનો જીવનમાર્ગ નક્કી કરે. માણસ પોતાનું સાચું મૂલ્યાંકન સમજી શકે તો તે જ તેના જીવનની એક મોટામાં મોટી સફળતા છે.

(જૈન સેવક, ડિસેમ્બર, ૧૯૬૫.)

## ૧૨. ઉપદેશ અને આચરણ

( કહેવા અને કરવામાં ફરક રહે, વાણી અને વર્તનમાં ભેદ હોય, ઉપદેશ અને આચરણમાં ફેર હોય તે કથનનું કાંઈ મૂલ્ય નથી. વાતોની કોઈ કિંમત નથી. ઉપદેશની કોઈ મહત્તા નથી. ઉપદેશમાં જૈન સમાજ નાનો હોવા છતાં સહુથી મોખરે છે, પરંતુ આચરણમાં આપણે પાછળ રહેલા છીએ તે હકીકત છે. જૈન ધર્મના સિદ્ધાંતોને જીવનમાં ઉતારનાર અને પ્રખર અનુભવી વિદ્વદ્વર્ય શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા એક નાનીશી અનુભવ કથાની દ્વારા ઉપદેશ અને આચરણની જૈનસમાજે અપનાવવા જેવી મહત્ત્વની વાત કહી જાય છે. જૈન ધર્મની જ્યોતિને વધુ જ્વલંત બનાવવી હોય અને એના ધ્વજને વિશેષ ઉન્નત રીતે લહેરાવવો હોય તો ઉપદેશ અને આચરણની સમતુલા જાળવવી પડશે........**તંત્રી.**)

ગિરનારજી તો હું ઘણી વખત ગયો છું. પણ ૧૯૫૦ ના મે-જૂનમાં લગભગ દોઢેક માસ સુધી કુટુંબ સાથે ગિરનારજી પર રહેવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. અંબાજીની જગ્યા પાસે આવેલી શેઠ નાનજી શાંતિદાસની જગ્યામાં અમે રહ્યા હતા.

ગિરનારની જાત્રાનો સાચો પ્રસાદ તો ચાંદની રાતે જ માણી શકાય છે. દિવસોમાં તાપ, ભીડ, યાત્રાળુઓનો કોલાહલ હોય છે. પણ એક રાતે ચાંદની રાતે ગિરનારજી પર

દેવલોકની ઝાંખી આપણને થઈ શકે છે. દેવલોકને પૃથ્વી પર સાકાર રૂપમાં જોવું હોય તેણે ગિરનારજી પર રહેવું જોઇએ.

ઉપરકોટના જૈન મંદિરો, શેષાવન, ભરતવન, હનુમાનધારા, ગૌમુખી ગંગા, અંબાજી, ગોરખ ટૂંક, દત્તાત્રયની ટૂંક, સાત પડા, રાજુલા ગુફા, હાથી પગલા, પથ્થરચટ્ટી, સેવાદાસની જગ્યા અને તેની ગુફાઓ, કમંડળ કુંડ અને પાંડવ ગુફા—આ બધાં પવિત્ર અને મનોહર સ્થાનો જુદા જુદા પ્રકારનાં દેવવિમાનો જેવાં લાગે છે. **ગિરનારજી એટલે પૃથ્વી પરનું જીવંત-જાગ્રત દેવલોક.** ભાવિ ચોવીશીના બધા તીર્થંકરોની નિર્વાણભૂમિ ગિરનાર છે, તેથી એક રીતે તો દેવલોકના દેવો માટે પણ ગિરનાર એ તીર્થભૂમિ છે.

થતું. ખંડન કે મંડન કરે તો તો ચર્ચામાં આનંદ આવે, પણ તેઓ તો મૌન જ સેવતા.

ગિરનારજી પર જૂન માસથી જ વર્ષાદનાં ઝાપટાં પડવાં શરૂ થાય છે. જે જગ્યામાં હું રહેતો હતો તે જગ્યાના બે સાધુઓ એક દિવસે જૂનાગઢ કોઈ વસ્તુઓ ખરીદવા ગયા હતા અને પાછા ફરતાં રાત પડી ગઈ. ઉપરકોટ આપણાં દેરેન મંદિરો નજીક પહોંચતાં વરસાદ તૂટી પડ્યો અને મોડી રાતે પલળતા તેઓ આવ્યા. બીજે દિવસે અમે સૌ નીચે ઊતરવાના હતા. મેં પલળી ગયેલા સાધુઓને કહ્યું: 'આમ ભીંજના ભીંજતા આવવાને બદલે તમારે રાત અમારી (જૈનોની) ધર્મશાળામાં જ રહી જવું હતું ને!' બંને સાધુઓની પાસે જ વશરામગિરિજી ઊભા હતા અને મારી વાત સાંભળી મનમાં જ હસતા હોય એવું મને લાગ્યું. પછી મારી નજીક આવીને બોલ્યા: 'મનસુખભાઈ! તમારી ધર્મશાળાઓમાં કોઈ પણ જ્ઞાતિ કે કોઈ પણ ધર્મના લોકો આવીને રહી શકે છે ખરા? મોટીની જગ્યામાં હજૂરોને નવાબ પરમાનંદદાસભાઈ (પ્રબુદ્ધ જીવનના તંત્રી શ્રી પરમાનંદદાસ કાપડિયા પણ તેમના કુટુંબ સાથે બે વખત થોડા દિવસો માટે ગિરનારજી રહેવા આવ્યા હતા) પણ રહી ગયા. પણ જૈન ધર્મ તો બહુ મોટો ધર્મ [illegible] તમારી (જૈન) ધર્મશાળાઓમાં તો [illegible] અન્ય ધર્મીને ક્યાંથી આશરો મળી શકે? નહિ તો [illegible] જૈન ધર્મી અને અમે તો અન્ય ધર્મી.'

વશરામગિરિજીની વાત સાંભળી હું શરમાઈને નીચું જોઈ રહ્યો. [illegible]

વાતોનો એ કેમ જાણે પ્રત્યુત્તર આપી રહ્યા હોય તેમ બોલ્યા : "જૈનધર્મ મહાન ધર્મ છે એવા તમારા કથનમાં મને જરા પણ શંકા નથી, પરંતુ **કથનની પાછળ તેને અનુરૂપ આચરણ ન હોય તો એવા કથન એક પ્રકારના પાખંડરૂપ બની જાય છે. ધર્મનો ઉપદેશ આપવો એ એક વસ્તુ છે અને ધર્મનું આચરણ કરવું ને જુદી વસ્તુ છે.** જૈન ધર્મ વિશ્વધર્મ થવાને યોગ્ય છે તે સાચું પણ એ વિશ્વધર્મ થાય તે પહેલાં તમારા જુદા જુદા વાડા–દિગમ્બર, શ્વેતામ્બર, સ્થાનકવાસી, તેરાપંથી, લોકાગચ્છ, તપાગચ્છ, અંચળગચ્છ, ખડતલગચ્છ, આ બધાંને તો એક કરો. જગતને સુધારવા નીકળ્યા હોવાનો દાવો કરનારાઓ સૌથી પ્રથમ તમારૂં ઘર તો તપાસો! તમે સૌ ભગવાન મહાવીરના અનુયાયીઓ હોવાનો દાવો કરો છો, પણ મહાવીરના અનુયાયી કહેવરાવવા માટેની તમારી લાયકાત શી છે તેનો તો જરા વિચાર કરો!"

વશરામગિરીજીની વાત સાંભળી હું સ્તબ્ધ થઈ ગયો. જૈનધર્મ અને જૈન સમાજમાં પ્રવર્તી રહેલી પરિસ્થિતિ વિષેના તેના જ્ઞાનથી હું ડઘાઈ ગયો અને મને કાપો તો લોહી ન નીકળે એવી મારી સ્થિતિ થઇ. બીજે દિવસે તો રજા લઇ અમે સૌ ગિરનારજી પરથી નીચે ઉતરી ગયા.

આપણે એ ભૂલી જઇએ છીએ કે ધર્મનું બીજ, ધર્મશાસ્ત્રોમાં નહિ પણ માનવહૃદયમાં છે. જો એ બીજ માનવહૃદયમાં ન હોય તો ધર્મશાસ્ત્રો અને ધર્મગ્રંથોનો એવા માણસ માટે કશો ઉપયોગ નથી રહેતો.

(જૈન સેવક તા. ૨૦–૩–૬૬)

# ૧૩. परं वा परसंगं वा धम्मं मन्नइ जो जडो

થોડાં વરસો પહેલાંની વાત છે.

વિદ્યાર્થીઓને સહાય આપવા માટે એક ટ્રસ્ટ તરફથી અરજીઓ માંગવામાં આવી હતી. તે અરજીઓમાં મારા એક નિકટના સંબંધી તેમજ દરેક રીતે સાધન સંપન્ન એવા એક વડીલ અને સ્નેહીજનના પૌત્રની અરજી જોઈ આશ્ચર્ય અને આઘાત થયાં.

અરજદાર વિદ્યાર્થીના પિતા એટલે પેલા વડીલ અને સ્નેહીજનના પુત્રને બોલાવી અરજી કરવાનું કારણ પૂછતાં તેણે જણાવ્યું કે તેના પિતાથી છૂટા થઈને તે મુંબઈમાં સ્થાયી થયા છે, અને તેની કફોડી આર્થિક પરિસ્થિતિના કારણે અરજી કરવી પડી છે. પોતાને પિતાથી ફારેગ થવું પડ્યું અને પિતાની સંપત્તિ પર હવે તેનો કોઈ હક્ક રહ્યો નથી એ બધી વાત જાણતાં દિલને સખત આંચકો લાગ્યો.

પેલા સંબંધી અને સ્નેહી બારવ્રતધારી શ્રાવક છે અને તેના ગામમાં મુખ્ય શેઠ તરીકેની સારી પ્રતિષ્ઠા ધરાવે છે. ગામના તેમજ જ્ઞાતિના ફંડફાળામાં તેનું નામ મોખરે હોય છે. જિનમાર્ગની આરાધના પ્રત્યે અપૂર્વ પ્રેમ અને ચારિત્ર પણ ઉત્તમ. જ્ઞાન અને ક્રિયા બંનેનો એના જીવનમાં સુમેળ, એટલે મને વિચાર આવ્યો કે આવો માણસ એક પિતા તરીકે પોતાના જ પુત્ર અને પૌત્રો સાથે આવો બેહૂદો વર્તાવ કેમ રાખતો હશે?

દેશમાં જવાનું થયું ત્યારે પેલા વડીલ સ્નેહીજનના ગામે ગયો અને તેનો મહેમાન બન્યો. રાતે અમે એક જ રૂમમાં સૂતા હતા એટલે મેં મુંબઈમાં તેના પુત્રની કઢંગી આર્થિક પરિસ્થિતિ અંગે ચર્ચા કરી તેથી તેમણે કહ્યું: મારા દ્વિતીય લગ્ન પછી ત્રણેક વરસે મારા પુત્રના લગ્ન કર્યાં. મારી મૃત પત્નીનાં સ્મરણ રૂપે તે એક જ પુત્ર હતો એટલે તેના પ્રત્યે મને ઘણો પ્રેમ હતો. પણ **સુનંદા** (તેમની પુત્રવધૂ) ને તેની સાસુ સાથે ન બન્યું. દરરોજ ઝઘડા થવા લાગ્યા અને પરિણામે અમારા–પિતાપુત્રનાં મન પણ ઊંચાં રહેવા લાગ્યાં. સુનંદા તેની સાસુની સ્પર્ધા કરતી અને જે વસ્તુ તેની પાસે હોય તે વસ્તુ તેની પાસે પણ હોવી જ જોઇએ એવો આગ્રહ ધરાવતી. તેની આવી વર્તણુકથી ઘરની શાંતિ લુપ્ત થઈ અને પુત્રને મારી મિલકતનો અમુક હિસ્સો આપી ફારગતી લખાવી છૂટો કર્યો. ત્યાં ધંધામાં મારી આપેલી સઘળી રકમ તેણે ગુમાવી અને ભીખ માગતો થયો તેમાં મારો શો દોષ? પુત્ર પ્રત્યેના ધર્મની માફક પત્ની પ્રત્યેનો પણ ધર્મ હોવો જોઇએ. મારા ધન મિલકત પર હવે તેનો કશો કાયદેસર હક્ક રહેતો નથી.

પુત્રવધૂના દોષને આગળ કરતા અને પત્નીનો પક્ષ ખેંચતા માણસ પ્રત્યે મને નફરત થઈ, અને તેની બધી વાતો સાંભળી હું મનમાં સમસમી રહ્યો. વહેલી સવારમાં શેઠ ઊઠીને પ્રાર્થના કરતા બોલી રહ્યા હતા: 'હે પરમાત્મા! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું. મારામાં વિવેક શક્તિ નથી, હું મૂઢ છું, નિરાશ્રિત છું, અનાથ છું. નિરાગી પરમાત્મા! હવે હું તમારૂં, તમારા

મુનિનું શરણુ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થાઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરૂં છું.'

કોઈપણ સત્ય વાત હંમેશાં મધુર ભાષામાં જ કહેવી જોઈએ, તેમ છતાં કેટલાંક સત્યો એવાં હોય છે કે જે કહેતાં સ્વાભાવિક રીતે જ તેમાં કટૂતા–કડવાશ આવી જાય છે. શેઠ વરસોથી નિયમિત સવારના તેની પ્રાર્થના બોલતા એની મને જાણુ હતી. એટલે પથારીમાંથી બેઠા થઇને તેની પ્રાર્થનાને આગળ જતી અટકાવતાં મેં તેમને કહ્યું : 'ભૂતકાળનાં **પાપોનો પશ્ચાત્તાપ પ્રાર્થના દ્વારા તો દરરોજ કરો છો, પણ એને અનુરૂપ આચરણુ કર્યા સિવાય પાપોનો નાશ થઈ શકતો નથી.** વાણી અને વર્તન વચ્ચે સુમેળ ન હોય તો તેના માટે બોધદાયિક પ્રાર્થના બોલવી એ પણ એક પ્રકારના દંભરૂપ બની જાય છે. તમારો પુત્ર તેનાં કરેલાં કર્મો ભોગવે છે એ તાત્ત્વિક દૃષ્ટિએ સાચું હોય તોપણ ન્યાય દૃષ્ટિએ તો તે તમારાં કરેલાં કર્મોનું ફળ ભોગવે છે. મૃત પત્નીના સ્મરણુ રૂપેના એકના એક પુત્રને તમે રસ્તાનો રખડતો ભિખારી બનાવ્યો છે. તમને તો મૃત પત્નીને બદલે જીવન્ત પત્ની મળી ગઈ, પણ પુત્રની સાચી માતા ગઈ એ કાંઇ તેને ફરી ઓછી મળવાની છે? **મૃત પત્નીનું સ્મરણુ નવી પત્ની લાવીને નથી જાળવી શકાતું,** એનું સ્મરણુ તો એના પુત્રની માતા બનીને જ તમે જાળવી શકયા હોત !'

મારી દલીલની કશી અસર વ્રતધારી શેઠ સાહેબ પર ન થઈ. **જે માણુસ પોતે એશઆરામ અને સુખ**

**વૈભવમાં આનંદપૂર્વક રહેતો હોવા છતાં પોતાની પ્રજા અને કુટુંબીજનોની સારસંભાળ ન રાખે, અને ઉપરથી વળી તેઓ તેમનાં કર્મોનું ફળ ભોગવે છે એવી દલીલ કરે તે બેહૂદું છે.** આવો માનવી ઈશ્વરભક્ત હોય તોયે શું? ધર્મ અનુષ્ઠાનો કરતો હોય તોયે શું? બાર કે બારસો વ્રતધારી હોય તોયે શું? દાનવીર કે મહાજ્ઞાની ગણાતો હોય તોયે શું? માણસમાં ગમે તેવા સદ્ગુણો હોવા છતાં જો તેનામાં વિવેક-વિનયની ઊણપ હોય તો વિદ્વાન પાંડિત્ય જડ બને છે, તત્ત્વજ્ઞાની વાંકદેખો બને છે, સૈનિક હેવાન નીવડે છે અને ગમે તે માણસ અકારો બની જાય છે.

આવા અવિવેકી અને જડ માણસો વિષે મહર્ષિ હરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે :—

सुअवं सीलवं चाइ जिणमग्गायरणारई ।
परं वा परसंग वा घम्मं मन्नइ जो जडो ॥

અર્થાત શ્રુતજ્ઞાની, શીલવંત, ત્યાગી અને જિનમાર્ગની આચરણામાં પ્રીતિવાળો જે પરવસ્તુને કે પરવસ્તુના સંગને ધર્મ માનતો હોય તો તેને જડ-અવિવેકી સમજવો.

(જૈન સેવક ૧૨-૯-૬૬)

## ૧૪. ક્ષમાપના

મંત્રોમાં નવકાર મંત્ર, તીર્થધામોમાં શ્રી શત્રુંજય, દાનોમાં અભયદાન, ગુણોમાં વિનય ગુણ, વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત અને સર્વ પર્વોમાં શ્રી પર્યુષણ પર્વ જેમ શ્રેષ્ઠ છે, તેમ શાસ્ત્રકારોએ તપમાં ક્ષમાને શ્રેષ્ઠ કહેલ છે. ક્ષમાનો અર્થ સહન કરવું એવો થાય છે. આપણા સાધુ-મુનિરાજો તેમજ બૌદ્ધ ધર્મના ભિક્ષુઓને 'ક્ષમણક' પણ આજ અર્થમાં કહેવામાં આવે છે. શાસ્ત્રકારોએ પર્યુષણ પર્વની આરાધના અર્થે મુખ્ય પાંચ કર્તવ્યો બતાવ્યાં છે, તે આ પ્રમાણે છે :- (૧) અમારી પ્રવર્તન (૨) સાધર્મિક વાત્સલ્ય (૩) પરસ્પર ક્ષમાપના (૪) અઠ્ઠમ તપ (૫) ચૈત્ય પરિપાટી.

ક્ષમાનો અર્થ દરગુજર કરવું અર્થાત માફી એવો થાય છે. પર્યુષણ પર્વ પણ એક રીતે ક્ષમાની આપ-લે માટેનું પર્વ છે. આખા વરસ દરમ્યાન જેની જેની સાથે મનદુઃખ, ઘર્ષણ કે ક્લેશ કંકાસ થયા હોય, દ્વેષભાવના જાગી હોય અગર મનમાં અન્યના આપણી સાથેના વર્તાવ બાબતમાં કટુતા ઉત્પન્ન થઈ હોય તો, તેઓ સૌ સાથે પર્યુષણ પર્વમાં ક્ષમાપના કરવી જોઈએ અર્થાત અરસપરસ માફી માગીને મનમાંથી એ શલ્યને દૂર કરવું જોઈએ.

બાહ્ય વસ્તુઓ મલિન થઈ ગઈ હોય તો તેને સ્વચ્છ કરવા આપણે પુરતું લક્ષ આપીએ છીએ. કપડાં મેલાં થઈ

જાય કે તરત જ ધોવા માટે આપણે વોશીંગ કંપનીમાં મોકલી આપીએ છીએ. એક દિવસ પણ નહાવાનું ન બને તો આપણને શરીર ગંદુ ગંદુ લાગે છે અને સ્નાન કર્યા પછી જ આપણે સ્ફૂર્તિ અનુભવીએ છીએ. પેટમાં કચરો જામતાં આપણને બેચેની થાય છે. એકજ દિવસ માટે પણ આપણને દસ્ત સાફ નથી આવતો તો અકળામણ થાય છે અને જલદીથી ડોક્ટર પાસે દોડી જઈએ છીએ. કબજિયાત થાય ત્યારે ભૂખ મરી જાય છે, કારણ કે પેટમાં કચરો જામી ગયો હોય છે અને તેને દૂર કર્યા વિના ખાવાનું મન નથી થતું. નિત્ય જીવનમાં આપણે આ બધી વસ્તુઓ સારી રીતે સમજીએ છીએ. તનના રોગોની બાબતમાં બધું સમજવા છતાં મનના રોગોની બાબતમાં આપણને ભાગ્યેજ વિચાર આવે છે. ક્રોધ, કામ, ઇર્ષ્યા, અહંકાર, કપટવૃત્તિ, અન્ય પ્રત્યે ધિક્કાર, નફરત, તિરસ્કાર, વેરભાવ, દ્વેષવૃત્તિ આ બધાં જ મનના રોગો છે. આ રોગના જંતુઓ જ્યાં સુધી આ બધા શલ્યો દૂર નથી કરવામાં આવતાં ત્યાં સુધી આપણને ચોંટી જ રહે છે. દેહના રોગો કરતાં પણ મનના રોગો ભારે ખતરનાક હોય છે, એટલું જ નહિ, પણ વિજ્ઞાને હવે પૂરવાર કર્યું છે કે માણસ માત્રને જે શારીરિક રોગો થાય છે તેના માટે મનની અસ્વસ્થતા, કલુષિતતા અને અવ્યવસ્થા જ મોટા ભાગે જવાબદાર હોય છે. પર્યુષણ પર્વ મહાપર્વ ગણાય છે તેનું કારણ એ છે કે આ પર્વમાં ઉપવાસ દ્વારા દેહની શુદ્ધિ થાય છે, ક્ષમાપના દ્વારા મનની શુદ્ધિ થાય છે અને જેટલા પ્રમાણમાં દેહ અને મન વિશુદ્ધ બને છે તેટલા પ્રમાણમાં આત્મા પણ નિર્મળ બને છે.

કહ્યું છે કે: 'સર્વ અન્યાય ને જુલમ સહેવા જગે, સર્વ અપરાધને દોષ ક્ષમવા.'

પર્યુષણ પર્વના અંતે સગા સંબંધીઓ, મિત્રો અને સ્નેહીજનો પાસે આપણે 'મિચ્છામિ દુક્કડં' માગીએ છીએ અને ક્ષમાપના માટે પત્રો પણ લખીએ છીએ. વ્યવહારથી લોકો ખમે અને ખમાવે છે, પણ આ બધું માત્ર ઔપચારિક બાહ્ય દેખાવ પૂરતું જ છે. ક્ષમા અને ક્ષમાપનાનો હેતુ માત્ર વ્યવહાર નથી, આ ક્રિયા તો આંતરિક શુદ્ધિ અર્થે કરવાની છે. ક્ષમાપનાનો સાચો ઉદ્દેશ જીવન સુધારણા–જીવનશુદ્ધિ કરવાનો છે, મનને શલ્ય રહિત બનાવવાનો છે. પગમાં એક નાનકડો કાંટો લાગ્યો હોય તે વખતે પણ આપણને ચાલવામાં મુશ્કેલી થાય છે અને આપણું મન કાંટામાં જ વળગી રહે છે. જો નાનકડો કાંટો આપણને આવી હરકત કરી શકે તો અન્ય વ્યક્તિ પ્રત્યેના તિરસ્કાર, ધિક્કાર, ઘૃણા આપણી જાતને કેટલું નુકસાન કરી શકે તેનો આપણે વિવેક દૃષ્ટિએ વિચાર કરવો જોઈએ.

ક્ષમાની વ્યાખ્યા આપતાં આપણા એક વિદ્વાન આચાર્ય મહારાજશ્રીએ કહ્યું છે કે: 'જો કોઈ ક્રોધાવેશમાં આવી જઈ શત્રુની માફક વિચિત્ર વિરૂપ ચેષ્ટાઓ કરે અને નહિ સાંભળી શકાય તેવાં કર્કશ વચનો બોલે; ગાલીપ્રદાન કરે, ત્યારે પણ તેના પ્રતિ કોપોત્પાદક કારણ છતાં મનનાં પરિણામોને કલુષિત ન થવા દે, તેને જ ક્ષમા કહેવામાં આવે છે.' મહર્ષિ પતંજલીએ પણ આવી આધ્યાત્મિક શાંતિ દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત થાય છે, તેને 'ઋતંભરા પ્રજ્ઞાત્' અર્થાત્ 'સત્યથી ભરપૂર જ્ઞાન' એમ કહ્યું છે.

સંસાર અને જીવન વિષે જેઓ ઓછામાં ઓછું જાણે છે તેઓ જ અન્ય વ્યક્તિઓ અને સંબંધીઓની મોટામાં મોટી ફરિયાદો કરતા જોવામાં આવે છે. સંસાર અને જીવન વિષે જેઓ વધુમાં વધુ સમજતા હોય છે, તેઓને કોઈની વિરૂદ્ધમાં ભાગ્યે જ ફરિયાદ કરવાની હોય છે, કારણ કે તેઓ જાણતા હોય છે કે વ્યક્તિ માત્ર તેની પ્રકૃતિ અનુસાર જ વર્તતી હોય છે અને પ્રકૃતિ કર્માનુસાર પ્રાપ્ત થયેલી હોય છે, પછી એ બાબતની ફરિયાદ–ગુસ્સો–ક્રોધ કરવાનો અર્થ શું છે ?

ઉપકારી, અપકારી, વિપાક, આજ્ઞા અને ધર્મોત્તર એવા પાંચ ક્ષમાના પ્રકારો છે. 'આ મારો ઉપકારી છે, તો તેના દુર્વચનાદિ સહન કરવા યોગ્ય છે.' એમ સમજી ઉપકારીને વિશે ક્ષમા રાખવી તે ઉપકારી ક્ષમા. 'હું તેના દુર્વચનાદિ નહિ સહન કરૂં તો તે મારો અપકાર કરશે' એ ભાવનાથી જે ક્ષમા રાખવામાં આવે તે ક્ષમાના પરિણામને અપકારી ક્ષમા કહેવાય. 'નરકાદિ દુર્ગતિમાં કર્મના ફળનો અનુભવ કરવો પડશે' એવા વિચારથી દુ:ખથી ભીરુ હોવાને લીધે ક્ષમાના પરિણામ થવા, તેને વિપાક ક્ષમા કહેવામાં આવે છે. 'ક્રોધ ન કરવો' ઇત્યાદિ આગમને અવલંબીને ક્ષમાના પરિણામ થાય તેને આજ્ઞાક્ષમા કહેવાય છે. શરીરનો છેદ, દાહ વગેરે થાય તો પણ બીજાનો ઉપકાર કરનાર–સહજભાવે સ્વાભાવિક રીતે થયેલાં ક્ષમાના પરિણામને ધર્મોત્તર ક્ષમા કહેવામાં આવે છે, અને આપણું ધ્યેય આ ધર્મોત્તર ક્ષમાનું હોવું જોઈએ. ધર્મોત્તર ક્ષમા એ જ ઉત્તમોત્તમ ક્ષમા છે.

શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં (અ. ૨–૨૦) કહ્યું છે કે : 'आत्मवत् सर्वं भूतेषु सुखदुःखे प्रियाप्रिये' અર્થાત્ જેમ આપણને પોતાનું સુખ વહાલું છે તેમ આ સંસારમાં તમામ જીવોને પણ સુખ પ્રિય હોય છે અને દુઃખ અપ્રિય હોય છે; એટલે આ સંસારમાં અન્ય જીવો સાથે આપણે એવું વર્તન રાખવું જોઈએ કે જે વર્તનથી સામા જીવને દુઃખ કે પરિતાપ ન ઉપજે. આમ કાળજીપૂર્વક જીવવા છતાં આપણાથી જાણતાં-અજાણતાં કોઈ જીવ પ્રત્યે અપરાધ થઈ જાય તો ક્ષમા માગવાનો આપણો ધર્મ છે. આમ ક્ષમાપના માર્ગે માણસનું જીવન શુદ્ધ અને દોષરહિત બની જવું જોઈએ. 'આગે સે ચલી આતી હૈ'ની માફક માત્ર ક્ષમાપનાનાં સૂત્રો બોલવાથી કે લખવાથી તો માત્ર એક પ્રકારનો દંભ કેળવાય છે. ક્ષમાપનાનું મૂલ્ય ઓછું ન આંકતાં જીવનશુદ્ધિ અને જીવન સુધારણા માટે એ એક સર્વોત્તમ રસાયણ છે તે આપણે સમજી લેવું જોઈએ.

(સેવા સમાજ ૧૮–૯–૬૬)

## ૧૫. દીર્ઘદ્રષ્ટા આ. વિજયવલ્લભસુરીશ્વરજી

જેમ ઋતુઓ અને સમય બદલાય છે તેમ
વ્યવહારમાં પણ ફેરફાર કરવા પડે છે. આ રીતે ધર્મન
તત્ત્વો ત્રિકાલાબાધિત હોવા છતાં તત્ત્વોને નિરૂપતા
ફેરફાર કરવા પડે છે. પ્રત્યેક સજીવ વસ્તુ ફેરફારને
જીવનનો અર્થ જ પરિવર્તન છે. આપણા શરીરની
ગ્રંથિઓ ઘસાઈ નકામી થતાં બીજી નવી તેજ પ્રમાણ
વાઈ જાય છે. આ રીતે ફેરફારો કરવા જરૂરી થાય ત્યા
ફેરફારો કરવાના કારણે દિલગીર થવાની જરૂર નથ
એવા ફેરફારો આપણે ન કરી શકીએ તો એ સ્થિતિ
છે, કારણ કે ફેરફાર તે જ જીવન છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મહત્ત્વતા જૈન
જાણતો હોવા છતાં, જૈન સમાજ તેને વર્તનમાં ઉતારી
નથી. કદાચ આ વસ્તુ આ સમાજ માટે એક શાપ
સિદ્ધસેન દિવાકર, આચાર્ય હરિભદ્રસૂરિજી અને આન
જેવા જ્ઞાની મહાત્માઓને પણ આ કારણે જ સહન કરવ
છે. સમાજના હિતાર્થે શ્રમણ સંઘ ઘણું ઘણું કરી
છે, પણ સમાજ અને રાષ્ટ્રનાં કામોમાં આરંભ-સમા
અને તેથી આ માર્ગ બંધનરૂપ છે—મોક્ષમાર્ગ તેથી
આવી સંકુચિત સમજણ જૈન સમાજમાં પ્રવર્તે છે. ત
સમયને ઓળખનારા અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને

અનુસરનારા ઘણા સાધુઓ અને સાધ્વીઓ વર્તમાનકાળે પણ આપણા સમાજમાં જોવામાં આવે છે તે જૈન સમાજનું એક મહાન સદ્‌ભાગ્ય છે.

કેળવણી અને સમાજના રચનાત્મક કાર્યમાં છેલ્લી સદીમાં જે કાર્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીએ કર્યું છે તે કાર્ય સમસ્ત શ્રમણ સંઘના માટે માર્ગદર્શનરૂપ થઈ શકે તેવું છે. તેમનામાં અપાર દીર્ઘદષ્ટિ હતી એટલું જ નહિ પણ તેઓ તેમના જમાના કરતાં પચાસ વર્ષ આગળ હતા, તે બાબત નીચેની હકીકત પરથી દેખાઈ આવે છે.

વંથળી(સોરઠ) નિવાસી શેઠશ્રી દેવકરણ મૂલજી, આચાર્ય મહારાજશ્રીના એક પરમ ભક્ત હતા. કેન્સરની અસહ્ય બીમારીથી તેઓ પીડાતા હતા અને ભાગ્યયોગે એ વખતે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ સાહેબ મુંબઈમાં હતા. શ્રી દેવકરણ શેઠે એમનું છેલ્લું વીલ મે, ૧૯૨૯માં તૈયાર કર્યું અને તેમાં જૈનો માટે એક હોસ્પિટલ કરવા માટેની વ્યવસ્થા રાખવામાં આવી હતી, તેમજ સસ્તા ભાડાની ચાલ માટે એક લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી.

શ્રી દેવકરણ શેઠે એ વીલ પૂ. આચાર્ય મહારાજશ્રીને માર્ગદર્શન અર્થે વાંચવા મોકલાવ્યું. પૂ. આચાર્યશ્રીએ એ વીલ વાંચ્યું. એ જમાનામાં મુંબઈમાં જગ્યાની તંગીનો કોઈ પ્રશ્ન ન હતો. પરંતુ આચાર્યશ્રીએ માત્ર વર્તમાન ન જોતાં ભવિષ્યમાં શી પરિસ્થિતિ આવવાની છે તેનો પણ ખ્યાલ કર્યો અને આ બાબતમાં તેઓશ્રીએ સદ્‌ગત શ્રી દેવકરણ શેઠ પર નીચે મુજબનો એક પત્ર લખ્યોઃ–

"દાનવીર શેઠ શ્રી દેવકરણ મુળજી જોગઃ

"ધર્મલાભની સાથે માલૂમ થાય જે ગઈ કાલે
સાથે તમારી જે વાત થઈ હતી તે મુજબ અને અમુક વિ
આદમીની સાથે થયેલી વાતચીત મુજબ અમારો વિચાર
મુજબ જણાય છે."

"હોસ્પિટલની વાત ઘણી મોટી અને અશક્ય
અમને લાગે છે, તો એના બદલામાં હોસ્પીટલની
જરૂરત ન પડે એવી રીતે આપના સાધર્મિક ભાઈ ઓની
સ્તીને માટે ખાસ સગવડ મોટા પાયા ઉપર થાય તો
સારૂ. આ કામ જૈન સમાજમાં આજસુધી થયું નથી.
નામ પ્રથમ નંબરે આવશે અને હંમેશને માટે કાયમ
માટે ઘણાં નાનાં નાના કામો કરવા કરતાં એક જ મો
સંગીન કામ થાય તો કાંઈ પણ કામ કર્યું કહેવાય. આ
પ્રથમ પણ કઈક વખતે પત્રોમાં તમને જણાવેલ યાદ હ
ઉપરાંત શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં આપનું અમ
અમદાવાદવાળા શ્રી વાડીલાલ સારાભાઈની માફક થવાની
છે એ આપ પોતે જાણો છો. કારણ કે પ્રથમથી જ અ
મહાવીર જૈન વિદ્યાલયનું કામ માથે લીધું છે. આ
બધાં આપની જીંદગીમાં લ્હાવો લેવાનાં સમજવામાં અ
તો આશા છે કે આપ જરૂર ઉદારતા દાખવી વિચાર
મક્કમપણું જણાવશો—મોતીચંદભાઈ આવશે ત્યારે બની
તો હું આવીશ. હાલ એજ.

દા. વલ્લભ વિ.ના ધર્મ

૭–

સદ્‌ગત દેવકરણ શેઠે તુરત જ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીની ઇચ્છાનુસાર વીલમાં ફેરફાર કર્યો. હોસ્પીટલ માટે માત્ર બે લાખ રૂપિયાની રકમ જુદી રાખી અને સસ્તા ભાડાની ચાલ માટે એક લાખને બદલે ચાર લાખ રૂપિયાની રકમ જુદી રાખવામાં આવી. વીલની શરતો મુજબ બધી રકમો અપાઈ ગયા પછી બાકીની તમામ સ્થાવર-જંગમ મિલકત મહાવીર વિદ્યાલયને મળે એવી વ્યવસ્થા કરવામાં આવી અને તદ્‌અનુસાર પ્રિન્સેસ સ્ટ્રીટ પરનું મોટું મકાન 'દેવકરણ મેન્શન' જેની વાર્ષિક આવક રૂપિયા સવા લાખથી પણ વધુ છે તે મહાવીર વિદ્યાલયને મળ્યું. સસ્તા ભાડાની ચાલ ટ્રસ્ટની વ્યવસ્થા અનુસાર માટુંગાની દેવકરણ શેઠની ચાલીઓમાં આજે પચાસથી પણ વધુ કુટુમ્બો લાભ લે છે અને મુલુન્ડમાં પણ આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ જૈન દેરાસર સામે ચાર હજાર વારનો પ્લોટ ચાલી બંધાવવા અર્થે લીધો છે.*

આચાર્ય મહારાજશ્રીએ આ રીતે પોતાની દીર્ઘ દ્રષ્ટિ વાપરી જૈન સમાજના હિતાર્થે એક મહાન કામ કર્યું. આપણા મુનિમહારાજો અને સાધ્વીઓ પણ શ્રી વિજયવલ્લભસૂરિજીના પગલે ચાલી સમાજનું કલ્યાણ થાય એવાં રચનાત્મક કાર્યોમાં વિશાળ દ્રષ્ટિ રાખી દોરવણી આપે એજ અભ્યર્થના !

(સેવાસમાજ તા. ૯-૧૦-૬૬)

* આ જગ્યામાં ૪૦ કુટુમ્બો રહી શકે તેવા બે મકાનો 'દેવકરણ ભવન' અને 'પૂતળીબાઈ ભવન' નામે ટ્રસ્ટીઓએ બંધાવેલા છે.

# ૧૬. સુવર્ણ સિદ્ધિ

શ્રીમદ્ આનંદઘનજી મુક્તિ પંથ-નિર્વાણપદના પ્રવાસ
તા અને આવી મહાન વિભૂતિઓ કોઈ સિદ્ધિમાં કદી અટ
ાઈ જતી નથી. તેઓ આબુ પહાડ અને મંડળાચળ પર્વતની
ગુફાઓ, સિદ્ધાચલ, તલાજા, ગિરનાર, ઈડર, તારંગા વગેરે
સ્થળોએ એકાન્ત સ્થાનમાં રહી ધ્યાન ધરતા. વળી ત્યાંના
કેટલાક યોગીજનો આનંદઘનજીના મિત્ર થયા હતા અને તેઓ
સૌ તેમની અવારનવાર મુલાકાત લેતા હતા.

એક વખત એક યોગી મિત્રે અનેક પ્રયત્નો અને
પ્રયોગોના અંતે સુવર્ણસિદ્ધિ પ્રાપ્ત કરી અને સુવર્ણ બનાવવ
માટેના રસાયણનો એક સીસો ભરી પોતાના શિષ્ય સાથે
આનંદઘનજીને મોકલાવ્યો. શિષ્યે આનંદઘનજી પાસે આવી
પોતાના ગુરુએ પ્રાપ્ત કરેલી મહાન સિદ્ધિની વાત કરી પેલ
રસાયણનો સીસો આપ્યો અને પથ્થર પર તે રસાયણન
છંટકાવથી, પથ્થરનું સોનાની શિલામાં રૂપાંતર થઈ જાય
તે વાત સમજાવી.

શ્રીમદ્ આનંદઘનજીએ તો પેલા સીસાને હાથમાં લ
પહાડ પરથી નીચેની ખીણમાં ફેંકી દીધો. શ્રીમદ્નો આવે
વિચિત્ર વર્તાવ જોઈ પેલા શિષ્યને ભારે આઘાત થયો અ
શ્રીમદ્ની સાથે ગુસ્સાપૂર્વક ચઢાતઢા વાત કરવા લાગ્યો.

શ્રીમદ્ આનંદઘનજીએ શિષ્યને શાંત કરતાં કહ્યું : ભાઈ
સુવર્ણસિદ્ધિના રસાયણ દ્વારા કાંઈ આત્મસિદ્ધિ પ્રાપ્ત થત
નથી. મનને નિર્મળ બનાવવું–ચિત્તને સ્ફટિક જેવું શુદ્ધ કર

એજ મોટામાં મોટી સિદ્ધિ છે. ચિત્તના મેલ અનેક પ્રકારના હોય છે. સફેદ કપડાં પર કાળો ડાઘ પડે તો તે જેમ મેલું કહેવાશે, તેમ, લાલ પીળા–ગુલાબી ડાઘ પડે તો પણ તે વસ્ત્ર મેલું જ ગણાશે. જીવનમાં આવી સિદ્ધિઓ પ્રાપ્ત કરવી તે એક રીતે ચિત્તને મેલું બનાવવાની ક્રિયા છે. મન અને ચિત્તને મેલ રહિત બનાવવા અર્થે સાધકે કામ ક્રોધાદિ વિકાર ન ઉઠે તે સ્થિતિએ પહોંચવું જોઇએ. સાધક આ સ્થિતિ પ્રાપ્ત કરે તો તેજ મોટામાં મોટી સિદ્ધિ છે અને તેમાં જ માનવજીવનની સાર્થક્તા છે. અલબત્ત, યોગીજનો માટે પણ આ એક અત્યંત મુશ્કેલ પ્રક્રિયા છે, કારણ કે એમ ન હોત તો તારા ગુરુદેવને આ સુવર્ણ સિદ્ધિની માથાકૂટમાં પડવાનું મન ન થયું હોત. તારા ગુરુદેવને મારા વતી કહેજે કે ચિત્તને સ્થિર કરે. જ્યાં સુધી ચિત્ત સ્થિર નથી થતું ત્યાં સુધી જ સાધકનું મન આવી તુચ્છ બાબતને વશ થાય છે, પણ ચિત્તની સ્થિરતા પ્રાપ્ત કર્યા વિના સાચી શાંતિ કદાપિ પ્રાપ્ત થઈ શકતી નથી.

શ્રીમદ્ આનંદઘનજીની આવી વાત સાંભળી પેલા શિષ્યનો મિજાજ ગયો અને આવેશમાં આવી જઈ બોલ્યો : ફિલસૂફીની આવી વાતો કરતાં તો મને પણ આવડે છે, પણ આવા રસાયણનું એક જ ટીપું માત્ર તૈયાર કરી બતાવો તો આપની વાતનો મને પરચો થાય. શિષ્યની આવી વાત સાંભળી આનંદઘનજી મુક્ત મને હસ્યા અને થોડે દૂર જઈ પથ્થરની એક શિલા પર લઘુ શંકા કરી. શિષ્યે દૂરથી જોયું કે એ આખી શિલા સુવર્ણની બની ગઈ હતી. પછી તો પેલા શિષ્યની અજાયબીનો પાર ન રહ્યો અને આનંદઘનજીના ચરણે પડી તેની માફી માગી પોતાના ગુરુદેવ પાસે જવા પાછો ફર્યો.

(જૈન સેવક ૨૫–૮–૬૭)

## ૧૭. અવિસ્મરણીય સ્મરણો.

સ્વ. ફત્તેહચંદ ઝવેરભાઈ સાથેના કેટલાક ન ભૂલાય એવા પ્રસંગો મારી નિત્ય નોંધના આધારે તેમની સ્મૃતિ અંક માટે લખી મોકલાવું છું.

(૧)

તા. ૧૪ નવેમ્બર ૧૯૬૪ના દિવસે વાલકેશ્વર ઉપાશ્રયમાં પૂ. આ. વિજયધર્મસૂરિજીના આશીર્વાદ લઈ અમે આઠ–દશ ભાઈઓએ એક 'અધ્યાત્મ મંડળ'ની સ્થાપના કરી. સુ. ફત્તેહચંદભાઈ એ મંડળના પ્રમુખ હતા. મંડળનો મુખ્ય હેતુ મંડળના સભ્યોએ મુંબઈમાં બીરાજતાં મુનિરાજોનો સંપર્ક સાધી યોગ અને અધ્યાત્મ વિષય પર વાર્તાલાપ કરવો અને વરસમાં એક વખત બધા સભ્યોએ સાથે મળી તીર્થયાત્રા કરવાનો હતો. સભ્યની ફી કશી ન હતી પણ સભ્યોએ અમુક સંખ્યામાં નવકારમંત્રનો જાપ કરવો, વરસમાં એક વખત પૂજા ભણાવવી, દરેક માસમાં એક વખત સૌ સભ્યોએ જુદા જુદા સભ્યોના નિવાસસ્થાને ભેગા થવું અને ધાર્મિક ચર્ચા કરવી–આવા બધા નિયમો રાખ્યા હતા. ફાળા અને ફંડની લફરી દૂર રહેવું એ પણ આ મંડળનો એક મુખ્ય હેતુ હતો.

આ મંડળની કાર્યવાહી પ્રથમ વરસે તો બરોબર ચાલુ રહી. વરસના અંતે પાયધુની પર નમિનાથજીના મંદિરે સરસ પૂજા ભણાવવામાં આવી. પૂ. આ. ધર્મસૂરિજી તથા પૂ. સંતો-

વિજયજી મહારાજ સાહેબ પણ પૂજામાં પધાર્યા હતા. પૂજાનો ખર્ચનો (પ્રભાવના સહિત) બધો મળીને રૂ. ૩૦૦નો આંકડો આવેલો, અને અમે પાંચ છ સભ્યોએ એ રકમ પચાસ પચાસ રૂપિયાના ફાળામાં વહેંચી લીધી હતી. મુ. ફત્તેહચંદભાઈએ પણ તેમાં પોતાના ફાળાની રકમ આપી હતી.

માતાની પાસે પુત્ર પોતાના મનની ગમે તેવી શંકા જેમ બેધડક રીતે પૂછી શકે તેમ મારા મનની શંકાઓ વિશે હું તેમની સાથે ખુલ્લા દિલે ચર્ચા કરતો. એમ કરવામાં ઘણી વખત મારી અજ્ઞાનતાનું પ્રદર્શન થતું, પણ તે સંબંધમ કોઈ પણ વખત કશી પણ ટીકા કર્યા વિના માતા જેમ નાન બાળકને સમજાવે તે રીતે તેઓ મારા અજ્ઞાન અને શંકા દૂર કરતા. પૂજામાં થયેલા ખર્ચની રકમનો ફાળો આપતાં તેમને પૂછ્યું: 'જે દેશમાં ભયંકર ગરીબાઈ પ્રવર્તી રહે હોય તેમ જ જે સમાજનો મોટો ભાગ દુઃખમાં રીબાઈ રહ હોય, તે દેશ અને સમાજમાં પૂજા નિમિત્તે આવા ખર્ચા કર એ આપણા માટે કે આપણા મંડળના ધ્યેયને બંધબેસતું છે

મુરબ્બી ફત્તેહચંદભાઈએ મને સમજાવ્યું કે બીજી ર માણસને તેના ધનની મૂર્છા ન જતી હોય અને ભાવ તેમ ઉલ્લાસપૂર્વક આવી રીતે પૂજા ભણાવવામાં તેને આનંદ પ્ર થતો હોય, તો તેમ કરવામાં કશું અયોગ્ય કે ખોટું તો નથી આવી પૂજાઓ પણ ભક્તિના એક પ્રતીક રૂપ છે.

તેમની વાત પાસે મારી અન્ય દલીલ તો ઉભી રહી : તેમ ન હતી, એટલે મેં મૂળ વસ્તુને મારીમચડી બીજી રજૂ કરતાં કહ્યું: 'હું અને તમે બેઉ તો નિવૃત્ત બની

છીએ. ધનપ્રાપ્તિ પ્રત્યે આપણી દૃષ્ટિ જ નથી, અને તે અર્થે આપણે કોઈ પ્રવૃત્તિ કે શ્રમ કરતા નથી. આવાં શુભ કાર્યોમાં આ રીતે જો આપણે આપણી મૂડીમાંથી–બચાવેલી રકમમાંથી ખર્ચ કરતા હોઈએ તો તે બરોબર છે, પરન્તુ આપણી અંગત મૂડી જેવું તો કાંઈ છે નહીં, તેથી આવા કપરા અને કઠિન કાળમાં જો આવી રકમ માટે આપણે આપણા સંતાનો પાસે હાથ લંબાવવો પડતો હોય તો, એક રીતે આપણાં સંતાનોને આપણે મદદરૂપ થવાને બદલે બોજરૂપ નથી બની જતા?'

મારી આ વાત સાંભળી મુ. ફત્તેહચંદભાઈ મુક્ત મને હસી પડ્યા અને મને થયું કે આવી વાત કરવામાં મેં ક્યાંક કાચું કાપ્યું છે. તેમણે મને સામો પ્રશ્ન કર્યો: 'તમારા પુત્રો અને પુત્રીઓને ઉછેરવામાં, કેળવણી આપવામાં અને ધંધાસર કરવામાં જે કાળજી અને મહેનત તમે લીધેલાં, તે બધું તે વખતે તમને બોજરૂપ લાગેલું?' પછી વળી કહ્યું: 'તમારી પુત્રીઓની તમામ જવાબદારી તો તમારા એકલાને શિરે પડેલી, એટલે એ બાબત કદાચ તમને ભારરૂપ લાગી હશે?'

મેં એકદમ ઉતાવળે જવાબ આપતાં કહ્યું: 'આ તે તમે કેવી વાત કરો છો? પુત્રપુત્રીઓને ઉછેરવામાં તો બોજને બદલે મેં આનંદનો જ અનુભવ કર્યો છે. અને વળી કોઈ પિતાને પોતાના સંતાનોને ઉછેરવાનું કામ તે બોજરૂપ લાગતું હશે?' મારો જવાબ સાંભળી તે હસવા લાગ્યા એટલે તેમણે કહ્યું કે, 'જે પિતાને પોતાના સંતાનોને ઉછેરવામાં તેમજ તેમની જરૂરિયાત પૂરી પાડવામાં બોજો ન લાગ્યો હોય, તે જ પિતાના સંતાનોને પિતાની વૃદ્ધાવસ્થામાં તેની જરૂરિયાત પૂરી પાડ

બર સમજ્યા, પણ મેં ધારેલું તેવું સ્મિત ન જોતાં માત્ર ગંભીરતા અને મૌન જ તેમણે જાળવ્યાં.

તેઓ કેટલા અને કેવા નિરભિમાન અને નિર્મળ હતા તે હકીકત આ બનાવ પરથી સમજી શકાશે. મંગળવારે ટ્રેઇનના ટાઇમે જ ભાવનગરથી આત્માનંદ સભાનો તાર આવ્યો કે સભાના પ્રમુખ શ્રી ખીમચંદભાઇ શાહ બુધવારે સવારના મુંબઇ પહોંચશે અને તેથી જાદવજીભાઇએ રોકાઇ જવું. તદનુસાર શ્રી જાદવજીભાઇ રોકાઇ ગયા અને સ્વ. ફત્તેહચંદભાઇએ તેમના પુત્રવધૂને બોલાવી બુધવારે ભાવનગરથી આવતા મહેમાનો અર્થે દૂધપાક પૂરીનું ભોજન બનાવવાની આજ્ઞા કરી.

પરન્તુ બુધવારે ભોજન સમયના ટાઇમે તો તેમનો પવિત્ર આત્મા આ નશ્વર દેહ છોડી ઉચ્ચ ગતિમાં ચાલી ગયો. હંસ ઊડી ગયો અને ખાલી ખોખું અહીં રહી ગયું.

(૩)

૨૩ મી જૂન ૧૯૬૭ના દિવસે સાડા ત્રણ વાગે હું સ્વ. ફત્તેહચંદભાઈની પાસે ગયો ત્યારે તેમના પુત્ર શ્રી હિમ્મતભાઈ અને શ્રી પ્રાણજીવનદાસ ગાંધી ત્યાં જ બેઠેલા હતા. એ દિવસોમાં અમે તેમના ઘરની લીફ્ટ શરૂ થવાના ટાઇમ પહેલાં પહોંચી જતાં, કારણ કે લીફ્ટ શરૂ થયા પછી તો તબિયત જોવા આવનારની સંખ્યા મોટી રહેતી.

હું બેઠો કે તરત જ સ્વ. ફત્તેહચંદભાઇએ આછા સ્મિતપૂર્વક મારી તરફ જોઈ કહ્યું: ‘તમારાં પત્ની ગુજરી ગયાં પછી તમે ફરી લગ્ન ન કર્યાં તે ભૂલ કરી છે.’ આમ તો તેઓ

કદી મારી મશ્કરી કરે નહિ, એટલું જ નહિ, પણ મારી મશ્કરી થાય એવું કોઈ વર્તન મેં કર્યું હોય અગર એવા પ્રકારનું બોલ્યો હોઉં તો પણ તેઓ હંમેશાં મારી ભૂલનો બચાવ જ કરે. તેથી, તેમની આવી વાત સાંભળી મને જરા આશ્ચર્ય થયું, પણ ત્યાં તો તેમણે તરત જ કહ્યું : 'આ અમારા હિમ્મતભાઈ કાલે આમ વાત કરતા હતા, તો તેના મનનું સમાધાન કરો.'

સુ. ફત્તેહચંદભાઈની વાત સાંભળી શ્રી હિમ્મતભાઈ જેઓ પણ ત્યાં જ હતા, તેમણે કહ્યું : 'આજે પણ તમારા શરીરની પરિસ્થિતિ જોતાં, વિધુર થયા એ વખતે લગ્ન કર્યાં હોત તો કશું ખોટું તો ન જ કહેવાત. વૃદ્ધાવસ્થામાં ઘરની સ્ત્રી વિના પરાધીન બનવાનો વખત આવે છે. એવા સમયે ઘરનું માણસ હોય તો બહુ ફેર પડે. તમારાં સંતાનોના હિતાર્થે તમે લગ્ન ન કર્યાં....'

મેં મધ્યવયેથી જ એમની વાતનો જવાબ આપતાં કહ્યું : 'લગ્ન ન કરવામાં સંતાનોના હિતની કોઈ વાત જ ન હતી. પણ મારા પોતાના સ્વાર્થ-સુખ-શાંતિ અર્થે જ લગ્નની વાતથી હું દૂર રહ્યો છું; તેમાં સંતાનો કે અન્ય કોઈના

# ૧૯. વર્તમાન જૈન શ્રમણ સંઘની અવનતિ

આપણા અનેક પૂર્વાચાર્યોના દાર્શનિક, સાંપ્રદાયિક, વ્યાકરણ, છંદ, અલંકાર, જ્યોતિષ, નિમિત્ત, લક્ષણ, આયુર્વેદ, યોગ–ઈત્યાદિ વિષયક પરના સંખ્યાબંધ ગ્રંથોની સરખામણીમાં આપણા વર્તમાન કાળના આચાર્ય ભગવંતોની કૃતિઓનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ, ત્યારે આપણી સમક્ષ એક અત્યંત નિરાશાજનક ચિત્ર ખડું થાય છે, જે હકીકત ઘણી ખેદજનક છે.

આપણા વર્તમાનકાળના આચાર્ય ભગવંતો અને વિદ્વાન મુનિ મહારાજોની જાણ બહાર આ વસ્તુ છે એવું નથી, એથી ઉલટું આ વિદ્વાન મુનિરાજોએ આ વસ્તુ પર જૈન સમાજનું અનેકવાર લક્ષ પણ ખેંચ્યું છે. પરંતુ ખેદની વાત એ છે કે જૈન સમાજને આવી ગંભીર વાતોની કાંઈ પડી નથી, કારણ કે આપણો સમાજ આજે શાસન પ્રભાવનાના નામે માત્ર મોટા મોટા વરઘોડા, તીર્થસંઘો, પ્રતિષ્ઠા અને ઉપધાન કાર્યોમાં એટલો બધો રત બની ગયો છે, કે તેને આડે તેઓ બીજું કશું વિચારી શકતા નથી

આજથી પાંત્રીસ વરસો અગાઉ આગમપ્રભાકર પૂજ્ય શ્રી મુનિવર્ય પુણ્યવિજયજી મહારાજ સાહેબે તેમના એક લેખમાં સાચું જ કહ્યું છે કે: "આજે આપણા શ્રમણ વર્ગની જ્ઞાન વિષયક જેટલી સાધનસંપદા છે, તેટલી જ આજે એમની સ્થિતિ

દશા સંકુચિત તેમજ સુપ્ત, મત્ત અને મૂર્છિત છે. આ સ્થિતિ દૂર કરવા માટે આપણે યોગ્ય પ્રયત્નો કરવા જોઇએ. આજે આપણે ક્યાં ઘસડાઈ રહ્યા છીએ? જ્ઞાનાગાર અને ધર્માગાર તરીકેનાં આપણા ઉપાશ્રય, જૈન મંદિર આદિ જેવાં ધર્માલયો કેવાં કલેશના સ્થાન રૂપ બની રહ્યાં છે? આપણી વિદ્યાવિષયક અને ચારિત્ર વિષયક કેવી દરિદ્ર સ્થિતિ છે? આજે જૈન તરીકે ઓળખાતી પ્રજા જૈન ધર્મથી કેવી અને કેટલી વિમુખ થતી જાય છે એનાં કારણો અને ઉપાયો ક્યા?" ૧

સ્વ. યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરજી મહારાજે પણ આજથી લગભગ પચાસ વરસો પર આ બાબત પર લખતાં જણાવ્યું છે કે: "સાધુઓને પૂર્વની પેઠે ભણાવવાની વ્યવસ્થા કરવામાં આવે તો સાધુઓનું જ્ઞાન વધે અને તેથી તેઓ ઉપદેશ દઈને સારી રીતે મનુષ્યોનું કલ્યાણ કરી શકે. હાલમાં પ્રાચીન પઠન-વ્યવસ્થા જેમ જોઈએ તેવી રહી નથી. પૂર્વે ગૃહસ્થો ગૃહસ્થાવસ્થામાં સંસ્કૃત આદિ ભાષાના જાણકાર હતા, તેથી તેઓ સાધુ થતા ત્યારે હાલની પેઠે પંચ સંધિથી

કે: "આજે આપણો શ્રમણ સંઘ છિન્નભિન્ન થઈ ગયો છે. એકએકના મન બદલાઈ ગયાં છે. સૌના દિલ જુદાં છે, એને લઈને સંગઠન તૂટી ગયું છે. એટલે કોઈ પણ કાર્ય આપણે સંકલનાપૂર્વક નથી કરી શકતા. આજે ધર્મના માર્ગે પ્રતિ વર્ષે લાખો રૂપિયાનો વ્યય થાય છે. નિંદા, ટીકા અને ઈર્ષ્યા એ ભયંકર દુર્ગુણોએ શાસનના અંગને કોલી ખાધું છે. ૪૦–૫૦ વર્ષ પૂર્વે સાધુ પ્રત્યે જે પ્રેમ હતો, જે સદ્‌ભાવ હતો, તે આજે નથી. પરસ્પરની ખોદણી અને પરસ્પરના મતભેદો, એને લઇને આજે ભયંકર દુર્દશા જોઈ રહ્યા છીએ' ૩

શ્રીમદ્ આનંદઘનજીએ તેમના સમયમાં પ્રવર્તતા ગચ્છના ભેદો માટે એક સુંદર પણ તમતમતી ટકોર ભગવાન અનંતનાથજીના સ્તવનમાં કરી છે. પણ આજે તો આપણા (સુ?) શ્રાવકો એક સંઘાડાના સાધુઓના ભક્ત હોઈ અન્ય સંઘાડાના સાધુઓને વંદન કરવામાં પણ મિથ્યાત્વપણું જુવે છે. અરે!! વંદન કરવાની વાત તો બાજુએ રહી પણ દર્શન કરવામાં પણ પાપ થઈ જાય એવું માનનારા કોઈ કોઈ મહાનુભાવો વર્તમાન કાળે જૈન સમાજમાં હસ્તિ ધરાવે છે. આને સાંપ્રદાયિક ધર્મ કહેવો કે ઝેર? એક વિદ્વાન મુનિરાજે જ્યારે મને કહ્યું કે જૈન સમાજમાં આજે 'નમો લોએ સવ્વ સાહૂણં'ને બદલે 'નમો લોએ સંઘાડા સાહૂણં'ની પરિસ્થિતિ પ્રવર્તી રહેલી છે ત્યારે શરમપૂર્વક હું નીચું જોઈ રહ્યો.

ચતુર્વિધ સંઘની શુદ્ધિ અને શક્તિ કેળવવા આજથી છ વર્ષ પહેલાં અખિલ ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ સમિતિની સ્થાપના કરવામાં આવી હતી, પરંતુ એ

---

૩. સાપ્તાહિક 'જૈન' તા. ૨–૧૨–૬૭.

સમિતિનું વિસર્જન કરવું જરૂરી બન્યું, જે હકીકત સમગ્ર જૈન સમાજ માટે શરમ અને કલંકભરી છે. આમ કેમ કરવું પડ્યું તેનાં કારણો દર્શાવતાં એક સુપ્રસિદ્ધ વિદ્વાન લેખકના શબ્દોમાં કહું તો–આ સમિતિનું વિસર્જન, એ શ્રમણ સંઘની સત્તાપ્રિયતા, નિષ્ક્રિયતા અને અગુણજ્ઞતા તેમજ અદૂરદર્શિતાની કરુણ કથા રૂપ છે.

(સેવાસમાજ ૭ ૯-૬૯)

## ૨૦. "क्रोधो ज्ञानवतां कुतः"

જ્ઞાનીઓને વળી ક્રોધ કેવો ? એમ કહેવાય છે ખરું, પણ વાસ્તવિક જીવનમાં આપણે જોઈએ છીએ કે મહા જ્ઞાનીજનો પણ ઘણી વખત ક્રોધને વશ થઈ જાય છે. ધર્મશાસ્ત્રો તો ત્યાં સુધી કહે છે કે કામ જીતવો દુષ્કર છે, પણ ક્રોધ પર વિજય મેળવવાનું અત્યંત દુષ્કર છે. આપણા એક વિદ્વાન મુનિરાજે સાચું જ કહ્યું છે કે ક્રિયા સુસાધ્ય છે, તપ સુસાધ્ય છે, જ્ઞાનસુસાધ્ય છે, નિયમો સુસાધ્ય છે; પણ એક વસ્તુ દુઃસાધ્ય છે અને તે ક્રોધનો નિરોધ.

ક્રોધ ઉત્પન્ન થવાનાં અનેક કારણો હોય છે. માણસ માત્રમાં 'અહમ્' પડેલું હોય છે. આ 'અહમ્' જ્યારે ઘવાય છે ત્યારે માણસ ઉશ્કેરાય છે અને તેનામાં ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધ થવાના કારણે માણસના શરીરમાં એક એવા પ્રકારની પ્રક્રિયા થાય છે કે જેનાથી એક 'એડ્રીનીલીન' નામનો પ્રવાહી પદાર્થ ઉત્પન્ન થાય છે, અને તે પદાર્થ લોહીમાં ભળતાં, લોહી ગરમ થાય છે. આ લોહી શરીરમાં ઝેરનું કામ કરે છે. આજના વિજ્ઞાને આ શોધ કરી છે. ધર્મશાસ્ત્રોએ સ્પષ્ટ રીતે કહ્યું છે કે જેને તું હણે છે, પીડે છે, તે અન્ય કોઈ નથી પણ તું પોતે જ છે. આજના વિજ્ઞાનના નિયમો અને ધર્મશાસ્ત્રોએ કહેલી વાતમાં કેટલું બધું સામ્ય છે તે આ હકીકતપરથી સમજી શકાય છે.

મનોવિશ્લેષણશાસ્ત્રના અભ્યાસીઓ કહે છે કે આપણે કોઈ પ્રત્યે કશાથી ક્રોધે ભરાઈએ છીએ, ત્યારે એવા વખતે જે કારણે ક્રોધ ચડ્યો હોય. તેના જેવું જ આચરણ કરવા આપણો અજ્ઞાત મનો વ્યાપાર પ્રવૃત્ત થાય છે. મહાન સિદ્ધાંતકાર અને પ્રખર દાર્શનિક-વિચારક જેણે જૈન યોગ સાહિત્યમાં એક નવો જ યુગ સ્થાપિત કર્યો છે, એવા શ્રી હરિભદ્રસૂરિજીના જીવનમાં બની ગયેલી એક વાત પરથી આ દૃષ્ટાન્ત સરસ રીતે સમજી શકાશે.

હંસ અને પરમહંસ બંને હરિભદ્રસૂરિજીના પ્રખર વિદ્વાન શિષ્યો હતા. સંસારી સંબંધની દૃષ્ટિએ તે બંને ભાઈઓ હરિભદ્રસૂરિજીના ભાણેજો હતા. બંને શિષ્યો યુવાન હતા, અને બૌદ્ધ વિદ્યાપીઠની કીર્તિ સાંભળી બૌદ્ધ શાસ્ત્રોના અભ્યાસ અર્થે આચાર્ય ભગવંતની મનાઈ છતાં ચાલી નીકળ્યા. હંસ અને પરમહંસ થોડા સમય માટે મુનિમાંથી બૌદ્ધભિક્ષુ બન્યા અને વિદ્યાપીઠમાં દાખલ થઈ કુલપતિ પાસે બૌદ્ધ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો.

બુદ્ધિમાં બંને ભાઈઓ ભારે તેજસ્વી હતા. ટૂંકા વખતમાં તેઓએ અભ્યાસ પૂર્ણ કર્યો અને [illegible] બૌદ્ધ શાસ્ત્રોમાં આવેલા જૈન મતના પ્રતિવાદનો પણ પ્રતિવાદ [illegible] તૈયાર કર્યો. આ દરમ્યાન તો તેઓએ અત્યંત ગુપ્ત રીતે [illegible] હતું. પણ દુર્ભાગ્યે તે કુલપતિના જાણવામાં આવ્યું. કુલપતિને શંકા પડી કે આ બિરાદરો બૌદ્ધ નથી પણ, જૈન છે. અને [illegible] કરી આવ્યા છે. આ બાબતની [illegible] ભાઈઓની ઓરડી બહાર [illegible]

તેના પર તેઓ પગ દઈને ચાલે છે કે નહિ તેનું છૂપી રીતે ધ્યાન રખાવ્યું. પ્રભાતે બહાર નીકળતાં હંસ અને પરમહંસે ચોકથી ચિતરાયેલી પ્રતિમા જોઈ, અને તેના પર પગ દીધા સિવાય બહાર નીકળવાનું શક્ય ન હતું એટલે બંને મૂંઝાયા. બંનેના હૃદયમાં અપૂર્વ જિનભક્તિ હતી અને બુદ્ધિનું તેજ પણ અલૌકિક હતું. હંસ અને પરમહંસે યુક્તિપૂર્વક ચોકનો ઉપયોગ કરી પ્રતિમાના કંઠ ઉપર ત્રણ રેખા કરી જેથી જિનપ્રતિમા બુદ્ધ પ્રતિમામાં ફેરવાઈ ગઈ અને પછી તેના પર પગ મૂકી બહાર નીકળ્યા. વિદ્યાપીઠના કુલપતિએ આ જાણ્યું અને બંને ભાઈઓ ભગવાન મહાવીરના ઉપાસક છે એમ ખાતરી થતાં ધર્મ ઝનૂની બની બંનેને છૂપી રીતે મારી નાખવાનું કાવત્રું રચ્યું.

હંસ અને પરમહંસને આ વાતની ખબર પડતાં તરતજ ત્યાંથી નાસી છૂટ્યા. બૌદ્ધ ધર્મના અનુયાયી રાજાનું લશ્કર તેઓની પાછળ પડ્યું, તેથી હંસે પોતાના નાના ભાઈ પરમહંસને હરિભદ્રસૂરિ પાસે પહોંચાડવાની વ્યવસ્થા કરી. હંસ સહસ્રયોધી હતા અને લશ્કરની સામે અભિમન્યુ માફક ઝઝુમ્યો અને મૃત્યુ પામ્યો. પરમહંસ પણ મરણતોલ હાલતમાં હરિભદ્રસૂરિ પાસે પહોંચ્યો અને બૌદ્ધ વિદ્યાપીઠમાં બનેલી તમામ હકીકત જણાવી તરતજ મૃત્યુ પામ્યો. પણ આ બધી હકિકત જાણતાં હરિભદ્રસૂરિજીના કોપનો પાર ન રહ્યો. તેનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠ્યો અને બૌદ્ધ ભિક્ષુઓ પર તેઓએ કરેલા અત્યાચાર માટે વેર લેવાનો દૃઢ નિશ્ચય કર્યો.

હરિભદ્રસૂરિજીએ બૌધભિક્ષુઓ સાથે વાદવિવાદ કરવાની વ્યવસ્થા ગોઠવી, અને એક રાજવીની રાજસભામાં આ વાદવિવાદમાં જેની હાર થાય તે ધગધગતા તેલના કઢાયામાં પડે એવી શરત નક્કી થઈ, અને વાદવિવાદમાં બૌદ્ધભિક્ષુઓ હારી ગયા. બૌદ્ધવિદ્યાપીઠના કુલપતિ ઉકળતા તેલના કઢાયામાં પડતાં જ ભડથું થઈ ગયા. પછી તો શરત મુજબ એક પછી એક બધા જ બૌદ્ધભિક્ષુઓને તેલની ઉકળતી કઢાયમાં પડવાનું હતું. આ વાત હરિભદ્રસૂરિના ગુરુ શ્રી જિનદત્તસૂરિજીના જાણવામાં આવતાં તેઓ સ્તબ્ધ થઈ ગયા.

ગુરુદેવે હરિભદ્રસૂરિજીના ક્રોધના ઉપશાંત અર્થે गुणसेण अग्गिसम्मा તેમજ उवसमेण हणेकोहं ઇ. ની ગાથાઓ મોકલાવી. પછી તો હરિભદ્રસૂરિજીનો કોપ શમ્યો અને બૌદ્ધભિક્ષુઓને જીવતદાન મળ્યું. આ બનાવમાંથી જ 'સમરાદિત્ય કથા'ની મહાન કથાનો જન્મ થયો. હજારથી પણ વધુ વર્ષો આ કથા લખાયાને થયા છતાં તેની મહત્ત્વતા અને લોકપ્રિયતા એવી ને એવી જ રહી છે.

યોગીઓ અને મહામુનિઓ પણ ક્રોધના આવેશમાંથી નથી બચી શક્યા, એવા અનેક દાખલાઓ ધર્મશાસ્ત્રમાં જોવામાં આવે છે. ગૌતમ ઋષિની પત્ની અહલ્યા ઘણી સુંદર હતી. અને એક વખત ઇન્દ્રદેવે છળકપટ કરી ગૌતમ ઋષિનું રૂપ ધારણ કરી તેની સાથે [illegible] ક્રિયા કરી. જ્યારે ઋષિને [illegible] આમાં અહલ્યાનો [illegible] [illegible] [illegible] ગૌતમ ઋષિએ અહલ્યાને [illegible] શિલા (પથ્થર) બનાવી દીધી. જે [illegible] [illegible]

અને નીતિના આદર્શોનું ધોરણ ઉચ્ચ હોય છે, તેને તેનાથી વિરૂદ્ધ પ્રકૃતિ ધરાવતા અન્ય માણસો પ્રત્યે ધિક્કાર અને ક્રોધ ઉપજે છે, પણ આ રીત બરોબર નથી. એક અંગ્રેજ વિદ્વાને કહ્યું છે કે: 'Never does the human soul appear so strong as when it forgoes revenge, and dares to forgive an injury.' અર્થાત્ થયેલી ઇજા કે નુકસાન બાબતમાં તે કરનાર પર વેર લેવાની વાત જતી કરી માનવીનો આત્મા જ્યારે ક્ષમા આપે છે, ત્યારે તે જેટલો સબળ દેખાય છે તેવો કોઈ વખતે દેખાતો નથી. કોઈએ સાચું જ કહ્યું છે કે: 'Under all circumstances keep an even mind, take it, try it, walk with it, lean on it, believe in it, for ever.' અર્થાત્ સર્વ સંજોગોમાં એક સરખું મન રાખો–આ શિક્ષા લ્યો; તેને અજમાવો; તેની સાથે ચાલો; તેની સાથે વાત કરો; તેના ઉપર જ આધાર રાખો અને હંમેશાં તેમાં શ્રદ્ધા રાખો.

અપરાધી પ્રત્યે પણ ક્રોધ કરવાનો માણસને અધિકાર નથી. કારણ કે કર્મશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર તો આપણી પ્રત્યે અપરાધ કરનાર માણસ આપણા અમુક પ્રકારના કર્મોના ઉદયના કારણે જ આપણો અપરાધ કરતો હોય છે. દરેક આત્મા તેના મૂળ સ્વભાવની દૃષ્ટિએ તો નિર્મળ છે. આપણને જો કોઈ દોષ જણાય તો તે તેની પ્રકૃતિનો છે. પ્રકૃતિનો આધાર તેના કર્મ પર અવલંબે છે. તેથી તેના કર્મો કે પ્રકૃતિનો વિચાર ન કરતાં તેની પાછળ રહેલા આત્માનો ખ્યાલ લાવીએ તો આપણને દરેક જીવ ઉપર પ્રેમ થાય અને દ્વેષ માત્ર આપણા હૃદયમાંથી નાશ પામે.

સંગમદેવે કરેલાં અનેક ઉપસર્ગો પછી સમાધિમાંથી ભગવાન મહાવીર જાગ્રત થયા, ત્યારે સંગમ પ્રત્યે ભગવાનને ક્રોધ કે તિરસ્કાર ન આવ્યો. પણ અનુકંપા વડે તેમની આંખની કીકીઓ અલ્પ અશ્રુ વડે ભીની થયેલ છે. કોઈ પણ કાર્ય કારણ વિના બની શકતું નથી એવી દૃઢ શ્રદ્ધા થયા પછી. એવો માણસ ગમે તેવા વિષમ કે ક્રોધોત્પાદક બનાવો બને પણ પોતાના મગજ પર સંપૂર્ણ કાબૂ રાખી સમતા રાખી શકે છે. અન્યના દોષ કે અપરાધ પ્રત્યે ક્રોધ કરવો, એ એક રીતે । અન્યના દોષ કે અપરાધની આપણી જાત પર શિક્ષા [illegible]વા જેવું મૂર્ખાઈ ભરેલું કૃત્ય છે.

( આત્માનંદ પ્રકાશ. નવેમ્બર [illegible] )

## २१. त्वमेव भर्ता न च विप्रयोगः

રાવણ પર વિજય મેળવી રામ, લક્ષ્મણ અને સીતા નંદીગ્રામ જઈ ત્યાંથી સૌ અયોધ્યા આવ્યાં અને ત્યાં રામચંદ્રનો રાજ્યાભિષેક થયો. બરાબર ચૌદ વર્ષ ઉપર જે અયોધ્યાથી તાપસના વેશમાં રામચંદ્ર પગપાળા વિદાય થયા હતા, તે અયોધ્યામાં રામચંદ્ર સિંહાસન પર બેઠા અને આખાય કોશલમાં તેમની આણ વર્તવા લાગી. ત્યારપછી થોડે જ વખતે રામે સીતાનો ત્યાગ કર્યો. અયોધ્યાવાસીઓની છૂપી માન્યતા હતી કે રાવણના મહેલમાં સીતા રહ્યાં એટલું જ તેમની પવિત્રતાનો નાશ કરવા માટે બસ છે, અને અયોધ્યાના મેલને ધોનારા ધોબીના મુખમાંથી આવી વાણી નીકળી ત્યારે રામચંદ્રજીને ભારે આઘાત થયો અને સીતાને અરણ્યમાં છોડી આવવાની એમણે લક્ષ્મણને આજ્ઞા કરી. લક્ષ્મણે સીતાને તમસ નદીને કાંઠે વાલ્મીકિના આશ્રમ પાસે છોડી દીધાં ત્યારે સીતાએ લક્ષ્મણ સાથે રામને સંદેશો મોકલાવતાં કહ્યું કે: "भूयो यथामे जन्मान्तरेऽपि त्वमेव भर्ता न च विप्रयोगः" અર્થાત્ જન્માન્તરે સાથ રહો તમારો, વિભક્ત નાહો કદી સાથ આપણો. સ્થૂલ દેહદૃષ્ટિએ તેઓ વિખુટા પડ્યાં પણ આંતરદૃષ્ટિએ કોઈ તત્ત્વ તેમને વિખુટા પાડી શકે તેમ ન હતું. સીતામાતા થઈ ગયાને તો અનેક સૈકાઓ વીતી ગયા, પણ વર્તમાન જેવા બીષણ કાળમાં પણ સીતામાતાની નાની નાની આવૃત્તિઓ

આપણી વચ્ચે વહી રહી છે, તેની આપણને ભાગ્યે જ ખબર પડે છે. આવા જ પ્રકારની એક સ્ત્રીની આ સાચી કહાણી છે.

ઈ. સ. ૧૯૫૫ના જૂન માસમાં નેપચ્યુન વિમા કંપનીના એક પોલીસી હોલ્ડર શ્રી. એસ. શુક્રસ્વામીના મૃત્યુ બાબતમાં તપાસ કરવા હું મદુરા ગયો હતો. ઈ. સ. ૧૯૪૯માં આ માણસે તેના બાળકનો વિમો કંપનીમાં લીધો હતો. આ વિમાની પોલીસીનો પ્રકાર માત્ર બચાવ યોજનાનો હતો, પણ એ ઈ. સ. ૧૯૫૪ સુધીમાં આ પોલીસી પર કુલ રૂ ૩૦૦૦ની પ્રેમિયમની રકમ કંપનીને પ્રાપ્ત થઈ હતી અને આ તમામ ભરેલી રકમ મજરે આપવાની શરતે શુક્રસ્વામીએ કંપનીમાં રૂપિયા દશ હજારની પોલીસી લીધી. પોલીસી આગલા વરસમાં લીધી હોય તે રીતે પાછલી તારીખમાં આપી અને આ હિસાબ પેટે થોડી રકમ શુક્રસ્વામીએ કંપનીને આપવાની હતી. ૧૯૫૪ના ઓગસ્ટ માસમાં આ રકમ ભરવાને બદલે તા. ૨૭-૧૨-૫૪ના તેણે આ રકમ ભરી અને [illegible] સારી તંદુરસ્તી માટેનો રીપોર્ટ પણ આપ્યો. બાળક તા. ૧૯-૩-૫૫ના મરણ પામ્યો. આ [illegible] ચાર જ માસમાં મૃત્યુ થવાના કારણે કંપની માટે તપાસ [illegible] જરૂરી બન્યું.

તા. ૧૨મી જૂન ૧૯૫૫ના દિવસે હું મદુરા [illegible]

લાંબા સમયથી બીમાર હતો તેવી માહિતી મળવા છતાં, તેને લગતો કોઈ સંતોષકારક કે મજબૂત પુરાવો ન મળી શક્યો. વિમા માટે કરેલી અરજીમાં વારસદાર તરીકે મરનારની પત્નીનું નામ હતું. માણસ ઠીકઠીક પૈસાદાર હતો અને તેને પોતાની માલિકીનું મકાન પણ હતું. આમ છતાં બાલકીપણુનની તપાસમાં એક બીજી મહત્ત્વની વાત જડી આવી. મરનાર ગુરુસ્વામી તેની છેલ્લી માંદગીમાં તેને ઘેરે ન રહેતાં તેની રખાત એક મીના નામની સ્ત્રીને ત્યાં રહેતો અને તેને જ ત્યાં મૃત્યુ પામેલો. મરનારે તામિલ ભાષામાં પોતાનું વીલ કરેલું અને તેમાં આ વિમાની પોલીસીની રકમ મીનાને મળે તેનો ઉલ્લેખ હતો. મને આ વીલની સત્યતા માટે શંકા હતી, પણ તેમ છતાં એક સાધન તરીકે તેનો ઉપયોગ આ કેસની પતાવટમાં થઈ શકે એવું લાગ્યું.

મરનારની પત્ની તરફે મદુરાના વકીલ મી. નાગાસ્વામી કામ કરતા હતા. હું તેમને મળવા ગયો અને પોલીસી લીધા પછી ત્રણ જ માસમાં મૃત્યુ થયું છે, એટલે મરનારે વિમો લીધો ત્યારે તેની તબિયતની સાચી હકીકત છુપાવી રાખી લાગે છે અને તેથી ભરેલી તમામ રકમ પાછી લઈ આ કેસમાં સમાધાન કરાવી આપાવવા મેં તેમને સમજાવ્યું. મી. નાગાસ્વામીએ આ કેસની સચ્ચાઈ અંગે એક મહત્ત્વની વાત કહી. તેણે કહ્યું કે મરનાર જો લાંબા સમયથી બીમાર રહેતો હોત અને તેનો ઇરાદો કંપનીને છેતરવાનો જ હોત, તો તેણે વિમાની અરજી પાસ થયા બાદ તરત જ પ્રિમિયમની રકમનો તફાવત ભરી આપ્યો હોત. અહીં તો ચાર માસ મોડી રકમ

ભરવામાં આવી છે. વળી મરનાર સાધન સંપન્ન માણસ હતો અને વરસોથી તે નિયમિત ઇન્કમટેક્ષ પણ ભરે છે. મને લાગ્યું કે મરનારની તરફેણમાં આ એક મહત્ત્વનો મુદ્દો હતો અને ન્યાય કોર્ટમાં કંપનીનો કેસ ઊભો રહી શકે તેમ ન હતું. પરંતુ આમ છતાં બનતો પ્રયત્ન કરી ઓછી રકમથી પતાવટ થતી હોય તો સારું એમ માની એ દિશામાં મેં પ્રયત્નો શરૂ કર્યા.

સૌથી છેલ્લે અમે મી. નાગાસ્વામી વકીલને લઈ મરનારની વિધવા પાસે તેને સમજાવવા ગયા. હું તો તામિલ ભાષા જાણું નહિ એટલે નાગાસ્વામી પાસે કહેવરાવ્યું કે, આ વિમાની પોલીસીના રૂપિયા માટે મીના નામની બાઈએ પણ પોતાનો હક આગળ કર્યો છે અને ન્યાયકોર્ટમાં આ બધી બાબત ચૂંથાતાં કુટુંબની આબરુને લાંછન લાગવા જેવું થશે. પ્રૌઢ ઉંમરની પેલી બાઈએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી તેની ભાષામાં વકીલને જે કહ્યું તેનો સાર એ હતો કે 'આ માણસો જે મારા પતિની બદનક્ષીની વાત મારી સમક્ષ કરી રહ્યા છે તેમને મારા ઘરમાંથી દૂર કરો. હું આ લોકોનું મોઢું જોવા નથી માગતી અને વિમાની પોલીસીના રૂપિયા પણ મારે જોઈતા નથી.'

આ રીતે અમારો પ્રયત્ન એક દૃષ્ટિએ નિષ્ફળ ગયો તો બીજી રીતે સફળ પુરવાર થયો, પણ સફળતાનો મારો આનંદ લુપ્ત થયો. એ બેનનું આવું તોછડું વર્તન મારી સાથેના લોકોને અપમાન રૂપ લાગ્યું, પણ હું તો માતાની માફક તેને મનોમન વંદી રહ્યો. મને સીતામાતા યાદ આવ્યાં. સગર્ભાવસ્થામાં વનમાં જ્યારે વાલ્મીકિના આશ્રમમાં તેઓ રહેતાં હતાં, ત્યારે પ્રાતઃકાળે રામના નામની માળા ફેરવતા જોઈ તેની પાસે રહેલી એક વૃદ્ધ તાપસીએ ઠપકો આપતાં તેને કહ્યું: 'વિના અપરાધે તારા પતિ રામે તારી આવી નાજુક સ્થિતિનો ખ્યાલ કર્યા વગર તને જંગલમાં મોકલી દીધી, અને એમ છતાં પણ રામના નામની માળા ફેરવવાનો અર્થ શું છે?' સીતાએ હસીને તેને કહ્યું 'માજી! જીવનમાં

જેને પ્રેમ પ્રાપ્ત થયો હોય તેવી વ્યક્તિને આવો વિચાર કદી ન આવી શકે. મને મારા રામનો પ્રેમ પ્રાપ્ત [illegible]. કે પ્રેમ એ સ્થૂલ આપવા લેવાની વસ્તુ નથી પ્રેમ પ્રાપ્ત થાય તેના માટે જીવન અને જગતમાં કશું પ્રાપ્ત [illegible] નથી [illegible], એક મનીષા માત્ર બાકી રહે છે [illegible] ની–પોતાના પ્રેમ પાત્ર માટે સર્વ [illegible]. માત્ર દેહજ નહિ. આત્મા સુદ્ધાં! પ્રેમ [illegible] દુઃખ એ દુઃખરૂપ લાગવાને બદલે ઐશ્વર્ય [illegible] સીતાની વાત તાપસી ન સમજી શકે [illegible] પણ ભારે: " મૃત્યુલોકના આનંદ [illegible] છે, અને વળી તેની કોઈ દવા પણ નથી

તેથી ઊલટું કુલટા સ્ત્રીઓના પતિરાજો તેમની પત્નીઓથી ત્રાસી જઈ સંન્યાસી બની ગયાના અગર સીધા કે આડકતરી રીતે પત્નીઓના પ્રાણ લઈ લીધાના અનેક દાખલાઓ આપણે ત્યાં જોવાના મળે છે. આ વસ્તુ એમ પૂરવાર કરે છે કે નારી જાતની સહન કરવાની અને દુઃખ પચાવવાની શક્તિ, પુરુષ જાતિ કરતાં ઉત્કૃષ્ટ કોટિની છે. જેની ગણતરી આ વિશ્વના મહાન માણસોમાં થઈ શકે એવા અબ્રહામલિંકન, મહાત્મા ટોલસ્ટોય, સોક્રેટીસ અને સંત તુકારામને કુભારજા પત્ની પ્રાપ્ત થયેલી અને એવી સ્ત્રીઓ સાથે પનારા પડવાને કારણે તેઓને અત્યંત સહન કરવું પડયું હોવા છતાં, આ સ્ત્રીઓનાં પતિરાજો તેમની પત્નીઓનાં દોષો પ્રત્યે ભારે નજરે જોયા વિના તો નથી જ રહી શકયા. ટોલસ્ટોય તો મૃત્યુ વખતે પણ સ્પષ્ટ રીતે કહી ગયા હતા કે 'ઈશ્વરની ખાતર મારા મૃતદેહની નજીક મારી પત્નીને આવવા ન દેજો.' પુરુષ અને સ્ત્રીની પ્રકૃતિના આવા મૂળભૂત ભેદના કારણે જ આ સંસારમાં કદાચ પુરુષ કરતાં સ્ત્રી વધુ વંદનાને પાત્ર છે. બાકી તો સમગ્ર માનવ જાતના પરિપકવનું મૂળ સ્થાન તો આખરે સ્ત્રી જ છે ને!

ગુરુસ્વામીની પત્નીએ દર્શાવેલા રોષ પછી સમાધાનનું કામ સહેલું થઈ ગયું. તેમના વકીલ નાગાસ્વામીને પણ લાગ્યું કે તેની અસીલ બાઈ વિમાની પોલીસીની રકમ વસુલ કરવા ન્યાયકોર્ટમાં તો જવાની જ નહિ. એટલે મેં વકીલને કહ્યું કે તમામ પરિસ્થિતિ પછી પણ, પોલીસીની રકમના પચાસ ટકા એટલે પાંચ હજાર રૂપિયા તેમજ તેના અસીલની

ફીની રકમના રૂપિયા પણ કંપની આપવા તૈયાર છે. મારી અંગત સલાહ આપતાં વળી કહ્યું કે, મને એવો અનુભવ છે કે આવા ગૂંચવણ ભર્યા કેસોમાં ઘરમેળે પતાવટ થાય એ જ ઠીક છે, કારણ કે કોર્ટમાં વળી નવા નવા ઇશ્યુ ઊભા થાય છે અને તેનો અંત જ આવતો નથી.

બીજે દિવસે અમારી મહુરાની ઓફિસે આવી શ્રી. નાગારવાળી રૂપિયા પાંચ હજારનો ચેક તેમજ તેમની ફીના રૂપિયા અઢીસો લઈ ગયા. કંપનીને પાંચ હજાર રૂપિયાનો ફાયદો થયો તેના આનંદ કરતાં, પેટી પ્રતિભાજન બાઈને પાંચ હજાર રૂપિયા ઓછા મળ્યા તેનો મને ખેદ અને દુઃખ હતું. પરંતુ જે પરિસ્થિતિ અને સંજોગો ઊભા થયા હતા તેમાં આવી વ્યવસ્થા અનિવાર્ય હતી. મહનાકે [illegible] આવી સ્થિતિ ઉપજાવી કંપની સામે અંગત [illegible] નહીં હતી. કંપનીએ નફાના લાભ તરફ પેટી બાઈને પાંચ હજારનું નુકસાન પહોંચાડ્યું. તે બાબત તે વખતે તેમજ [illegible] મન માટે ફાયદારૂપ જ રહી છે.

## ૨૨. માનવ અને દેવ

ઈ. સ. ૧૯૫૨ના ૨૩મી ઑગસ્ટ અને શનિવારના દિવસની આ વાત છે.

પર્યુંષણ પર્વનો સાતમો દિવસ હતો અને તે દિવસે મારે અઠ્ઠમનો બીજો ઉપવાસ હતો. હું મારા નિવાસસ્થાનના પહેલા માળના અલાયદા રૂમમાં સવારના નવ વાગે વાંચી રહ્યો હતો ત્યાં મારી નાની પુત્રી ગભરાયેલી સ્થિતિમાં મારી પાસે આવી અને ગળગળા અવાજે કહ્યું : 'બાપુજી ! જલદી ઉપર ચાલો, શશીકાંતભાઈને કાંઈક થઈ ગયું છે.' હું તરત જ તેની સાથે ઉપર ચોથા માળે જ્યાં અમારૂં રહેઠાણ છે ત્યાં ગયો અને જોયું તો મારા મોટા પુત્ર શશીકાંત જેની ઉંમર તે વખતે પચીસ વર્ષની હતી, તેના અંગે અંગો ખેંચાતાં હતાં અને પથારીમાં સુતો સુતો સખત રીતે ધ્રૂજતો હતો. તાવ પણ સારા પ્રમાણમાં હતો. અમારી બાજુમાં જ ડૉ. હરિલાલ શાહ રહે એટલે તેમને તરત જ દવાખાનેથી બોલાવ્યા. તેણે આવીને પેનીસીલીન અને સ્ટ્રેપ્ટોમાઇસીનનું ઇન્જેક્ષન આપ્યું. ડૉકટરે કહ્યું કે સખત શરદીના અંગે આમ એકાએક થઈ ગયું લાગે છે, પણ કશું ભય જેવું અત્યારે તો નથી. વળી અગિયાર વાગે તેને છાતીમાં સખત શૂળ નીકળવા લાગ્યું અને પરિસ્થિતિ બગડતી લાગી એટલે ડૉ. હરિભાઈની સલાહ લઈ એમ્બ્યુલન્સ બોલાવી તેને તરત જ બોમ્બે હૉસ્પિટલમાં ડૉ. કોઠિયારના વોર્ડમાં દાખલ કરી દીધો.

પાર્શ્વનાથ ભગવાનનાં અધિષ્ઠાયી દેવી શ્રી પદ્માવતી માતા પર મને અનન્ય શ્રદ્ધા, અને માતા કદી પુત્રનું અહિત ન થવા દે એવી અખૂટ આસ્થા, એટલે મુશ્કેલી અને મૂંઝવણના પ્રસંગે હું હંમેશાં તેને શરણે જઈ નિશ્ચિંત બનું. મારી માતા તો મારી બાલ્યવયે જ સ્વર્ગવાસ પામ્યાં એટલે સમજણો થયો ત્યારથી માતાની અવેજમાં મેં પદ્માવતી દેવીને જ માતા રૂપે માની લીધાં. તે દિવસે મારે ઉપવાસ હતો એટલે જ્યાં લગી શંખેશ્વરજી પાર્શ્વનાથ જઈ ત્યાં પદ્માવતી માતાની મૂર્તિ પાસે અગિયાર શ્રીફળનું તોરણ ન બાંધું ત્યાં સુધી, પુત્રનો રોગ દૂર થાય એ અર્થે દૂધ તેમજ જેમાં દૂધ મિશ્રિત હોય તેવી તમામ વસ્તુઓના ત્યાગનો મનમાં સંકલ્પ કર્યો.

[illegible] હૉસ્પિટલના ડૉક્ટરને મેનીનજાઈટીસના [illegible] થયો એટલે પાકી ખાતરી કરવા બપોરે [illegible] માંથી પંક્ચર કરી પાણી કાઢવાની [illegible] તૈયારી કરી. [illegible] ત્યાં જ ડૉ. [illegible] આવ્યા અને [illegible] [illegible] પરિસ્થિતિના મૂળમાં [illegible] [illegible] માનસિક [illegible] [illegible] [illegible]

[illegible]

પૂ. મુનિરાજને શંખેશ્વરજી જવા માટેની વાત કરી. તેથી તેઓએ કોઈ છોકરા સાથે મને ત્યાંના શેઠ શ્રી. રમણીકલાલ જેચંદને ત્યાં મોકલાવ્યો, અને તેમણે આવવા જવાના રૂપિયા દશના ભાડાથી એક ગાડાની સગવડતા કરાવી આપી.

હારીજથી સવારના આઠ વાગે ગાડામાં બેસી શંખેશ્વરજી જવા રવાના થયો અને લગભગ બપોરે એક વાગે ત્યાં [illegible] મંદિરના કમ્પાઉન્ડમાં દાખલ થતાં [illegible] [illegible] શ્રીકૃષ્ણનું [illegible] પદ્માવતી માતાની દેરીએ. [illegible] [illegible] એ રીતે તૈયાર કરવાનું કહી દીધું [illegible] કરી. [illegible] બાંધવાની ક્રિયા પૂર્ણ કરી [illegible] જ્યારે પદ્માવતી માતાની મૂર્તિ સામે [illegible] કરી. ત્યારે મારા અંતર મનમાં કોઈ [illegible] પરંતુ મેં પ્રકાશના [illegible] મને મારી [illegible] સાવધાન થયો. મને લાગ્યું કે પદ્માવતી માતા [illegible] ભક્તિ [illegible] [illegible] [illegible] [illegible]

જરૂરિયાત શક્ય હોય ત્યાં સુધી કોઈ પણ જાતની શરત વિના જ પૂરી પાડે છે. આમ છતાં પુત્ર જો કોઈ પણ શરત કરવા તૈયાર થાય, તો તેનો અર્થ એટલો જ કે પુત્રમાં માતા પ્રત્યે શ્રદ્ધા અને વિશ્વાસનો અભાવ છે. આમ થશે તો આમ કરીશ એ વાત જ ધંધાદારી સોદા જેવી છે અને તેમાં ભક્તિ, શ્રદ્ધા અને વિશ્વાસનો સદંતર અભાવ છે. આપણા દેવ–દેવીઓ જેને માટે આપણને સંપૂર્ણ માન, પ્રેમ અને ભક્તિ ભાવ હોય તેની સાથે આવા સોદા કરવા તે તો એક પ્રકારની ચોકખી છેતરપિંડી જ કરવા જેવું છે.

તાત્ત્વિક દૃષ્ટિએ તો દેવ–દેવીઓની સહાય શોધવી એ પણ એક પ્રકારની પરાધીનતા અને કંગાલતા છે. ભ. મહાવીરના જીવનની એક વાત છે. દીક્ષાના પ્રથમ દિવસે કુમાર ગામે, ગામની બહાર ભગવાન મહાવીર ધ્યાનસ્થ દશામાં હતા ત્યારે, એક ગોવાળિયો બળદની રાશ ઉપાડી ભગવાનને મારવા દોડ્યો. એ વખતે ભગવાનને બચાવવા ઇન્દ્ર ત્યાં દોડી આવ્યા પણ ભગવાને તેને સ્પષ્ટ ભાષામાં કહી દીધું કે: "હે ઇંદ્ર! કર્મ ક્ષયના માર્ગમાં બીજા કોઈની મદદ કામ લાગતી નથી. મારે પૂર્વ કર્મોનો ક્ષય મારે તેના ફળ ભોગવીને જ કરવો પડવાનો છે, માટે તારે આ પ્રકારે મારી પાછળ ફરવાનું કોઈ પ્રયોજન નથી." વગર ઇચ્છાએ સામેથી દેવની આવતી મદદનો ભગવાને જ્યારે અસ્વીકાર કર્યો છે, ત્યારે ધંધાદારી દૃષ્ટિ માફક આપણે દેવોની સહાય શોધવા જાત જાતના પૂજનો અને વિધિ વિધાનો કરીએ છીએ, એ હકીકત ભગવાનના અને આપણા જીવન વચ્ચે કેવી કરુણ અસંગતતા બતાવે છે!

આપણે ત્યાં શાલિભદ્ર અને ભદ્રા માતાની બહુ પ્રચલિત કથા છે. માતા અને પુત્રને દેવલોકમાંથી દરરોજ નવ્વાણું પેટીઓ આવતી, પરંતુ તેમાં કોઈ જગ્યાએ એવો ઉલ્લેખ નથી આવતો કે માતા અને પુત્રે દેવને પ્રસન્ન કરવા મહા-પૂજન કે કોઈ બીજી સાધના કરી હોય. કથા એવી છે કે શાલિભદ્રનો પિતા જેને પત્ની અને પુત્ર બન્ને અત્યંત રાગ હતો, તે મૃત્યુ બાદ દેવલોકમાં ગયો અને રાગના કારણે આવી પેટીઓ દરરોજ ત્યાંથી મોકલતો હતો. એટલે આમાંથી જે તત્ત્વ ગ્રહણ કરવાનું છે તે તો એ છે કે આપણે આપણા પુરુષાર્થ દ્વારા એવું શુભ કર્મ કરવું કે જેથી આપણને જરૂરી વસ્તુ માટે બીજા માગવા જવાને બદલે એ વસ્તુ જ આપણા બારણાં ખખડાવતી આપણે ત્યાં આવે.

દેવો કે દેવીઓને પૂજન, હવન, માનતા કે બાધા આખા નથી રીઝવી શકાતાં. એમને રીઝવવા તો આપણે [illegible] [illegible] કહ્યું છે [illegible] [illegible] કહ્યું છે કે દેવો પણ [illegible] [illegible] (દશવૈકાલિક [illegible]) [illegible] [illegible]

આપત્તિના પ્રસંગે આપણે જરૂર તેમને પ્રાર્થના કરી શકીએ કે હે દેવો! હું જે ભોગવી રહ્યો છું તે મારા પોતાના જ કર્મોનું ફળ છે. ઉદયમાં આવેલા કર્મના એ ફળોને હવે આર્ત કે રૌદ્ર ધ્યાન વિના સમભાવ અને શાંતિપૂર્વક ભોગવવાની મને શક્તિ અને બુદ્ધિ આપો, કે જેથી નવાં કર્મ બાંધ્યા સિવાય મારા કર્મની નિર્જરા થઈ શકે.

જીવલેણ માંદગીને આપણે આફત અને આપત્તિરૂપ માનીએ છીએ, પરંતુ તેમાંથી પણ માનવી બોધપાઠ લઈ શકે છે. દીનબંધુ એન્ડ્રુઝે એક ઠેકાણે લખ્યું છે કે : "શાંતિ નિકેતન હું હતો ત્યારે મને કોલેરા થયો હતો. હું મૃત્યુની એકદમ નજીક પહોંચી ગયો હતો, એમ જ કહો કે ઘણા દિવસો સુધી મૃત્યુનાં બંધ બારણા પર પડી રહ્યો. એ સમયે હું અંતર્મુખ બની આત્માની શાંતિનો અદ્ભુત પાઠ ખુદ પરમ પિતા પાસેથી શીખ્યો."

દુઃખ, આઘાત કે વેદનાની લાગણીથી ગભરાવાનું કે ભય પામવાનું કશું કારણ નથી. માનવી પર દુઃખના ઘા પડે તેનું કારણ તેનામાં કાંઈક ખરાબ તત્ત્વ છે એમ માનવું યથાર્થ નથી. એકાન્તે એમાં પાપનો ઉદય છે એમ પણ માની શકાય નહિ. માણસ જ્યારે અનિત્ય, નાશવંત અને અશાશ્વત વસ્તુની પાછળ દોડે છે, ત્યારે આ વાતનું તેને ભાન કરાવવા અને તેની સાન ઠેકાણે લાવવા આવું બધું બને તો તેમાં ખોટું શું છે? તેથી જ ખલિલ જિબ્રાને કહ્યું છે કે : "તમારા જ્ઞાન ઉપર બાઝી ગયેલું જડત્વનું પડ દૂર કરવા માટે, તમને જે

એક વસ્તુ કુદરત તરફથી આપવામાં આવે, એ તમારી વેદના છે."

જીવનને તેના યથાર્થ સ્વરૂપમાં સમજવાની બુદ્ધિ અને જીવન જીવવાની સાચી રીત માણસને સુખ દ્વારા નહિ પણ દુઃખના માર્ગે જ પ્રાપ્ત થાય છે. તેથી કોઈએ કહ્યું છે કે દુઃખં સત્યં, સુખં માયા, દુઃખં જન્તોः પરં ધનમ્ અર્થાત્ દુઃખ છે સત્ય, સુખ માયા; દુઃખ એ જંતુનું પરમ ધન છે. તેથી દુઃખના પ્રસંગોમાં દેવોના પૂજન દ્વારા તેમાંથી [illegible] નીકળી પડવું એ માનવજીવન માટે [illegible] નથી. [illegible] અને બાળબાળનાં પૂજનોથી દૂર રહી [illegible] પ્રત્યે બહુમાન બતાવવાને બદલે, આપણે [illegible] સુખ માટેના માનુષી [illegible] [illegible] એ રીતે દેવોની ભક્તિ કરવાને બદલે [illegible] આધ્યાત્મિક રીતે વર્તી શકાય તેમ [illegible]

જે વર્ણન કરવામાં આવ્યું છે, તે આબેહૂબ આ પ્રમાણેનું જ છે. કોઈએ સાચું જ કહ્યું છે કે ઈશ્વર માણસને શોક એટલા માટે આપે છે કે, એના દ્વારા એ વધુ સુંદર, વધુ પવિત્ર બને. માણસ જાતને આનંદ કરતાં વધુ મોટી ભેટ શોકની મળી છે. પશ્ચિમના એક વિદ્વાન પુરુષે પણ આજ અર્થમાં કહ્યું છે કે Meritorious are those who experience grief. આપણે પણ કહીએ જ છીએ કે पुण्यवंतो हि दुःखभाजो भवन्ति. એટલે દુઃખમાં દેવો કે દેવીઓની પાછળ પડવું એ જરાએ ઉચિત નથી.

('આત્માનંદ પ્રકાશ' ફેબ્રુઆરી, ૭૦)

## ૨૩. લક્ષ્મીપૂજન

દિવાળીના દિવસે વેપારીઓ લક્ષ્મીપૂજન કરે છે અને નવા ચોપડામાં જૈન વેપારીભાઈઓ મથાળે લખે છે કે: 'ગૌતમસ્વામીની લબ્ધિ હોજો', 'શાલિભદ્રની રિદ્ધિ હોજો', 'અભયકુમારની બુદ્ધિ હોજો', 'કયવન્નાશેઠનું સૌભાગ્ય હોજો', આમ આવી બધી માગણીઓ કે તો [illegible]: પરંતુ કર્મશાસ્ત્રના નિયમો અનુસાર માનવીને માગવાથી કશું મળતું નથી. માનવીને તેના કર્માનુસાર બધું મળે છે. [illegible] એને જેની જરૂર હોય તેને અનુરૂપ [illegible] કર્મ જો પૌદ્ગલિક વસ્તુ છે. જે વસ્તુ નાશવંત છે. તેને [illegible] પુરુષાર્થ કરવાથી તે વસ્તુ પ્રાપ્ત થઈ શકે છે. [illegible] લોકોની પ્રચલિત [illegible] Law of cause and effect અર્થાત્ કાર્ય-કારણના નિયમમાં માનવી [illegible] પ્રાપ્તિ માટે પૂજન નહિ પણ [illegible]

શાલિભદ્રની સિદ્ધિના મૂળમાં તેની દાનવૃત્તિ કારણરૂપ હતી. પૂર્વજન્મમાં જ્ઞાન અને સંસ્કાર ન હોવા છતાં, માતા પાસે રડી રડીને ખાવા માટે તૈયાર કરાવેલી ખીર, જરાએ આંચકો ખાધા સિવાય મુનિરાજના પાત્રામાં ઉલ્લાસ અને ભાવપૂર્વક વહોરાવી દીધી હતી. રિદ્ધિ કે સિદ્ધિ પ્રાપ્ત કરવા અર્થે તેણે આ ક્રિયા કરી ન હતી. પણ ભક્તિભાવે તેણે આ કાર્ય કર્યું અને તેના ફળરૂપે રિદ્ધિ-સિદ્ધિ ન ઇચ્છી હોવા છતાં બીજા જન્મમાં તેને તે પ્રાપ્ત થયા. તમે જે બી વાવો તેનાં ફળ તમને મળે છે જ.

અભયકુમારની બુદ્ધિના મૂળમાં તેની પિતૃભક્તિ કારણરૂપે હતી. જન્મથી જ વિરક્ત હોવા છતાં તેના પિતા શ્રેણિક પ્રત્યે તેના ભક્તિ ભાવ અનન્ય અને અપૂર્વ હતા. સંયમી, તપસ્વી અને ત્યાગી હોવા છતાં અભયકુમારે પોતાના પિતાની કોઈ પણ ઇચ્છાને અતૃપ્ત રહેવા દીધી ન હતી.

કયવન્ના શેઠના સૌભાગ્યની માગણી કરનારાઓમાંથી ઘણા વેપારીભાઈઓને તેના જીવનની માહિતી પણ નહીં હોય. રાજગૃહીમાં ધનેશ્વર નામના શેઠને ત્યાં પુત્રનો જન્મ થયો, અને તેનું નામ કૃતપુણ્યક પાડ્યું. પુણ્ય કરીને, પુણ્ય ભોગવવા જ બાળક જન્મ્યો, એટલે તેનું કૃતપુણ્યક નામ યથાર્થ જ હતું. બાળક જન્મથી જ નિર્વિકારી અને નિષ્પાપી. એકનો એક પુત્ર હોવાથી અને સાધુઓના સંગમાં રહેતો જોઈ માતાપિતાને ભય લાગ્યો કે રખેને પુત્ર સાધુ થઈ જાય! ભૌતિક સુખો અને વૈભવથી દૂર નાસતાં હોવા છતાં ભોગાવલી કર્મો તો ભોગવે જ છૂટકો. પિતાએ પુત્રને વૈભવ અને વિલાસના

માર્ગે દોરવવા વારાંગનાની સોબત કરાવી. ધનનો નાશ થતાં વારાંગનાની પ્રીતિનો પણ અંત આવ્યો. પૂર્વજન્મના કર્મોદયના કારણે કૃતપુણ્યકને ધનાશેઠના મૃત્યુ પામેલા પુત્ર જિનદત્ત-શેઠની સંતાન વિહીન ચાર પત્નીઓના પતિદેવ તરીકે રહેવાનું થયું. બાર વરસના આવા દાંપત્ય જીવનના અંતે ચાર પુત્રોનો પિતા થયો. પછી તો શ્રેણિકના રાજ્યનો અમુક ભાગ મળ્યો અને તેની પુત્રી મનોરમા સાથે લગ્ન પણ થયાં. પોતાના પૂર્વ-જન્મની હકીકત અને સંસારની વિચિત્રતાનું સ્વરૂપ ભગવાન મહાવીર પાસેથી સમજાણું અને સંસાર પરથી દિલ ઉઠી ગયું. કૃતપુણ્યક શેઠે બધું છોડી દીક્ષા લીધી. ચોપડામાં લખાતાં કયવન્ના શેઠ એ આ જ કૃતપુણ્યક શેઠ. એનું સૌભાગ્ય ઉત્તમ પ્રકારનું હતું તેમાં શંકા નથી, પણ અંતે તો એ સૌભાગ્યને છોડી તેમણે ત્યાગ–તપ–સંયમનો માર્ગ સ્વીકાર્યો. ચોપડામાં કયવન્ના શેઠનું સૌભાગ્ય માગનારાઓએ તેઓ કયવન્ના શેઠના પૂર્વાર્ધ કે ઉત્તરાર્ધ જીવનનું સૌભાગ્ય માગે છે તે જરા સમજી લેવું જોઈએ. કારણ કે ઉત્તરાર્ધ જીવનના સૌભાગ્ય પ્રાપ્ત કરવામાં કોઈ જાતનો અંતરાય નથી. દરેક વેપારી પોતે આજે પણ એ માર્ગે જવા મુક્ત છે.

આવા મહાન આત્માઓએ રિદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત કરેલી, તેવી રિદ્ધિ સિદ્ધિની માગણી કરતી વખતે તેમના અને આપણા જીવન જીવવાની પદ્ધતિ વચ્ચે કેવી અને કેટલી સુસંગતિ રહેલી છે, તેનો આપણે વિવેકપૂર્વક વિચાર કરવો જોઈએ. ઇચ્છા મુજબ વસ્તુઓની પ્રાપ્તિમાં સાચું સુખ નથી, પરંતુ સાચું સુખ તો ઇચ્છાના અભાવમાં જ રહેલું છે. મહાન લબ્ધિઓ

રિદ્ધિ સિદ્ધિ અને અપરિમિત સુખો મળ્યાં છતાં, એમના અધિકારીઓએ એ બધામાં ન રાચતાં, તેને છોડી ત્યાગ-તપ-સંયમનો માર્ગ સ્વીકાર્યો હતો. સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોવા છતાં, અને તે માટે દરેક દિવાળીએ માગણી કરવા છતાં શા માટે હંમેશાં આપણને દુઃખ, ચિંતા, ઉદ્વેગ અને અશાંતિ અનુભવવાં પડે છે? ચોપડાના સરવૈયામાંથી આ હકીકત ન સમજી શકાય. ધર્મ સંબંધમાં મોટી મોટી વાતો કરતા હોવા છતાં આપણે દિવસે દિવસે ધર્મથી વિમૂખ થતા જઇએ છીએ અને આ કારણે જ દુઃખ, ચિંતા, ઉદ્વેગ અને વ્યાકુળતા આપણે અનુભવવાં પડે છે. આ બધું આપણા જ કૃત્યનું પરિણામ છે અન્ય કાંઈ નથી.

આ રીતે દિવાળી વખતે આવક જાવકનું સરવૈયું કરી ચોપડા પૂજન કરનાર વેપારી પોતાની જીવન પદ્ધતિનું પણ સરવૈયું કાઢે અને આ દ્રષ્ટિનો ખ્યાલ રાખી અન્ય જનોને 'સાલ મુબારક' કરે એ જરૂરનું છે.

(સેવાસમાજ, તા. ૧-૧૧-૭૦)

## ૨૪. ભાવના–ભવનાશિની

દીક્ષા લીધા પછીના અગિયારમા વર્ષે ચાતુર્માસ અર્થે **ભગવાન મહાવીર** વૈશાલીનગરીના સમર નામના ઉદ્યાન તરફ જઈ રહ્યા હતા. એ માર્ગેથી ભગવાનના પસાર થયા બાદ વૈશાલીના જૂના નગરશેઠ જિનદત્ત તે જ રસ્તે કોઈ કામે પસાર થઈ રહ્યા હતા, ત્યારે તેમણે ભગવાન મહાવીરના ચરણની રેખાઓ જોઈ વિચાર્યું કે નક્કી આ માર્ગેથી કોઈ મહાન ચક્રવર્તી અગર તીર્થંકર હમણાં જ પસાર થયેલા દેખાય છે. એ મહામાનવની શોધ અર્થે જિનદત્ત શેઠ પગલે પગલે આગળ વધ્યા અને સમર ઉદ્યાનમાં ભગવાન મહાવીરને ધ્યાનસ્થ બેઠેલા જોઈ તેના ચિત્તમાં પ્રસન્નતા છવાઈ ગઈ. જિનદત્ત શેઠને ખાતરી થઈ ગઈ કે અવશ્ય આ તીર્થંકરનો જીવ છે અને ભગવાનને ભાવપૂર્વક વંદન કર્યાં. ભગવાન મહાવીરનો એ સાધના કાળ હતો અને તે ઉદ્યાનમાં એ વખતે ભગવાને ચાર માસના ઉપવાસનું ઉગ્ર તપ કર્યું હતું.

જિનદત્ત શેઠના જીવન પાછળ પણ એક ઇતિહાસ હતો. એક વખત તેઓ વૈશાલીના નગરશેઠ હતા. વિપુલ ધન વિના નગરશેઠ ન બની શકાય અને ધન પ્રાપ્ત કરવામાં અને તેને સાચવી રાખવામાં અનેક કાવાદાવા કરવા પડતા, જે જિનદત્ત શેઠના સ્વભાવ અને પ્રકૃતિ વિરુદ્ધ હતું. જિનદત્ત શેઠે નગરશેઠાઈ છોડી દીધી અને નિષ્પાપ માર્ગે જે કાંઈ પ્રાપ્ત થતું

તેમાં સંતોષ માન્યો. વિપુલ ધન ચાલી જતાં જિનદત્ત શેઠને લોકો જીર્ણશ્રાવક તરીકે ઓળખવા લાગ્યા. ધન પ્રાપ્ત થતાં નાથિયામાંથી જેમ નાથાલાલ શેઠ બની જવાય છે, તેમ ધન જતાં નાથાલાલ નામનું પરિવર્તન પણ નાથિયામાં જ થઈ જાય છે. જીર્ણશ્રાવકની બાબતમાં પણ લગભગ આમ જ બન્યું હતું. વિપુલ ધન અને વૈભવનો ક્ષય થતાં નામનો પણ ક્ષય થઈ જાય છે. આ રીત જગતમાં આજની નથી, અનાદિકાળથી આવી જ રીત ચાલુ રહેલી જોવામાં આવે છે.

હવે જીર્ણશ્રાવક દરરોજ પ્રાતઃકાળે ધ્યાનમગ્ન બેઠેલા ભગવાન મહાવીર પાસે વંદના અર્થે જવા લાગ્યા અને પાછા ફરતી વખતે વિનંતી કરતા કેઃ 'પ્રભુ! આજે મારા ઘેરે ગોચરી લેવા જરૂર પધારજો.' જીર્ણ શેઠને ભગવાન તરફથી તો કશો પ્રત્યુત્તર ન મળતો. પણ તેમ છતાં તેને ખાતરી થઈ ગઈ કે ભગવાનની ઉગ્ર તપશ્ચર્યા પૂરી થતાં પારણાંને દિવસ જરૂર મારું આંગણું પાવન કરશે. એક, બે, ત્રણ અને ચાર માસ પૂરા થયા. ચાતુર્માસનો અંત આવ્યો એટલે વળતે દિવસે પ્રાતઃકાળે વંદન કરી વિનંતી કરતાં જીર્ણશ્રાવકે ભગવાનને કહ્યુંઃ 'પ્રભુ! મને લાગે છે કે આજે આપના પારણાંનો દિવસ છે અને તેથી મારા પર અનુગ્રહ કરી આપ જરૂર મારે ત્યાં ભિક્ષા લેવા પધારજો.'

જીર્ણ શ્રાવકનું હૃદય આજે અત્યંત પ્રસન્ન હતું. ભગવાન તેને ત્યાં ચોક્કસ ગોચરી લેવા પધારશે એવા વિચારથી તેનું ચિત્ત આનંદવિભોર બની ગયું હતું. જે શેરીમાં પોતાનું મકાન હતું ત્યાં તેણે પાણી છંટાવ્યું અને રસ્તામાં આસો-

પાલવનાં તોરણ બંધાવ્યાં. ઘેરે અનેક પ્રકારના સ્વાદિષ્ટ ખાદ્ય પદાર્થો તૈયાર કરાવ્યા અને ચાતક પક્ષી આતુર થઈ જેમ વર્ષાની રાહ જુવે છે, તેમ પોતાના ઘરની પાસે ઉભા રહી જીર્ણ શ્રાવક ભગવાન મહાવીરના આવવાની રાહ જોવા લાગ્યા. જીર્ણશ્રાવક પોતાના મનોમનમાં વિચારી રહ્યા હતાઃ 'અહાહા! આજનો દિવસ કેવો પવિત્ર! આજે મારા ગરીબના આંગણે તીર્થંકર ભગવાન પધારશે, મારું આંગણું એમની ચરણરજથી આજે પવિત્ર થશે. ખરેખર! આજે મારૂં મહાન સદ્‌ભાગ્ય જાગ્યું, નહિ તો આવા તીર્થંકર ભગવાનના પાતરામાં મારા હાથે ગોચરીના પદાર્થો ક્યાંથી પડે? ચાર ચાર માસ સુધીની વિનંતીનું ફળ આજે પ્રાપ્ત થશે.' જીર્ણશ્રાવક આવી સુંદર ભાવના ભાવતા ભૂતકાળમાં સરી પડ્યા. ધનવાન હતા ત્યારે જમણા હાથની અનામિકામાં એક મહામૂલ્યવાન હીરાની મુદ્રિકા પહેરતા અને હીરાના તેજથી હાથ શોભી ઊઠતો. જીર્ણ શ્રાવકે પોતાનો જમણો હાથ ઊંચો કરી મનોમન કહ્યું: 'અરે જીવ! હીરો તો કોલસાની ખાણમાંના કોલસાનો સંગાથી. એવો એકેન્દ્રિય જીવ મારા જેવા પંચેન્દ્રિય માનવીને શું સુંદર બનાવી શકે? આ હાથ તો આજે જ્યારે ભગવાન મહાવીરના પાતરામાં ગોચરીના પદાર્થો મૂકશે ત્યારે ખરેખર સુંદર બની જશે. અરે! માત્ર મારો હાથ જ શા માટે? મારો સમગ્ર દેહ અને આત્મા સુદ્ધાં સર્વાંગ રીતે સુંદર બની જશે!' આમ જીર્ણ શ્રાવકનો આત્મા જ્યારે આનંદ વિભોર બની ભક્તિ-ભાવમાં નાચી રહ્યો હતો, ત્યારે આકાશમાં દેવદુન્દુભીનો નાદ થયો અને 'અહોદાનં'નો ધ્વનિ ગાજી ઊઠ્યો. દેવદુન્દુભીનો

નાદ સાંભળતાં જીર્ણશ્રાવકની આગળ અને આગળ વધતી શુભ ભાવધારા તૂટી પડી. એના આઘાતનો પાર ન રહ્યો, પણ તે તો સમ્યક્‌દૃષ્ટિ શ્રાવક હતો. પોતે જ પોતાના મનને સાન્ત્વન આપતાં કહેવા લાગ્યો: ' ભગવાન તો વીતરાગ કહેવાય, એને તો સર્વ જીવ સમાન ! ભગવાનને કાંઈ માનવી માનવી વચ્ચે વળી ભેદભાવ હોય ? એમાં ભગવાનની કૃપાદૃષ્ટિનો દોષ નથી, દોષ તો મારા ભાગ્યનો છે. કોઈ પણ વસ્તુની ઇચ્છા કરીએ પણ એ ઇચ્છાને અનુરૂપ આપણું કર્મ ન હોય તો એવી ઇચ્છા ક્યાંથી ફળે ? '

[૨]

ચાર માસનું ઉગ્ર તપ કરી ભગવાન તે દિવસે ભિક્ષા લેવા માટે નીકળ્યા હતા તો ખરા, પણ વચમાં વૈશાલીના નગરશેઠ અભિનવની હવેલી આવી અને ભિક્ષા અર્થે ભગવાન ત્યાં ગયા. અભિનવ શ્રેષ્ઠિનું મૂળ નામ તો અભેચંદ હતું, પણ પાસે ધન થયા પછી એવું નામ તે કાંઈ શોભે ? એટલે અભેચંદનું અભિનવમાં નામાંતર થયું હતું. પછી તો તેને નગરશેઠનું બિરૂદ પણ મળ્યું હતું. નગરશેઠ થવા માટે ત્યાગ–તપ–સંયમની જરૂર નથી પડતી, એમાં જરૂર પડે છે વિપુલ ધનની. અભિનવ શ્રેષ્ઠિની પાસે ધનનો કોઈ પાર ન હતો. તેની હવેલીમાં અનેક પ્રકારનાં સદાવ્રતો ચાલતાં હતાં અને ઘર આંગણે અનેક ગરીબજનો તેમજ ભિક્ષુકોની લાઈન લાગતી. આમ છતાં આ બધું માત્ર બાહ્ય દેખાવરૂપ હતું અને તેની પાછળનો મુખ્ય હેતુ તો પોતાની વાહવાહ બોલાવવાનો હતો. દાન તો ઘણું કરતો પણ તેના હૃદયમાં અનુકંપાનું નામ

નિશાન ન હતું. અંતર જુઓ તો કોરું ધાકોર પણ બાહ્ય આડંબરનો કોઈ પાર નહિ.

આવા શ્રેષ્ઠિને ત્યાં ભગવાન જ્યારે ભિક્ષા અર્થે ગયા ત્યારે અભિનવ શેઠ ગાદી તકિયા પર મોઢામાં પાન ચાવતા ચાવતા આરામથી બેઠા હતા. અનેક ભિક્ષુકોની માફક આ પણ ભિક્ષુક છે એમ શેઠશ્રીને પ્રથમ વિચાર આવ્યો, પણ ભગવાનના તેજની તેના પર અસર થઈ એટલે ગુસ્સે ન થતાં ઘરમાંથી દાસીને બોલાવી, આવેલા ભિક્ષુક એટલે ભગવાનને ઘરમાં જે કાંઈ હોય તે આપવા આજ્ઞા કરી. મોટા ધનવાનોને ત્યાં જે નોકર ચાકરો હોય છે તે વળી ધનવાનોને માથે પછાડવા જેવા હોય છે અને એવા નાલાયક હોવાના કારણે જ નોકરી માટે તેની પસંદગી થયેલી હોય છે. ભૂલેચૂકે કોઈ સારો કે સાચો માનવી તેમને ત્યાં નોકર તરીકે રહી જાય, તો પણ તે લાંબો ટાઈમ ટકી શકતો નથી. ધનનો કોઈ આવા જ પ્રકારનો પ્રભાવ હોય છે.

વેઠ ઉતારતી હોય તેમ દાસી રસોડામાંથી અડદના બાકળા જે તૈયાર હતા તે લઈ આવી અને પાતરામાં વહોરાવ્યાં. ભગવાન અડદના બાકળા વહોરી જેવા હવેલીની બહાર પગ મૂકે છે ત્યાં તરત જ ચમત્કાર થયો. આકાશમાં દેવદુન્દુભીનો નાદ થયો અને 'અહોદાન', અહોદાન'નો ધ્વનિ સંભળાયો. ત્યાં તો તરત જ પુષ્પઆદિ પાંચ વસ્તુઓની વૃષ્ટિ થઈ. અભિનવ શેઠને પછી તો તરતજ ભાન થયું કે આ કોઈ સામાન્ય ભિક્ષુક નથી, આ તો કોઈ મહાન વિભૂતિ લાગે છે. અભિનવ શેઠને થયું કે આવી મહાન વિભૂતિને માત્ર

## ૨૫. જીવનઘડતરમાં સાહિત્યનું સ્થાન

ભારતના સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી શરદબાબુએ અનુભવેલા પ્રસંગની આ વાત છે. શ્રી શરદબાબુએ લખેલી અનેક નવલકથાઓમાં તેમની 'ચારિત્રહીન' પણ એક પ્રખ્યાત નવલકથા છે અને આ રસમય ઘટના પણ આ ગ્રંથ અંગેની છે.

એક વખત શ્રી શરદબાબુ કાશીની મુસાફરીએ ગયા હતા અને ત્યાં તેઓ 'ઉત્તરા' પત્રના સંપાદક સુરેશ ચક્રવર્તીને ઘેર ઊતર્યા હતા. એક દિવસે વહેલી પ્રભાતે કાશીમાં રહેતા ચાર પાંચ બંગાળી ભાઈઓ તેમને મળવા ગયા અને તેઓએ શ્રી શરદબાબુના માનમાં ગોઠવેલા એક સમારંભમાં પધારવા માટે વિનંતી કરી. શરદબાબુએ પ્રથમ તો કહ્યું કે આવા સમારંભમાં હાજરી આપવી અને પ્રશંસાની અતિશયોક્તિભરી વાણી સાંભળવી તેમને પસંદ નથી અને વળી ક્યાંય ભાષણ કરવું એ પણ તેની પ્રકૃતિને અનુકૂળ નથી. આવેલા ગૃહસ્થોએ કહ્યું કે એ સમારંભમાં તમણે માત્ર હાજરી જ આપવાની છે અને કશું ભાષણ કરવાનું નથી. અંતે શરદબાબુએ પેલા ગૃહસ્થોની આગ્રહભરી વિનંતીને વશ થવું પડ્યું અને સમારંભમાં મુકરર કરેલા ટાઈમે તેઓ ગયા.

એ સભામાં શરદબાબુના અનેક પ્રશંસકોએ હાજરી આપી અને હારતોરાથી તેમનું ઉત્તમ સન્માન પણ કર્યું. ત્યાં આવેલા ભાઈઓની સ્નેહભરી લાગણીથી શરદબાબુને

અત્યંત આનંદ થયો અને સમારંભ પૂરો થતાં સૌ ભાઈઓ ચાલી ગયા. સૌથી છેલ્લે શરદબાબુ પણ જવા માટે ઊભા થયા પણ તેવામાં બે વિધવા બહેનો ત્યાં આવી પહોંચી અને વંદન કરી શરદબાબુ નજીક ઊભી રહી. બંનેમાંથી એક પ્રૌઢા હતી જ્યારે બીજી બહેન પચીસ વર્ષ આસપાસની યુવતી હતી.

પેલી યુવાન વિધવાએ શરદબાબુની નજીક જઈ ચરણ-સ્પર્શ કર્યા અને શરદબાબુને સારી રીતે જાણતી હોય તેમ ઊભી રહી, પણ શરદબાબુને તેની ઓળખાણ ન પડી. પેલી યુવતીને ચરણસ્પર્શ કરતી જોઈ શરદબાબુએ તેને કહ્યું: ‘બહેન! મને તમારી કશી ઓળખાણ નથી અને લાગે છે કે આપણે આ પ્રથમ વખત જ મળીએ છીએ.’ પેલી યુવાન વિધવાએ ગદ્ગદિત સ્વરે કહ્યું: ‘શરદબાબુ! આપ તો મારા ગુરુ સમાન છો અને મારા માટે પૂજ્ય પણ છો. સીધી રીતે નહિ પણ આડકતરી રીતે આપે મારું રક્ષણ કર્યું છે અને તેથી આપની તો હું જીવનભર ઋણી છું.’

યુવાન વિધવાની વાત સાંભળી શરદબાબુએ આશ્ચર્ય અનુભવ્યું અને કહ્યું: ‘મેં તમારું રક્ષણ કર્યું છે? ક્યાં અને ક્યારે રક્ષણ કર્યું? મને તો કાંઈ યાદ આવતું નથી. આપણું પરસ્પરનું આ પ્રથમ જ મિલન છે, તો પછી તમારું રક્ષણ મારાથી કઈ રીતે થયું તે તો તમે સમજાવો ત્યારે જ ખબર પડે.’ યુવતીએ આછું સ્મિત કરી મૃદુ સ્વરે કહ્યું: ‘પ્રત્યક્ષ રીતે આપણું આ પ્રથમ મિલન છે તે વાત સાચી, પરંતુ પરોક્ષ રીતે તમારી નવલકથાઓ દ્વારા તો આપ સાથે મારી બહુ જૂની ઓળખાણ છે.’

યુવતીની વાત સાંભળી શરદબાબુ હસ્યા અને પૂછ્યું : 'પણ તેથી હું આપનો ગુરુ, પૂજ્ય અને રક્ષક કેવી રીતે બની ગયો ?'

બંને વિધવાઓએ શરદબાબુને નીચે બેસાડ્યા અને પેલી યુવતીએ ગદ્‌ગદિત કંઠે પોતાના જીવનના રહસ્યની વાત કરતાં કહ્યું : 'મારા પિતા બંગાળના એક શહેરની સુપ્રસિદ્ધ કોલેજના અધ્યાપક હતા અને બાલ્યવયથી જ તેમને મારા પ્રત્યે અનહદ પ્રેમ હતો. મારા કમભાગ્યે હું જ્યારે બે વર્ષની થઈ ત્યારે મારી માતાનું મૃત્યુ થયું અને પિતાએ મને પુત્રની માફક ઉછેરી. જો કે માતાનું સુખ ન મળ્યું પણ પિતાએ માતા બનીને માતાની ખોટ મને જરાએ ન જણાવા દીધી.'

'સત્તર વર્ષની વયે મારાં લગ્ન થયાં, પણ મારા ભાગ્યમાં જેમ માતાનું સુખ ન હતું તેમ પતિનું સુખ પણ ન હતું. લગ્ન પછી માત્ર છ માસમાં જ ત્રણ દિવસની માંદગીમાં મારા પતિનું દુ:ખદ અવસાન થયું અને હું વિધવા થઈ. મારા દુ:ખ અને સંતાપનો કોઈ પાર ન રહ્યો. મારા પિતાને પણ મારા પતિના મૃત્યુનો અસહ્ય આઘાત થયો, પણ તેઓ ભારે જ્ઞાની અને સમજુ હતા. હું સાસરેથી મારા પિતૃગૃહે પાછી ફરી અને વૈધવ્યના દુ:ખને પચાવવા અને વિસરવા મારા પિતાએ મને પુનઃ અભ્યાસ કરાવવાનું શરૂ કર્યું. અભ્યાસમાં મેં મારું મન ઓતપ્રોત કર્યું અને પિતાના રક્ષણ અને સહાય વડે મારું દુ:ખ ભૂલવા હું પ્રયત્નો કરવા લાગી.'

'પિતા જે કોલેજમાં અધ્યાપક હતા તે કોલેજનો એક યુવાન વિદ્યાર્થી અમારે ત્યાં રહેતો અને ભણતો. અમારા ઘરનું

બધું કામકાજ પણ તે કરતો અને પિતાને તેની પર પુત્ર માફકનો રાગ હતો. મારા અભ્યાસની બાબતમાં હું કોઈ કોઈ વખત તેની સહાય લેતી. તેનું જ્ઞાન અને સમજાવવાની શૈલી અનુપમ હતા. આ રીતે અભ્યાસમાં સહાય લેવાના કારણે અમારે વધુ નિકટ આવવાનું બનતું અને પરિણામે અમારી વચ્ચે એક પ્રકારનું અનોખું આકર્ષણ ઉત્પન્ન થયું. અમે બંનેએ આ પ્રકારના આકર્ષણને શરૂઆતમાં તો ટાળવા પ્રયત્ન કર્યો, પરંતુ મારામાં કાંઈક વધુ પડતી નબળાઈ હતી. આ પરિસ્થિતિ લાંબો ટાઈમ ચાલુ રહે તો તેનું પરિણામ પતનમાં આવે એમ વિચારી પેલા છોકરાએ મને શીખવવા સ્પષ્ટ ના પાડી દીધી. પિતાને આ હકીકતનો આછો ખ્યાલ આવ્યા વિના ન રહ્યો અને દીર્ઘદૃષ્ટિ વાપરી તેમણે મને મારા મોસાળ મોકલાવી દીધી. મોસાળ આવી અને પેલા છોકરાથી આ રીતે જુદી પડ્યા છતાં આકર્ષણ ઘટવાને બદલે ઊલટું વધતું ચાલ્યું. ઘણી વખત જેનું આપણે વિસ્મરણ ઇચ્છતા હોઈએ, તેની જ સતત યાદ આપણને પજવતી રહે છે. એ છોકરો મને સ્વપ્નમાં આવવા લાગ્યો અને મેં તેની સાથે છૂપો પત્રવ્યવહાર શરૂ કર્યો. અંતે જે નબળાઈ મારામાં હતી, તેનો ચેપ પેલા છોકરાને પણ લાગ્યો અને મોસાળમાંથી અમારે બંનેએ સાથે નાસી જઈ લગ્ન કરી લેવાં એવી એક યોજના કરી. મારા મોસાળના ગામમાં એ છોકરો આવ્યો અને અમે બંનેએ છૂપી રીતે મળી એક રાતે નાસી જવાનો દિવસ નક્કી કર્યો. અમારા બંનેની ટિકિટો તે લઈ આવ્યો અને વહેલી સવારના ત્રણ વાગ્યાની ગાડીમાં ચાલી જવાનો પ્રોગ્રામ હતો. જે રાતે ચાલી

જવાનું હતું તે રાતે ઉંઘ ન આવી જાય તે માટે મારા મામાના દિકરાને એક રસમય નવલકથા પુસ્તકાલયમાંથી લઈ આવવા મેં કહ્યું. મામાના નિવાસસ્થાન નીચે પાછલી તરફના ઓરડામાં હું સૂતી, ત્યાં પેલા છોકરાએ રાતે બે વાગે આવવું અને બારણા પર બે ટકોરા મારવા એટલે હું બારણું ઉઘાડીશ અને સામાનની બેગ સાથે તૈયાર રહીશ એવું અમે નક્કી કર્યું હતું.'

'તે રાત મને બરોબર યાદ છે. રખેને ઉંઘ આવી જાય એ ભયે નવલકથા વાંચતી હું પલંગમાં પડી રહી. એ નવલકથા તમારી લખેલી 'ચારિત્રહીન' હતી. રાતે બે વાગે એ પુસ્તક પૂરું થવા આવ્યું. તમારી નવલકથાનું પાત્ર પેલી કિરણમયીએ, નાસી જવાના મારા નિર્ણયના ચૂરેચૂરા ઉડાવી દીધા. કિરણમયી અને દિવાકરની દુર્દશાનું આબેહૂબ જીવન્ત ચિત્ર મારી નજર સમક્ષ ખડું થયું, અને હું કેવું નિંદ્ય અને અધમ પાપકૃત્ય કરવા તૈયાર થઈ છું તે વાત મને સમજાણી. રાતના બરોબર અઢી વાગે પેલો યુવાન શેરીના નાકે ટાંગાને ઊભો રાખી આવી પહોંચ્યો અને બારણે ટકોરા માર્યા. ઓરડાનું દ્વાર તો મેં ન ઉઘાડ્યું પણ બારી ઉઘાડી. બારી વચ્ચે સળિયા હતા, પણ દીવાના ઝાંખા પ્રકાશમાં અમે એક બીજાને જોઈ શકતાં હતાં. તેણે કહ્યું કે ટાંગો રસ્તા પર રાખ્યો છે અને સમય થઈ ગયો હોવાથી વગર વિલંબે આપણે રવાના થઈ જવું જોઈએ.' મેં આંખમાં અશ્રુ સાથે કહ્યું : 'ભાઈ! આપણું આવું પગલું સમાજ અને ધર્મ વિરોધી છે એટલું જ નહિ પણ જે પિતાએ મને પુત્રની માફક ઉછેરી

છે, તેના વિશ્વાસનો ઘોર દ્રોહ કરનારું છે. અસત્ય અને ખોટા માર્ગે જઈ કોઈ પણ વ્યક્તિ કાયમ માટે સુખી રહી શકે નહીં, આ વાત મોડી મોડી પણ મને બરોબર સમજાઈ ગઈ છે. આપણી વચ્ચે જે બની ગયું છે તે ભૂલી જઈ સંપૂર્ણ રીતે નિષ્પાપ જીવન જીવવાનો મેં નિશ્ચય કરી લીધો છે. તે યુવાન ઘડી બે ઘડી તો નિરાશ અને હતાશ બની શૂન્યચિત્ત ઊભો રહ્યો, પરંતુ અંતે તો તેને પણ મારો નિર્ણય સાચો લાગ્યો અને મને વંદન કરી ચાલી ગયો. તે પછી, હું મારી વિધવા બહેન સાથે અહીં જ રહું છું. તે દિવસે જો આપની 'ચારિત્રહીન'ની કિતાબ મને ન મળી હોત, અને પેલા છોકરા સાથે નાસી ગઈ હોત તો આજે મારી શી સ્થિતિ હોત, તેની કલ્પના કરતાં પણ કંપી ઊઠું છું. પ્રત્યક્ષ રીતે નહિ, પણ પરોક્ષ રીતે મારા જીવન પર તમારો જે અપૂર્વ ઉપકાર થયો છે, તે માટે આ રીતે આજે તમારો આભાર માનવાની મને જે તક મળી છે તેને પણ પરમકૃપાળુ પરમાત્માની હું પ્રસાદી જ માનું છું !'

યુવાન વિધવા બહેનની આવી વાત સાંભળી શરદબાબુ વિસ્મિત થયા અને તેને આનંદ થયો કે તેની 'ચારિત્રહીન' નવલકથાએ એક સ્ત્રીને અધઃપતનના માર્ગે જતી બચાવી લીધી.

માનવ અને પશુ વચ્ચે મૂળભૂત ભેદ એ છે કે, પશુઓ પોતાની વૃત્તિ મુજબ જીવે છે જ્યારે માનવને વિચાર કરવાની અદ્ભુત શક્તિ પ્રાપ્ત થયેલી છે જે દ્વારા, એ પોતાની વૃત્તિઓનું શુદ્ધિકરણ કરી મુક્તિપદ પામવાનો અધિકારી પણ બની શકે છે. પરંતુ ધંધાના મોટા સોદામાં જેમ મોટા

લાભની શકયતા રહેલી છે તેમ મોટા નુકસાનની પણ શકયતા રહેલી હોય છે. આ રીતે માનવને પ્રાપ્ત થયેલી આ અદ્દભુત વિચારશકિતની બીજી બાજુ પણ છે. વૃત્તિઓનું શુદ્ધિકરણ કરવાને બદલે વૃત્તિઓને પોષી વાસનાતૃપ્તિના માર્ગે જો તે વળે, અને વિચાર શકિતનો દુરૂપયોગ કરી અધમ પાપકૃત્યો કરતો થઈ જાય, તો મુકિતપદને બદલે સાતમી નરકનો અધિકારી પણ તે બની જવા પામે છે. આ દ્રષ્ટિએ જોતાં, માણસને પણ સંસ્કાર પામેલા પશુની ઉપમા આપી શકાય. નરક અને દેવયોનિ કરતાં માનવયોનિને શ્રેષ્ઠ માનવામાં આવી છે, પરંતુ તેમ છતાં નરક અને દેવોનાં જીવાત્માઓએ આયુષ્ય પૂર્ણ થતાં નરકમાં જ્યારે નથી જવું પડતું, ત્યારે માનવીને જીવન જીવતાં ન આવડે તો તેના પરિણામે અધમમાં અધમ ગતિ એટલે સાતમી નરકે પણ જવું પડે છે. સિંહ જેવા હિંસક પ્રાણીને પણ જ્યારે મૃત્યુ બાદ ચોથી ઉપરની નરકમાં નથી જવું પડતું, ત્યારે માણસનો જીવાત્મા તેનાથી નીચેની ગતિમાં જવાની શકયતા ધરાવે છે, એ હકીકત માનવી તરીકે જીવવામાં કેટલું બધું સાવચેત રહેવું જરૂરી છે તેનો નિર્દેશ કરે છે. માત્ર માનવયોનિ પ્રાપ્ત થવાથી જીવનમરણના ચક્રનો અંત નથી આવી શકતો, કારણ કે એમ તો આપણો જીવાત્મા અનંતીવાર માનવજન્મ પ્રાપ્ત કરી ચૂકયો છે. જીવન-મરણના ચક્રમાંથી મુક્ત બનવા માટે તો માનવતા પ્રાપ્ત કરવાની રહે છે. તેથી જ ધર્મશાસ્ત્રોએ કહ્યું કે माणुस्सं खलु दुल्लहं માત્ર માનવયોનિ નહિ પણ મનુષ્યત્વ પામવાની બાબત જ દુર્લભ છે.

આવી બાબતમાં સાધુઓ અને સંતોનો સમાગમ તેમજ 'ઉચ્ચ કોટિનું' સાહિત્ય બહુ મદદરૂપ બનતું જોઈ શકાય છે.

('જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકા' જુલાઈ, ૧૯૭૦)

## ૨૯. નીતિ અને ચારિત્રભ્રષ્ટતા

છેલ્લાં ૫૦-૬૦ વરસમાં ચારિત્ર બળ અને નૈતિક બાબતમાં આપણી પ્રજાનું કેવું ઘોર પતન થયું છે, તે નીચેના એક પ્રસંગ પરથી સમજી શકાશે.

ઈ. સ. ૧૯૧૩ની આ વાત છે. એ વખતે મુંબઈ શહેરમાં સરકારી ન્યાયખાતાના ઉચ્ચ અધિકારથી નિવૃત્ત થયેલા **શ્રી દયારામ ગિદુમલ** રહેતા હતા. તે વખતે તેઓની ઉંમર સાઠથી વધુ વર્ષની હતી અને તેઓ નીતિ-ચારિત્રથી એક સંત મહાત્મા પુરુષ જેવો આદર લોકમાં પામેલા હતા. તેઓ અત્યંત વિદ્વાન, પ્રતિભાશાળી, પવિત્ર તેમજ સેવાભાવી હતા. મુંબઈની સામાજિક, શૈક્ષણિક અને અન્ય સંસ્થાઓમાં તેઓ આગેવાનીભર્યો ભાગ લેતા હતા તેમજ મહાન સમાજ સુધારક હતા. સિંધની પ્રજાને તો તેમના ઉત્તમ ચારિત્ર વિષે શંકા કરવી એ પણ પાપ કાર્ય ગણાતું.

શ્રી દયારામ સ્વ. સાક્ષર **શ્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા**ના અંગત મિત્ર હતા અને તેમને ઘેરે અવારનવાર જતા. શ્રી દયારામે મુંબઈમાં સોશિયલ સર્વિસ લીગની સ્થાપના કરેલી અને તે સંસ્થાના તેઓ મુખ્ય કાર્યકર હતા. શ્રી દયારામને શ્રી નરસિંહરાવને ત્યાં તેમની ૨૬ વર્ષની પુત્રી ઊર્મિલા સાથે ઓળખાણ થઈ અને ઊર્મિલા પણ એ સંસ્થાના એક કાર્યકર તરીકે જોડાઈ. આ કારણે તેઓ બંનેને નિકટ પરિચયમાં આવવાનું બન્યું અને પરિણામે બંને વચ્ચે platonic love (પુરુષ અને સ્ત્રી વચ્ચે જાતિય વાસનારહિત

નિષ્કામ પ્રેમ દ્વારા જે મૈત્રી ઉત્પન્ન થાય છે તેને મનોવિજ્ઞાનની પરિભાષામાં પ્લેટોનિક લવ કહેવાય છે. પરંતુ મનોવિશ્લેષણની એક વિચારદૃષ્ટિએ આવા પ્રેમની વાત એક અત્યંત વિવાદાસ્પદ હકીકત છે) થયો, જે પાછળથી પ્રણયમાં પરિણમ્યો. પરિણામે ઊર્મિલાએ માબાપની રજા લીધા વગર તેમને અંધારામાં રાખી છૂપી રીતે દયારામ સાથે તા. ૩-૪-૧૯૧૩ ના રોજ લગ્ન કરી લીધાં. આ કિસ્સાની અત્યંત કરૂણ બાબત તો એ હતી કે આ લગ્ન વખતે શ્રી દયારામનાં પ્રથમ પત્ની હયાત હતાં અને દયારામ અને ઊર્મિલાની વય વચ્ચે મોટું અંતર હતું.

બંને પાત્રો અત્યંત સંસ્કારી, અભ્યાસી, ઉચ્ચ કુટુંબનાં અને પ્રતિષ્ઠિત હતાં, એટલે જ્યારે આ લગ્નની વાત બહાર આવી ત્યારે એ સમાચારે મુંબઈ શહેરમાં ભારે ખળભળાટ મચાવી દીધો. શ્રી નરસિંહરાવની રોજનીશી પરથી એટલું તો નિઃસંદેહ પુરવાર થાય છે કે નરસિંહરાવને કે એમનાં પત્ની સુશીલાબહેનને લેશ પણ શંકા આવી નહોતી, કે ઊર્મિલા તરફ પિતાના જેવો ભાવ રાખનાર દયારામ એની જોડે લગ્ન કરશે, અગર તો દયારામ પ્રત્યે પુત્રીવત્ સંબંધ રાખનાર ઊર્મિલાના હૃદયમાં એ પૂજ્ય વ્યક્તિ પ્રત્યે લગ્ન સંબંધમાં પરિણમે તેવો સ્નેહ ઉત્પન્ન થશે.

ત્રીજી ઍપ્રિલે લગ્ન કરી લીધાં હોવા છતાં દયારામ અને ઊર્મિલાએ આ વાત બહાર પડવા ન દીધી અને માબાપથી પણ ખાનગી રાખી. નરસિંહરાવનું કુટુંબ તથા દયારામ અને ઊર્મિલા તા. ૧૬–૪–૧૯૧૩ના દિવસે દાર્જીલિંગ હવાફેર અર્થે ગયાં. ત્યાં તા. ૨૫–૪–૧૯૧૩ના દિવસે દયારામે એક પત્ર લખી નરસિંહરાવને આ લગ્નની વાત જણાવી છેલ્લે

લખ્યું કે : I admit I have violated the law of the world we move in; for that law gives no right to an old man–to love a young woman. And for that violation I am willing to be punished by the world and by you." અર્થાત્ હું કબૂલ કરું છું કે જે જગતમાં આપણે રહીએ છીએ તે જગતના કાયદાનું મેં ઉલ્લંઘન કર્યું છે, કારણ કે એ કાયદો એક વૃદ્ધ માણસને એક યુવાન સ્ત્રી સાથે પ્રેમ કરવાનો અધિકાર આપતો નથી, અને આવા ઉલ્લંઘન માટે હું ઇચ્છું છું કે જગત અને તમે ( નરસિંહરાવ ) મને શિક્ષા કરો.

શ્રી દયારામને થયેલ આવો અસહ્ય આઘાત પોકળ ન હતો. પોતાનાથી થઈ ગયેલી ભૂલનો પશ્ચાતાપ કરી તરત જ તમામ જાહેર પ્રવૃત્તિઓમાંથી, સમાજજીવનમાંથી, તેઓ નિવૃત્ત થઈ ગયા અને પોતાની મિલકતની ફારગતી પાંચ રૂપિયાના સ્ટેમ્પના કાગળ પર લખી નાખી. પોતાના ટ્રસ્ટની મિલકત છોડી દીધી એટલું જ નહિ પણ વડીલોપાર્જિત સર્વ મિલકત પરથી પોતાનો સંપૂર્ણ હક્ક છોડી દીધો. દયારામ અને ઊર્મિલાનો આધાર માત્ર દયારામના પેન્શન પર જ રહ્યો. આ લગ્નને એક મહાન અપરાધી કૃત્ય માની દયારામે સંપત્તિનો ત્યાગ અને પોતે પોતાની જાતે જ પોતાનો સમાજ બહિષ્કાર કરી, શેષ જીવન ખૂણો પાળનારી વિધવાની જેમ એકાંતવાસ અને શોક પાળ્યાં. માનવી માત્ર ભૂલને પાત્ર છે. પાપકૃત્ય માટે આઘાત થાય અને એ આઘાતમાંથી વેદના અને પશ્ચાત્તાપ ઉત્પન્ન થવા પામે, તો એવા પશ્ચાત્તાપરૂપી અગ્નિમાં ગમે તેવા પાપોનો નાશ કરવાની શક્તિ છે. બ્રાહ્મણ, સ્ત્રી, બાળક

Beauty lies partly in him who sees it હું પોતે જ દુર્ગંધથી ભરેલો હોઉં તો ચારે તરફથી મને દુર્ગંધની જ વાસ આવવાની. હું વિકૃત મનોદશા ધરાવતો હોઉં અને જાતિય વાસનાથી પીડાતો હોઉં, તો મને પણ એમજ લાગશે કે રામાયણનું પાત્ર લક્ષ્મણ વાસનાયુક્ત હોવાના કારણે, માતાસમાન ભાભી સામે અવિકારી દૃષ્ટિએ જોઈ જ શકતો ન હતો. રાવણ જ્યારે જ્યારે સીતાની સમક્ષ જઈ ઊભો રહેતો, ત્યારે ત્યારે તેને સીતામાં પોતાની માતાની આકૃતિનાં દર્શન થતાં અને વીલે મોંઢે તે પાછો ફરી જતો, એવી વાત રામાયણમાં આવે છે. હવે આ નવી રામાયણ શોધનારાઓનાં મોંની રેખાઓ અને આંખોના ભાવો બારીકાઈથી અભ્યાસની દૃષ્ટિએ જોવા પ્રયત્ન કરજો, તો ત્યાં વિકૃતિનું એક વિરાટ સ્વરૂપ તમારી નજર સમક્ષ આવીને ઊભું રહેશે.

ભારતના માજી રાષ્ટ્રપતિ અને પ્રખર વિદ્વાન ડૉ. **રાધાકૃષ્ણને** તેમના એક પુસ્તકમાં એક સુંદર વાત કહેતાં સાચું જ કહ્યું છે કે: "એક રીતે આપણે આપણા પૂર્વજો કરતાં ઊતરતા છીએ એમ ચોક્કસપણે કહી શકાય. આપણે રૂઢિઓને અનુસરતા નથી એ મુશ્કેલી નથી. પણ આપણે બહુ જ સામાન્ય શક્તિના માણસો છીએ એ મુશ્કેલી છે. આપણા જીવન અને વિચારણામાં ક્ષુલ્લકતા સ્પષ્ટ દીસી આવે છે. આ ભયંકર ઉણપમાંથી જો આપણી પેઢીને બચાવવી હોય તો આપણે જે માર્ગ પસંદ કરીએ તે માર્ગે વીરતાપૂર્વક પુરુષાર્થ કરવા મંડી જવું જોઈએ. ખડતલપણું, તિતિક્ષા, સંયમ, ત્યાગ, માનવભાવ, સહિષ્ણુતા—ટૂંકમાં સ્વીકાર અને સાહસના નિયમને સ્વીકાર્યા વિના વીરત્વ ન સંભવે."

('જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકા' સપ્ટેમ્બર ૧૯૭૦)

# શીલધર્મની કથાઓ

ભાગ ૧-૨

શીલ અને ધર્મનો માર્ગ બતાવતી
ભાવવાહક અને અત્યંત મનનીય
—ચાલીસ કથાઓ—

ક્રાઉન સોળ પેજી ૪૫૦ થી વધુ પાનાં-સુંદર જેકેટ

મૂલ્ય રૂપિયા પાંચ

: લેખક :
શ્રી. મનસુખલાલ તારાચંદ મહેતા

: પ્રકાશક :
શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ
૭૭, મારવાડી બજાર, મુંબઈ-૨.

## શ્રમણ સંઘના પૂજ્ય મુનિ મહારાજ સાહેબો અને પૂજ્ય સાધ્વીઓના મનનીય અભિપ્રાયો

'ધર્માનુરાગી શ્રીયુત મનસુખલાલ તારાચંદ મહેતાની કલમથી ગુજરાતી ભાષામાં તૈયાર થયેલ આ 'શીલધર્મની કથાઓ' એ નામનો ગ્રંથ આજની ઊગતી પ્રજાના જીવન-ઘડતરમાં અત્યંત ઉપયોગી થાય તેવો ધર્મકથાનુયોગનો સુંદર ગ્રન્થ છે.'

પ. પૂ. આ. વિજયધર્મસૂરિજી મહારાજ

ચેમ્બુર–મુંબઈ. પોષ સુ. ૭ સં ૨૦૨૩.

'વર્તમાન પ્રજાને રૂચિકર બને એ હેતુને લક્ષ્યમાં રાખી આ લખેલી આ બોધક અને પ્રેરક કથાઓ આબાલગોપાલ વર્ગના યથાયોગ્ય કલ્યાણમાં યથોચિત ફાળો આપ્યા વિના નહિ રહે.'

મુંબાઈ ૬–૫–૭૦ શ્રી યશોવિજયજી મહારાજ

'પુસ્તક મેં વાંચ્યું. લેખકે ખૂબ સરસ બોધક ભાષામાં શીલધર્મની સુગંધ ફેલાવી છે. વર્તમાનકાળમાં સદાચારનો ભીષણ દુષ્કાલ પડયો છે અને આ પરિસ્થિતિમાં આ પુસ્તક અમૃતવર્ષા સમાન ઉપયોગી સિદ્ધ થશે.'

મુંબઈ, ૨૬–૪–૭૦ મુનિ શ્રી પદ્મસાગર–'પંકજ.'

'આ પુસ્તક જેના ઘરમાં જશે એ પુસ્તક તરીકે નહીં પણ ઘરના એક આભૂષણ તરીકે જનતા અપનાવશે. આજના ભૌતિકવાદના જમાનામાં જ્યારે આત્મિક ધર્મનો લગભગ લોપ થયો છે ત્યારે આવું સાહિત્ય બહુ જ કિંમતી છે.'

ફાગણ વદિ ૮, સં ૨૦૨૩ મુનિશ્રી પૂર્ણાનન્દવિજયજી મહારાજ

(કુમાર શ્રમણ)

'પ્રત્યેક કથામાં આપના લખાણની શૈલી રોચક, સુવાચ્ય (સામાને કંટાળો ન આપે તેવું) ને વિશેષ તો ટૂંકામાં રહસ્ય ગર્ભિત દર્શિત કરેલું દેખી શક્યો છું જે અન્ય વિરલ વ્યક્તિમાં સંભવી શકે.'

વરાણીયા તા. ૪–૯–૭૦ **મુનીશ્રી પુણ્યવિજયજી.**

બાલાઓનાં સંસ્કાર – અધ્યયન – સત્રના નિર્માતા સાહિત્ય-રત્ન, ભાષારત્ન પૂ. સાધ્વી શ્રી નિર્મળાશ્રીજી એમ. એ. અમદાવાદથી લખે છે કે :–"સાધનાના માર્ગે દૃઢતાપૂર્વક પ્રયાણ કરનારા મહાપુરૂષોના જીવન–વૃતાન્તથી પરિપૂર્ણ 'શીલધર્મ કથા' અર્વાચીન યુગમાં અતિ પ્રેરણાદાયી યશસ્વી કૃતિ છે. મનને વાસનામાંથી ઉપાસનામાં લઈ જવાનું, અંધ-કારમાંથી પ્રકાશને શોધવાનું, અસત્યમાંથી સત્ય તરફ દોરવાનું અને સંસ્કારો તથા વિચારોને ઉર્ધ્વગામી બનાવવાનું લેખકની વાર્તાઓમાં સારૂં બળ છે. લેખકને મારાં હાર્દિક ધર્મલાભ."

પ્રવચન પ્રભાવક પૂ. સાધ્વીશ્રી મૃગાવતીજી બેંગલોરથી લખે છે કે :–"શીલધર્મની કથાઓ સચ્ચારિત્રવાન્ ધર્મનિષ્ઠ શ્રી. મનસુખલાલભાઈ તા. મહેતાની સુલેખની દ્વારા તૈયાર થયેલ આ ગ્રંથ સૌ કોઈના ચારિત્ર નિર્માણ, માનવતાના ગુણોનો વિકાસ અને ધર્મભાવનાની વૃદ્ધિમાં વિશેષ ઉપયોગી થાઓ! એ જ શુભેચ્છા."

સુપ્રસિદ્ધ લેખિકા અને વિદુષી પૂ. સાધ્વીશ્રી સૂર્યશિશુ-શ્રી [illegible]સાસથી લખે છે કે :—

"સંસારની કથા માનવીના જીવન ઘડતરમાં જયારે વ્યથા રૂપ બની જાય છે ત્યારે માનવી સ્વયં આ કથાઓના

કિનારાને વળગીને આગળ વધી શકે છે. કથાના પ્રસંગો કડવા, ક્રુર કે કોમળ યા કરુણાસભર હોય ત્યારેય પણ લેખકનો આંતરિક 'કલ્યાણનો શુભ ભાવ'નો સાદ સંભળાતો જ રહે છે. તેથી વાચકહૈયાંને તે વધુ સ્પર્શી જાય છે."

શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છીયા વિદ્વાન સાધ્વીશ્રી સુનંદાશ્રીજી લખે છે કે :- "કથાઓ એવી સરલ અને સહેલી ભાષામાં છે કે સાધારણ બુદ્ધિવાળાને પણ તરત સમજ પડે. જીવનના ઘડતરમાં વિપત્તિમાં અને આત્મદૃઢતામાં પુસ્તક ઘણું જ ઉપયોગી નિવડશે. શાસ્ત્રીય, ઐતિહાસિક અને અર્વાચીન કથાઓથી પુસ્તક સમૃદ્ધ બનેલું છે. જનતા ઉપર મહાન્ ઉપકાર કર્યો છે."

બાળ બ્રહ્મચારિણી અને વિદુષી પૂ. સાધ્વીશ્રી સદ્ગુણાશ્રીજી સાવરકુંડલાથી લખે છે કે :-"શીલધર્મની કથામાં લેખકનું જીવન બોલે છે. એમના જાગૃત જીવન્ત જીવનમાંનો શીલ સંસ્કારનો એમાં મધુર રણકો છે. સાથે શીલ સંસ્કારની મધમધતી સુગંધી છે. આ શીલ સુગંધ પવનની જેમ પ્રજા જીવનમાં પ્રસરાવવા રસમય પવિત્ર કથાસાહિત્ય આજના યુગની માંગ પૂરી પાડે છે."

પરમ પૂજ્ય સાધ્વીશ્રી પ્રિયંવદાશ્રીજી, દોલતનગર-બોરીવલી (મુંબઈ)થી લખે છે કે :-"શીલધર્મની કથાઓ ભાગ ૧-૨ પુસ્તક સાદ્યંત વાંચ્યું. વાંચતાં ખૂબ આનંદ અનુભવ્યો ને થયું કે ખરેખર આ જડવાદના જમાનામાં અને સદાચારના ભયંકર દુષ્કાળમાં અમૃતની વર્ષાતુલ્ય આજની ઊગતી પ્રજાના જીવનઘડતરમાં અત્યંત ઉપયોગી નીવડે તેવો આ ગ્રંથ છે. વાંચતાં પુસ્તક છોડવાનું મન થાય તેવું નથી. શીલધર્મની કથા એટલે શીલની જ સુગંધ પ્રસારાવી છે. વધારે શું લખું?"

---

# પાશવ વૃત્તિઓનું ઉચ્ચતર વૃત્તિઓમાં રૂપાંતર

"દરેક આત્મા અણવિકસેલી વ્યક્તિ છે. એ પાશવ-વૃત્તિઓથી પૂર્ણપણે મુક્ત નથી, છતાં ઉચ્ચતર વૃત્તિઓમાં તેનું રૂપાંતર કરવાને એ શક્તિમાન છે. આત્માની જરૂરિયાતોને પ્રથમ સ્થાન આપવું જોઈએ એ વસ્તુ જો આપણે આનંદ-પૂર્વક સ્વીકારી લઈએ અને તેના નિયમો અનુસાર આપણી પ્રકૃતિનો નિગ્રહ કરીએ તો આપણે વિકાસ સાધી શકીએ. આપણે આપણી રસવૃત્તિ બદલીએ અને આપણા સુપ્ત માનસને નવેસરથી કેળવીએ તો જ આપણે વાસના પ્રધાન મટી આધ્યાત્મિક બની શકીએ. એનો અર્થ એ થયો કે આપણે સંયમ અને શિસ્ત પાળવાં જોઈએ. આપણી નૈસર્ગિક વૃત્તિથી પર થવાના પ્રયત્નમાં ડગલે ને પગલે ભારે પ્રલોભનો અને તેની સામે ઝૂઝવાનું રહેલું છે. પરંતુ આપણા વ્યક્તિત્વની પરિપૂર્ણતા માટે એ આવશ્યક છે. જો કે આ પ્રયત્ન આપણી પાસે ભારે ભોગ માગે છે, છતાં તેનો બદલો પણ એવો જ મહાન છે."

ડૉ. રાધાકૃષ્ણન.

# પાશવ વૃત્તિઓનું ઉચ્ચતર વૃત્તિઓમાં રૂપાંતર

"દરેક આત્મા અણવિકસેલી વ્યક્તિ છે. એ પાશવ-વૃત્તિઓથી પૂર્ણપણે મુક્ત નથી, છતાં ઉચ્ચતર વૃત્તિઓમાં તેનું રૂપાંતર કરવાને એ શક્તિમાન છે. આત્માની જરૂરિયાતોને પ્રથમ સ્થાન આપવું જોઈએ એ વસ્તુ જો આપણે આનંદ-પૂર્વક સ્વીકારી લઈએ અને તેના નિયમો અનુસાર આપણી પ્રકૃતિનો નિગ્રહ કરીએ તો આપણે વિકાસ સાધી શકીએ. આપણે આપણી રસવૃત્તિ બદલીએ અને આપણા સુપ્ત માનસને નવેસરથી કેળવીએ તો જ આપણે વાસના પ્રધાન મટી આધ્યાત્મિક બની શકીએ. એનો અર્થ એ થયો કે આપણે સંયમ અને શિસ્ત પાળવાં જોઈએ; આપણી નૈસર્ગિક વૃત્તિથી પર થવાના પ્રયત્નમાં ડગલે ને પગલે ભારે પ્રલોભનો અને તેની સામે ઝૂઝવાનું રહેલું છે. પરંતુ આપણા વ્યક્તિત્વની પરિપૂર્ણતા માટે એ આવશ્યક છે. જો કે આ પ્રયત્ન આપણી પાસે ભારે ભોગ માગે છે, છતાં તેનો બદલો પણ એવો જ મહાન છે."

ડૉ. રાધાકૃષ્ણન.